بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

બફ્યઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧/ઓગસ્ટ/૨૦૧૮**

ઝિલ ક઼અદ-ઝિલ હજ્જ

હિજરી સન : ૧૪૩૯

વર્ષ : ૧૫, અંક : ૦૮, સળંગ અંક : ૧૭૬

**સ્થાપક અને પ્રકાશક**

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



**પત્ર વ્યવહારનુ સરનામું**

**બરકાતે ખ્વાજા (માસિક)** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


**માનદ તંત્રી**

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** (B.Sc.)




## ● અનુક્રમણિકા ●


01 હજ્જ તથા ઝિયારતના અઘધ... ફઝાઈલ ! 04

02 કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન 08

03 (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત 11

04 હદાઈકે બખ્શિશ 14

05 સીરતે રસૂલે મુખ્તાર ﷺ 18

06 વિશ્વના સર્વશ્રેષ્ઠ સુસંસ્કારી માનવી : પયગમ્બરે ઈસ્લામ ﷺ 21

07 તઝકેરતુલ અવલિયા 24

08 હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત 26

09 અંબિયા علیہ السلام થકી વિસાલ બાદ હજ્જ તથા ઉમરા કરવાની સાબિતી 29

10 કુર્બાની વિશે મસાઈલ 32

11 મોડર્ન એજ્યુકેશનની સંસ્થાઓ સ્થાપવી અનિવાર્ય છે 35

12 અરબોંકી દૌલત કિસ તરહ લુટ રહી હે ? 37

13 ઈલ્મ પામવાની રાહમાં તકલીફો અને આપણા બુઝુર્ગો 40


14 ગૈર મુકલ્લિદોના ગુમરાહ કરનાર અકીદા 44

15 બરકાતે ખ્વાજાની ટપાલ 48


## દિલ કી યે આરઝૂ હૈ દરે મુસ્તફા મિલે

અઝ : હઝરત હસ્નૈનમિયાં નઝમી મારેહરવી رضی اللہ عنہ

દિલ કી યે આરઝૂ હૈ દરે મુસ્તફા મિલે
અબ ઈસ કે આગે ઔર દુઆ ક્યા હો ક્યા મિલે
રાહે ખુદા મેં વક્ફ કરેં સારી ઝિંદગી
યા રબ હમેં ભી જઝબએ શેરે ખુદા મિલે
મોમિન વહી હૈ જો કે ફના ફિર્રસૂલ હો
ઈશ્કે નબી જો પા લે ઉસી કો ખુદા મિલે
સરકાર ઈસ ગુલામ પે હો જાએ એક નઝર
બસ એક કબ્ર ભર કી મદીને મેં જા મિલે
કલમા પઢે રસૂલ કા ઔર ગાલિયાં ભી દે
હૈરાન હૂં કે ઐસોં કો કૈસી સઝા મિલે
તબ્લીગે દીં કી આડ મેં ફૈલાએ નજદિયત
ઐસે મુનાફિકીન સે મેરી બલા મિલે
રબ કે કરમ સે હમ કો હિદાયત કે વાસ્તે
અજમેર વાલે હઝરત ખ્વાજા પિયા મિલે
ઈશ્કે રસૂલે પાક સે સરશાર કર દિયા
રેહબર કે રૂપ મેં હમેં અહમદ રઝા મિલે
આસાન પુલ સિરાત હો 'નઝમી' કે વાસ્તે
આમીન જિબ્રઈલ સે મેરી દુઆ મિલે



# હજ્જ તથા ઝિયારતના અધધ... ફઝાઈલ !

તંત્રી લેખ...

જે ખુશ અક઼ીદા મુસલમાન હજ્જ તથા ઝિયારતે હરમૈન શરીફૈન જઈ રહ્યા છે તેઓ ખૂબ ખૂબ મુબારકબાદને પાત્ર છે. કેમ કે ખુશનસીબને જ આ સફરની રબ તઆલા તૌફીક઼ આપે છે. એની બેહદ ફઝીલતો કુર્આન હદીષમાં વર્ણવવામાં આવેલ છે.

રબ તઆલાનો હુકમ છે : وَلِلّٰهِ عَلَى النَّاسِ حِجُّ الْبَيْتِ مَنِ اسْتَطَاعَ اِلَيْهِ سَبِيْلًا "અને અલ્લાહ તઆલાના માટે લોકો પર આ ઘરનો હજ્જ કરવો છે જે એના સુધી ચાલી શકે." *(સૂરએ આલે ઈમરાન, ૩/૯૭)* આર્થિક, શારીરિક શક્તિવાન અન્ય રુકાવટો ન હોય તો તેણે હજ્જ કરવો જીવનમાં એકવાર ફર્ઝ છે. હજ્જની ફર્ઝિયતનો મુન્કિર "કાફિર" છે.

## દરેક ડગલા પર સિત્તેર વરસની ઈબાદતનો સવાબ !

નબી કરીમ عليه الصلوة والسلام એ ફર્માવ્યું, જ્યારે મુસલમાન હજ્જના ઈરાદાથી નીકળે છે તો તે ગુનાહોથી એવો નીકળી જાય છે જેવી રીતે હમણા પેદા થયો હોય, અને તેને દરેક ડગલાના બદલામાં ૭૦ વરસની ઈબાદતનો સવાબ મળે છે, ત્યાં સુધી કે તે પોતાના ઘરે પરત આવી જાય. જેથી એની દુઆને ગનીમત સમજો કેમ કે એની દુઆ ક઼બૂલ કરવામાં આવે છે. *(નુઝહતુલ મજાલિસ, ૧/૬૦૬)*

કોને ખબર હાજી હજ્જ દરમ્યાન કેટલાં ડગલાં ચાલતો હશે ! પણ દરેક ડગલાના બદલામાં ૭૦ વરસની ઈબાદતનો સવાબ મળે છે. તો હાજીએ ભલે મક્કા શરીફ પહોંચીને પણ શક્ય હોય તો મિના, અરફાત, મુઝદલ્ફાથી મિના થઈને પરત મક્કા પગપાળા જ સફર કરવો જોઈએ જેથી ખૂબ જ અધિક પ્રમાણમાં નેકીઓ પામી શકે. રબ તઆલા આપણને વારંવાર આ તૌફીક઼ નસીબ કરે. (આમીન)

નબી કરીમ ﷺ એ ફર્માવ્યું, હજ્જે મબરૂર (મક઼બૂલ હજ્જ)નો બદલો જન્નત છે. *(તિબ્રાની)* નબી કરીમ عليه الصلوة والسلام એ ફર્માવ્યું, જો કોઈ મુજાહિદ અથવા હાજી કલમો પઢતાં પઢતાં અથવા *લબ્બૈક અલ્લાહુમ લબ્બૈક* પુકારતો પુકારતો ઘરેથી નીકળ્યો તો સૂરજ આથમતા પહેલાં પહેલાં તે ગુનાહોથી પાક સાફ થઈ જાય છે.

## હઝરત સુલૈમાન عليه السلام અને મક્કા મદીનાની હાજરી

એકવાર હઝરત સુલૈમાન عليه السلام પોતાના લશ્કરની સાથે બયતુલ્લાહ શરીફ થઈને પસાર થયા. ત્યાંના લોકોને મૂર્તિપૂજામાં સપડાયેલા જોયા તો કા'બા રડવા લાગ્યો અને અલ્લાહ તઆલાની બારગાહમાં અર્ઝ કરવા લાગ્યો, યા અલ્લાહ ! હઝરત સુલૈમાન عليه السلام અને તેમની ક઼ૌમ મારા નજીકથી પસાર થઈ પણ તેમણે મારો તવાફ કરવાનો પસંદ ન કર્યો, જ્યારે કે તે તારા એક સાચા નબી અને એમના ઉમ્મતી તારા વલી છે.

અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, સબ્ર કર ! એ સમય આવવાનો છે કે મારો સૌથી પ્યારો નબી મોકલીશ

અને તેના ઉમ્મતીઓના સજદાઓથી તને ભરી દઈશ. તેઓ અહીં મારી ઈબાદત ઘણા શોખથી કરશે અને તેમના પર એક ઈબાદત કાયમ માટે ફર્ઝ ઠરાવી દઈશ. તે મારા માટે એવા વ્યાકૂળ બનશે જેવી રીતે ઊંટણી પોતાના બાળકો માટે અને કબૂતરી પોતાનાં ઈંડાં માટે વ્યાકૂળ બને છે. અને તને મૂર્તિઓથી પાક કરી દઈશ. પછી હઝરત સુલૈમાન علیہ السلامને હુકમ થયો કે તેઓ મક્કા મુકર્રમા જાય, ત્યાં કુર્બાની કરે. જેથી આપે એવું જ કર્યું. કા'બાની આસપાસ પાંચ હજાર ઊંટણીઓ, પાંચ હજાર ગાયો, વીસ હજાર બકરીઓની કુર્બાની કરી. પછી મદીના મુનવ્વરાના સ્થળે હાજર થયા અને પોતાના સાથીઓને ફર્માવ્યું, આ નબી આખિરુઝ્ઝમાં صلی اللہ علیہ وسلمના હિજરતનું સ્થળ છે, જે એમના પર ઈમાન લાવશે અને તેમનું સમર્થન કરશે તેને જન્નતની બશારત આપુ છું.

*–(નુઝહતુલ મજાલિસ, ૧/૬૦૭)*

## હજ્જ કરવાવાળા અલ્લાહના મહેમાન છે !

નબી કરીમ علیہ التحیۃ والتسلیم ફર્માવે છે, હજ્જ તથા ઉમરા કરવાવાળા અલ્લાહ તઆલાના મહેમાન હોય છે. તેઓ જે કાંઈ માગે છે તે તેમને અર્પણ થાય છે. તેમની જે દરખાસ્ત હોય છે તે કૃબૂલ થાય છે અને જે તેઓ ખર્ચ કરે છે તો એક એક દિરહમના બદલે દસ દસ લાખ દિરહમ અતા થાય છે. *(બયહક઼ી)*

વર્ણવવામાં આવે છે કે બયતુલ્લાહ શરીફ પર પ્રથમ નજર પડતી વખતે જે દુઆ કરવામાં આવે તેને અલ્લાહ તઆલા કૃબૂલ ફર્માવે છે. હઝરત સઈદ બિન મુસૈયબ رضی اللہ عنہ ફર્માવે છે કે કા'બા પર જે ઈમાન તથા સચ્ચાઈની સાથે નજર કરે છે તે ગુનાહોથી એવો નીકળી જાય છે જેમ કે આજે જ પેદા થયો હોય. *(કુર્તબી)*

જેથી હાજીઓએ જોઈએ કે મક્કા મુકર્રમાના કૃયામ દરમ્યાન એક એક ઘડીને ગનીમત સમજે અને તેની કૃદર કરે, તેને ટોળે ટપ્પે બેસી દુનિયાભરની ચિંતા કરવામાં નહીં પણ પોતાની આખેરતની ફિકર કરીને ઉમરા, તવાફ, ઈબાદત, તિલાવત, તૌબા, ઈસ્તિગફારમાં ગુજારે. કા'બા શરીફની ઝિયારત કર્યા કરે, દુઆઓમાં સમય પસાર કરે જેથી રબના ઈનામોથી માલામાલ થતો રહે. પોતાને ગુનેહગાર આજિઝ બંદો સમજીને રબથી તૌબા કર્યા કરે પોતાની ઔલાદ, કુટુંબીઓ, સગાંઓ તથા સર્વ મુસ્લિમ જગત માટે દુઆએ ખૈર કર્યા કરે.

## હઝરત ઈબ્રાહીમ علیہ السلام તથા એમની આલ પર દુરૂદ શા માટે ?

હઝરત નસફી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ વર્ણવે છે કે હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ દુઆ કરી, ઈલાહી ! ઉમ્મતે મુહમ્મદિયહમાંથી જેટલા વૃદ્ધો હજ્જ કરે તેમના બારામાં મારી શફાઅત કૃબૂલ ફર્માવ. હઝરત ઈસ્માઈલ علیہ السلامએ કહ્યું, ઈલાહી ! ઉમ્મતે મુહમ્મદીમાંથી જેટલા યુવાનો હજ્જ કરે તેમના હક્કમાં મારી શફાઅત કૃબૂલ ફર્માવ. હઝરત ઈસ્હાક઼ علیہ السلامએ કહ્યું, ઉમ્મતે મુહમ્મદીમાં જેટલા આધેડ વયના હજ્જ કરે તેમના હક્કમાં મારી શફાઅત કૃબૂલ ફર્માવ. હઝરત સારાહ رضی اللہ عنہاએ અર્ઝ કરી, ઉમ્મતે મુહમ્મદીમાં જેટલી સ્ત્રીઓ હજ્જ કરે તેમના હક્કમાં મારી સિફારિશ કૃબૂલ ફર્માવ. હઝરત હાજરા رضی اللہ عنہاએ અર્ઝ કરી, યા અલ્લાહ ! ઉમ્મતે મુહમ્મદીમાં જેટલા ગુલામ તથા બાંદીઓ છે તેમના હક્કમાં મારી શફાઅત કૃબૂલ ફર્માવ. તો એ જ દુઆઓના બદલામાં નબી કરીમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, મારા ઉમ્મતીઓ ! તમે નમાઝોમાં હઝરત ઈબ્રાહીમ علیہ السلام તથા આલે ઈબ્રાહીમ પણ સલામ મોકલો.

## કા'બા શરીફ રોઝએ અત્હરની ઝિયારતે !

''શરફુલ મુસ્તફા''માં છે કે કા'બા શરીફ અલ્લાહ તઆલાથી નબી કરીમ عليه الصلوة والسلامના રોઝએ અત્હરની ઝિયારતનો તાલિબ થશે. અલ્લાહ તઆલા તેને ઈજાઝત અતા ફર્માવશે. કા'બા શરીફ બારગાહે મુસ્તફામાં હાજર થઈને સલામ અર્ઝ કર્યા બાદ કહેશે, યા રસૂલલ્લાહ ! ﷺ આપ ત્રણ શખ્સોની ફિકર ન કરશો : (૧) જેણે મારો તવાફ કર્યો. (૨) બીજો તે જે ઘરથી મારા તવાફ માટે નીકળ્યો અને પહોંચી ન શક્યો. (૩) જેણે કેવળ મારી ઝિયારતની ખ્વાહિશ કરી પણ તેને મોક઼ો ન મળી શક્યો. હું તે સૌની મગફિરતની સિફારિશ કરીશ. *(નુઝહતુલ મજાલિસ, ૧/૬૧૦)*

## અરફાતમાં હાજીને બશારત તથા શૈતાનની હાયવોય !

નબી કરીમ ﷺએ ફર્માવ્યું, લોકો ! આજના (અરફાતના) દિવસે અલ્લાહ તઆલાએ તમારા પર ફખ્ર કર્યો અને બંદાઓના હક્ક઼ોના સિવાય તમારા પર જેટલા ગુનાહો હતા તેને બખ્શી આપ્યા. જેથી અલ્લાહ તઆલાનું નામ લઈને દુઆ કરો, અલ્લાહ તઆલા તમારા પર રહમત ફર્માવશે.

શૈતાન અરફાતના પહાડની આડમાં પોતાના લશ્કરને સાથે લઈને ઉભો ઉભો જોયા કરે છે કે અરફાતમાં રોકાનારાઓ સાથે શું મામલો રબ ફર્માવે છે. જ્યારે અરફાતવાળાઓ પર રબ પોતાની રહમતની વર્ષા વરસાવે છે તો શૈતાનો ચીસો પાડવા લાગે છે, હાય વોય કરે છે બલ્કે માતમ કરતા કરતા ભાગવા લાગે છે. *(તિબ્રાની)*

હઝરત ઈબ્ને ખારૂદ رضي الله عنه વર્ણવે છે : હું એક સાથી સાથે ઈલ્મ પ્રાપ્તિ માટે નીકળ્યો. અરફાની સાંજે અમો ક઼ૌમે લૂતના એક શહેરથી પસાર થયા. મેં મારા સાથીને શહેર (જ્યાં અઝાબ ઉતરેલો) તેને જોવા અને જોઈને રબનો શુક્ર અદા કરવા કહ્યું કે રબે આપણને અઝાબથી બચાવ્યા છે. અમે શહેરમાં ફરી રહ્યા હતા ત્યાં એક દાઢી મૂંડો ધૂળમય ચહેરોવાળો જોયો. પૂછયું તો ખબર પડી કે તે શૈતાન છે. તે કહેવા લાગ્યો, અરફાતથી આવુ છું અને જે લોકોને મેં ૫૦થી અધિક વરસો સુધી ગુનાહોમાં જકડી રાખ્યા હતા આજે તેમના પર પણ અલ્લાહની રહમતનો સાયો થઈ ગયો. જેથી ત્યાંથી પરેશાન હાલ ધૂળ ઉડાડતો આ તરફ આવ્યો જેથી આ અઝાબ પામેલાઓને જોઈને મારુ દિલ ઠંડુ કરી શકું. *(નુઝહતુલ મજાલિસ, ૧/૫૯૦)*

## ક઼યામતના દિવસે દરેક વાળના બદલામાં એક નૂર અતા થશે !

હાજીઓ ૧૦મી ઝિલહજજના મુઝદલ્ફાથી ફજર પઢીને મિના જવા રવાના થાય છે. ઝવાલથી પહેલાં મોટા શૈતાનને સાત કાંકરીઓ માર્યા બાદ કુર્બાની કરીને પછી પુરૂષ હાજીઓ માથુ મૂડાવે છે. તો આ માથુ મૂડાવવાની ફઝીલત શું છે તે જોઈ લો.

નબી કરીમ عليه التحية والتسليمએ હઝરત ઓબાદા બિન સામિત رضي الله عنهને ફર્માવ્યું, તમારા માથુ મૂંડાવવા પર જેટલા વાળો જમીન પર પડે છે, ક઼યામતના દિવસે એટલા જ નૂરો તમને અતા કરવામાં આવશે. (સુબ્હાનલ્લાહ)

હજ્જે બયતુલ્લાહ પછી ખુશ અક઼ીદા મુસલમાનો ખુશી ખુશી સરકારે દો આલમ ﷺની બારગાહમાં હાજરી આપે છે, તો બદઅક઼ીદા વહાબીઓ તેમને એનાથી રોકવા વિવિધ વસવસા ખડા કરે તેવી વાતો પોતાની

કિતાબોમાં તથા બયાનોમાં ફેલાવતા રહે છે. પણ આવો ! સરકારે દો આલમ ﷺ પોતાના રોઝા મુબારકની હાજરી સંબંધે શું ફર્માવે છે.

## જેણે હજ કરી અને રોઝએ રસૂલ પર હાજર ન થયો તેણે જુલ્મ કર્યો !

ઓયૂનુલ મજાલિસમાં છે : નબી કરીમ ﷺએ ફર્માવ્યું, "મારા વિસાલ બાદ જેણે મારા રોઝએ અન્વરની ઝિયારત કરી તેણે જાણે કે મારી જિંદગીમાં મારી ઝિયારત કરી." તેમજ ફર્માવ્યું, "જેણે હજ કરી અને મારા મઝાર શરીફ પર હાજર ન થયો તેણે મારાથી જફા (જુલ્મ) કરી."

હઝરત ઈસ્હાક બિન સિનાન رحمۃ اللہ علیہ વર્ણવે છે કે, મેં નબી કરીમ ﷺના રોઝાએ પાકની સિત્તેર વખતે ઝિયારત કરી, અને મેં જ્યારે પણ અર્ઝ કરી *અસ્સલામુ અલૈક યા રસૂલલ્લાહ !* તો આપે જવાબ ઈનાયત ફર્માવ્યો : *અલૈકસ્સલામ યા ઈબ્ને સિનાન !* *(નુઝહતુલ મજાલિસ, ૧/૬૧૮)*

ફર્માવ્યું : જે હરમૈન શરીફૈન, મક્કા મુકર્રમા અથવા મદીના તયબહમાં ઈન્તેક઼ાલ કરશે, તે ક઼યામતના દિવસે અમ્નવાળાઓ સાથે હશે. *(બયહક઼ી)*

બદબખ્ત વહાબીઓ હુઝૂર ﷺના મવાજહે અક઼દસ પર, રોઝા મુબારક સામે હાથ ઉઠાવીને દુઆ માગવા નથી દેતા, બલ્કે એવો બકવાસ કરે છે કે નબી તો દુનિયાથી જતા રહ્યા, હવે એમનામાં કોઈ ઈખ્તિયાર નથી...વગેરે, એમના માટે નીચેનો ઐતિહાસિક બનાવ ઈબ્રત લેવા જેવો તથા સુન્નીઓના ઈમામને મજબૂત કરનારો છે.

## મઝાર મુબારકથી નબી કરીમ ﷺનો હાથ મુબારક જાહેર થયો !

હઝરત શયખ સાલેહ સૈયદી અહમદ કબીર રિફાઈ رضی اللہ عنہ દર વરસે હાજીઓના થકી બારગાહે રસૂલે કરીમ علیہ الصلوٰۃ والسلامમાં સલામ પેશ કર્યા કરતા હતા. પછી અલ્લાહ તઆલાએ જ્યારે તેમને હજ તથા ઝિયારતનો મોક઼ો નસીબ ફર્માવ્યો તો આપે મવાજહે અક઼દસની સામે ઉભા રહીને અર્ઝ કરી : "યા રસૂલલ્લાહ ! ﷺ દૂરીની હાલતમાં હું મારી રૂહને મોકલ્યા કરતો હતો, જે મારી નાયબ બનીને મારા તરફથી ક઼દમબોસીનો શરફ પામતી રહેતી. અને હવે તો આ શરીરને હાજરીની મહાન નેઅમત હાંસલ થઈ છે. જરા જમણા હાથને લંબાવો જેથી મારા હોટો એના ફયૂઝાનથી ફયઝયાબ થાય. આ કહેવુ હતું કે નબી કરીમ علیہ التحیۃ والتسلیمનો દસ્તે અક઼દસ જાહેર થયો અને તેમણે પોતાના હોઠોને બોસા વડે મુશર્રફ કર્યા. *(નુઝહતુલ મજાલિસ, ૧/૬૧૮)*

આ બાબતોથી ઈન્કાર ન કરવો જોઈએ કેમ કે ઈન્કારનો અંજામ બુરા ખાત્મા પર થતો હોય છે. વિના શંકાએ નબી કરીમ علیہ الصلوٰۃ والسلام પોતાના મઝારે અક઼દસમાં ઝિંદા છે, સાંભળે છે, જુએ છે અને આપના રોઝએ અક઼દસથી નેઅમતો મળતી રહે છે કેમ કે આપ ક઼ાસિમે નેઅમત છે.

એ જ પ્રમાણે ગૌષે પાક સરકારે બગદાદ رضی اللہ عنہ માટે પણ આ જ પ્રકારનો બનાવ કિતાબોમાં વર્ણન થયેલ છે. તેમજ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہને પણ જાગતામાં હુઝૂર ﷺએ દીદાર બખ્શ્યો છે. *વો સૂએ લાલાઝાર ફિરતે હૈં...* નઅત શરીફનો આ આખરી શેઅર દીદાર પહેલાં જ લખાયેલો છે કે :–

*કોઈ ક્યૂં પૂછે તેરી બાત 'રઝા'–તુઝસે કુત્તે હઝાર ફિરતે હૈં !*

કુર્આને પાકની તફસીર



# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

સૂરએ આ'લે ઈમરાન મદીના તય્યિબામાં ઉતરી, એમાં ૨૦૦ આયતો, ૪૮૦ શબ્દો, અને ૧૪૫૨૦ અક્ષરો છે.

لَيْسُوْا سَوَآءً ؕ مِنْ اَهْلِ الْكِتٰبِ اُمَّةٌ قَآىِٕمَةٌ يَّتْلُوْنَ
اٰيٰتِ اللّٰهِ اٰنَآءَ الَّيْلِ وَ هُمْ يَسْجُدُوْنَ ﴿۱۱۳﴾ يُؤْمِنُوْنَ
بِاللّٰهِ وَ الْيَوْمِ الْاٰخِرِ وَ يَاْمُرُوْنَ بِالْمَعْرُوْفِ وَ
يَنْهَوْنَ عَنِ الْمُنْكَرِ وَ يُسَارِعُوْنَ فِی الْخَيْرٰتِ ؕ وَ
اُولٰٓىِٕكَ مِنَ الصّٰلِحِيْنَ ﴿۱۱۴﴾ وَ مَا يَفْعَلُوْا مِنْ خَيْرٍ
فَلَنْ يُّكْفَرُوْهُ ؕ وَ اللّٰهُ عَلِيْمٌۢ بِالْمُتَّقِيْنَ ﴿۱۱۵﴾ اِنَّ
الَّذِيْنَ كَفَرُوْا لَنْ تُغْنِیَ عَنْهُمْ اَمْوَالُهُمْ وَ لَاۤ
اَوْلَادُهُمْ مِّنَ اللّٰهِ شَيْـًٔا ؕ وَ اُولٰٓىِٕكَ اَصْحٰبُ النَّارِ ۚ
هُمْ فِيْهَا خٰلِدُوْنَ ﴿۱۱۶﴾ مَثَلُ مَا يُنْفِقُوْنَ فِیْ هٰذِهِ
الْحَيٰوةِ الدُّنْيَا كَمَثَلِ رِيْحٍ فِيْهَا صِرٌّ اَصَابَتْ
حَرْثَ قَوْمٍ ظَلَمُوْۤا اَنْفُسَهُمْ فَاَهْلَكَتْهُ ؕ وَ مَا
ظَلَمَهُمُ اللّٰهُ وَ لٰكِنْ اَنْفُسَهُمْ يَظْلِمُوْنَ ﴿۱۱۷﴾ يٰۤاَيُّهَا
الَّذِيْنَ اٰمَنُوْا لَا تَتَّخِذُوْا بِطَانَةً مِّنْ دُوْنِكُمْ لَا
يَاْلُوْنَكُمْ خَبَالًا ؕ وَدُّوْا مَا عَنِتُّمْ ۚ قَدْ بَدَتِ

## સૂરએ આલે ઈમરાનની તફસીર

*બધા એક સરખા નથી, કિતાબવાળાઓમાં અમુક તે છે કે (જેઓ) હક઼ પર ક઼ાયમ છે[37] અલ્લાહની આયતો પઢે છે રાતની પળોમાં અને સિજદા કરે છે[38] (૧૧૩) અલ્લાહ અને પાછલા દિવસ પર ઈમાન લાવે છે. અને ભલાઈનો હુકમ અને બુરાઈથી મના કરે છે[39] અને નેક કામો પર દોડે છે. અને એ લોકો લાયક છે. (૧૧૪) અને તે જેઓ ભલાઈ કરે તેમનો હક્ક઼ મારવામાં નહીં આવે. અને અલ્લાહ જાણે છે ડરવાવાળાઓને[40] (૧૧૫) તેઓ જે કાફિર બન્યા તેમના માલ અને ઔલાદ[41] તેમને અલ્લાહથી કંઈ (પણ) બચાવશે નહીં, અને તેઓ જહન્નમી છે. તેમને હમેશાં તેમાં રહેવાનું[42] (૧૧૬) દૃષ્ટાંત તેમનું જે આ દુનિયાની જિંદગીમાં[43] (દુનિયાની જિંદગી માટે) ખર્ચ કરે છે તે હવા જેવું છે જેમાં હીમ હોય. તે એક એવી કોમની ખેતી પર પડી જે પોતાનું જ બુરુ કરતા હતા, તો તેનો તદ્દન નાશ કરી નાખ્યો[44] અને અલ્લાહે તેમના પર જુલ્મ ન કર્યો. હા ! તેઓ પોતાના જ જીવ પર જુલ્મ કરે છે. (૧૧૭) અય ઈમાનદાર ! પારકાઓને પોતાના રાઝદાર (જાણભેદુ) ન બનાવો[45] તેઓ તમારી બુરાઈમાં કમી નથી કરતા. તેઓની તમન્ના છે જે કાંઈ દુ:ખ તમને પહોંચે, અને તેમની વાતોથી*

الْبَغْضَآءُ مِنْ اَفْوَاهِهِمْ ۚ وَ مَا تُخْفِيْ صُدُوْرُهُمْ
اَكْبَرُ ؕ قَدْ بَيَّنَّا لَكُمُ الْاٰيٰتِ اِنْ كُنْتُمْ تَعْقِلُوْنَ ﴿١١٨﴾
هٰۤاَنْتُمْ اُولَآءِ تُحِبُّوْنَهُمْ وَ لَا يُحِبُّوْنَكُمْ وَ تُؤْمِنُوْنَ
بِالْكِتٰبِ كُلِّهٖ ۚ وَ اِذَا لَقُوْكُمْ قَالُوْۤا اٰمَنَّا ۚۖ وَ اِذَا خَلَوْا
عَضُّوْا عَلَيْكُمُ الْاَنَامِلَ مِنَ الْغَيْظِ ؕ قُلْ مُوْتُوْا
بِغَيْظِكُمْ ؕ اِنَّ اللّٰهَ عَلِيْمٌۢ بِذَاتِ الصُّدُوْرِ ﴿١١٩﴾ اِنْ
تَمْسَسْكُمْ حَسَنَةٌ تَسُؤْهُمْ ۖ وَ اِنْ تُصِبْكُمْ سَيِّئَةٌ
يَّفْرَحُوْا بِهَا ؕ وَ اِنْ تَصْبِرُوْا وَ تَتَّقُوْا لَا يَضُرُّكُمْ
كَيْدُهُمْ شَيْـًٔا ؕ اِنَّ اللّٰهَ بِمَا يَعْمَلُوْنَ مُحِيْطٌ ﴿١٢٠﴾

*અદેખાઈ છલકાઈ ઉઠી, અને તે[૪૬] જે છાતીમાં (તેમણે) સંતાડયું છે (તે તો) વધારે મોટુ છે, અમે નિશાનીઓ તમને ખોલીને સંભળાવી દીધી જો તમને બુદ્ધિ હોય[૪૭] (૧૧૮) સાંભળો છો ! આ તમે (એવા) છો (કે) તમે તો તેમને ચાહો છો[૪૮] અને તેઓ તમને ચાહતા નથી[૪૯] અને હાલત એ છે કે તમે બધી કિતાબો પર ઈમાન લાવો છો[૫૦] અને તેઓ જ્યારે તમને મળે છે (ત્યારે) કહે છે અમે ઈમાન લાવ્યા[૫૧] અને એકાંતમાં હોય તો તમારા પર ક્રોધથી આંગળાં કરડે, તમે ફર્માવી દો કે મરી જાવ પોતાના ગુંગળાટમાં[૫૨] અલ્લાહ ખૂબ જાણે છે દિલોની વાત (૧૧૯) તમને કાંઈ ભલાઈ પહોંચે તો તેમને બુરું લાગે[૫૩] અને તમને બુરાઈ પહોંચે તો તેના પર ખુશ થાય, અને જો તમે સબ્ર અને પરહેઝગારી કર્યે રાખો[૫૪] તો તેમના દાવો તમારું કશું બગાડશે નહીં, બેશક ! તેમના બધાં કામો ખુદાના ઘેરામાં છે (૧૨૦)*

## :: સમજૂતી ::

**૩૭ : શાને નુઝૂલ :** જ્યારે હઝરત અબ્દુલ્લાહ બિન સલામ અને તેમના સાથીદારો ઈમાન લાવ્યા ત્યારે યહૂદી ધર્મગુરૂઓ અદેખાઈથી બોલ્યા કે આપણામાંથી જે મુહમ્મદ ﷺ પર ઈમાન લાવ્યા છે તે ખરાબ લોકો છે. જો ખરાબ ન હોત તો પોતાના બાપ દાદાનો ધર્મ ન છોડતે, તે બાબત આ આયત ઉતારવામાં આવી.

અતા (મુફસ્સિર)નું કથન છે કે مِنْ اَهْلِ الْكِتٰبِ اُمَّةٌ قَآئِمَةٌથી નજરાનના ૪૦, હબશા (એરીટેરીયા)ના ૩૨૨ અને રોમના ૮ તે પુરૂષો મુરાદ છે જે પહેલાં દીને ઈસવી (ક્રિશ્ચિયન) પર હતા પછી સૈયદે આલમ ﷺ પર ઈમાન લાવ્યા.

**૩૮ :** અર્થાત નમાઝ પઢે છે. એનાથી ક્યાં તો ઈશાની નમાઝ મુરાદ છે, જે અહલે કિતાબ નથી પઢતા અથવા તહજ્જુદની નમાઝ.

**૩૯ :** અને દીનની બાબતમાં ઢીલી નીતિ નથી રાખતા.

**૪૦ :** યહૂદીઓએ અબ્દુલ્લાહ બિન સલામ અને તેમના સાથીદારોને કહ્યું કે તમે દીન ઈસ્લામ સ્વીકારીને ખોટમાં ગયા છો, ત્યારે અલ્લાહ તઆલાએ તેમને ખબર આપી કે તેઓ ઉચ્ચ દરજ્જાઓને લાયક ઠર્યા અને પોતાની નેકીઓનો બદલો મેળવશે, યહૂદીઓની બકવાસ અર્થહિન છે.

**૪૧ :** જેમના પર તેમને ખૂબ ગર્વ છે.

**૪૨. શાને નુઝૂલ :** આ આયત બનૂ કુરૈઝા અને નઝીર (કબીલાઓ) બાબત ઉતરી, યહૂદી સરદારોએ માલ અને જાગીરદારી પ્રાપ્ત કરવા રસૂલે

કરીમ ﷺ સાથે દુશ્મની કરી હતી, અલ્લાહ તઆલાએ આ આયતમાં ફર્માવ્યું કે તેમનો માલ અને ઔલાદ કંઈ કામ લાગશે નહીં, તેઓ રસૂલની દુશ્મનીમાં નાહક઼ પોતાની આક઼ેબત બર્બાદ કરી રહ્યા છે.

એક કથન એવું છે કે આ આયત કુરૈશના મુશ્રિકો વિશે ઉતરી, કારણ કે અબૂ જહલને પોતાની દોલત અને માલ પર ઘણો ઘમંડ હતો, અને અબૂ સુફયાન બદ્ર અને ઉહદ (ની લડાઈઓ)માં મુશ્રિકો માટે ખૂબ વધારે માલ ખર્ચ કર્યો હતો.

એક કથન એવું છે કે આ આયત તમામ કાફિરો માટે સામાન્ય છે. તે બધાને બતાવવામાં આવ્યું છે કે માલ અને ઔલાદમાંથી કશું પણ કામ આવનાર અને અઝાબે ઈલાહીથી બચાવનાર નથી.

**૪૩** : તફસીરકારોનું કહેવું છે કે આનાથી યહૂદીઓનો તે ખર્ચ મુરાદ છે જે તેઓ પોતાના ધર્મગુરુઓ અને સરદારો માટે કરતા હતા.

એક કથન એવું છે કે કાફિરોના બધા જ ખર્ચાઓ મુરાદ છે, એક કથન એવું છે કે રિયાકારનો ખર્ચ મુરાદ છે, કારણ કે આ તમામ લોકોનું ખર્ચ કરવું ક્યાં તો દુનિયાના નફા માટે હશે અથવા દીનના ફાયદા માટે. જો ફક્ત દુનિયાના ફાયદા માટે હોય તો આખિરતમાં એનાથી શું ફાયદો ? અને રિયાકારનો તો આખિરત અને ખુદાની રઝામંદી મકસદ જ નથી હોતો, તેનું કામ તો દેખાવ કરતા પૂરતું જ હોય છે, એવા અમલનો આખિરતમાં શું ફાયદો ? અને કાફિરોના તે તમામ અમલ નિષ્ફળ છે, તે તો આખિરતની નિય્યતથી ખર્ચ કરે તો પણ ફાયદો પામી શકતા નથી, એ લોકો માટે તે દ્રષ્ટાંત બિલ્કુલ બંધબેસતુ છે જે આયતમાં બયાન કરવામાં આવ્યું છે.

**૪૪** : એટલે કે જેવી રીતે હીમ ખેતીને બર્બાદ કરી નાખે છે તેવી જ રીતે કુફ્ર ખર્ચ કરેલાને તારાજ કરી નાખે છે.

**૪૫** : તેમની દોસ્તી ન કરો, પ્રેમ સંબંધો ન રાખો, તેઓ વિશ્વાસપાત્ર નથી.

**શાને નુઝૂલ** : અમુક મુસલમાનો યહૂદીઓ સાથે સગાઈ સંબંધો મિત્રતા અને પડોશી હોવાના કારણે મેળ મિલાપ રાખતા હતા તેમના માટે આ આયત ઉતરી.

**મસ્અલો** : કાફિરો સાથે દોસ્તી અને મહોબ્બત કરવી અને તેમને પોતાના રહસ્યભેદુ બનાવવા નાજાઈઝ અને મના છે.

**૪૬** : દુશ્મની અને અદેખાઈ.

**૪૭** : તો તેમની સાથે દોસ્તી ન કરો.

**૪૮** : રિશ્તેદારી અને દોસ્તી વિગેરેના સંબંધોના કારણે.

**૪૯** : અને ધાર્મિક પાયા પર તમારી સાથે દુશ્મની રાખે છે.

**૫૦** : અને તેઓ તમારી કિતાબ પર ઈમાન ધરાવતા નથી.

**૫૧** : એ હાલત મુનાફિકોની છે.

**૫૨** : મરી જા જેથી છૂટકારો પામે અય હસદ કરનાર ! કારણ કે હસદ એક એવું દુઃખ છે કે એની તકલીફથી છૂટવાનો મોત સિવાય અન્ય કોઈ માર્ગ નથી.

**૫૩** : અને તેથી તેઓ નારાજ થાય છે.

**૫૪** : અને તેમની સાથે મિત્રતા અને મહોબ્બત ન કરો.

**મસ્અલો** : આ આયતથી જાણવા મળ્યું કે દુશ્મનના મુકાબલામાં સબ્ર અને તક઼્વો કામ આવે છે.

# દર્સે હદીષે પાક

## મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

## એટલે મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

કાર્યાલય

***હદીષ :*** *એમનાથી જ રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, ''મુનાફિકો માટે ફજર તથા ઈશાથી વધુ કોઈ નમાઝ ભારે (અઘરી) નથી[1]. અને જો જાણતા કે એ બંનેવમાં શું સવાબ છે તો ઘસેડાઈને પણ એમાં પહોંચતા.'' (મુસ્લિમ, બુખારી)*

*હઝરત ઉષ્માનથી ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જે ઈશાની નમાઝ જમાઅત સાથે પઢે તો જાણે તે અડધી રાત ઈબાદતમાં ઉભો રહ્યો અને જે ફજર જમાઅતમાં પઢે તો જાણે તેણે આખી રાત નમાઝ પઢી[2]. (મુસ્લિમ)*

*હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ગામડાવાસી લોકો તમારી મગરિબની નમાઝના નામ પર ગલ્બો ન મેળવી લે. રાવીએ ફર્માવ્યું કે ગામડાવાસી એને ઈશા કહેતા હતા[3]. અને ફર્માવ્યું કે ગામડાવાસી તમારી ઈશાની નમાઝના નામ પર ગાલિબ ન આવી જાય, કેમ કે એ અલ્લાહની કિતાબમાં ઈશા છે[4]. અને ગામડાવાસી ઊંટનું દૂધ દોહવાના કારણે મોડુ કરે છે[5]. (મુસ્લિમ)*

*હઝરત અલી رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ખંદકના દિવસે ફર્માવ્યું[6] તેમણે અમને વચલી નમાઝ એટલે કે અસરની નમાઝથી રોકી દીધા. ખુદા એમનાં ઘર તથા કબ્રો આગથી ભરી દે ![7] (મુસ્લિમ, બુખારી)*

***(બીજો વિભાગ) :*** *હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہ તથા સમુરહ ઈબ્ને જુન્દુબ رضی اللہ عنہથી ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, વચ્ચેની નમાઝ અસ્રની નમાઝ છે[8]. (તિર્મિઝી)*

*હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે તે નબી કરીમ علیہ الصلوٰۃ والسلامથી આ આયતમાં રિવાયત કરે છે કે ફજરની નમાઝ હાજરીનો સમય છે. અને ફર્માવ્યું, એમાં રાત અને દિવસના ફરિશ્તા હાજર થાય છે[9]. (તિર્મિઝી)*

***(ત્રીજો વિભાગ) :*** *હઝરત ઝૈદ બિન ષાબિત رضی اللہ عنہથી રિવાયત છે અને આઈશા સિદ્દીકા رضی اللہ عنہاથી ફર્માવે છે કે વચ્ચેવાળી નમાઝ ઝોહર છે[10]. માલિકે ઝયદથી અને તિર્મિઝીએ એ બંનેવથી તઅલીકન્ રિવાયત કરી[11]. રિવાયત છે ઝૈદ બિન ષાબિતથી, ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺઝોહરની નમાઝ દોપહરીમાં પઢતા હતા[12] અને હુઝૂર علیہ الصلوٰۃ والسلامના સહાબા પર કોઈ નમાઝ એનાથી વધુ અઘરી ન હતી, ત્યારે આ આયત ઉતરી કે સર્વ નમાઝો પર ખાસ કરીને દરમિયાની નમાઝ પર પાબંદી કરો. ફર્માવ્યું, એના પહેલાં પણ બે નમાઝો છે અને એના પછી પણ બે નમાઝો[13]. (અહમદ તથા અબૂ દાઉદ)*

## :: સમજૂતી ::

**૧.** કેમ કે મુનાફિક઼ો કેવળ દેખાવ કરવા ખાતર નમાઝ પઢે છે. અન્ય સમયોમાં તો ખૈર જેમ તેમ કરીને પઢી લે છે પણ ઈશાના સમયે ઊંઘનું સવાર થવું અને ફજરના સમયે ઊંઘની મજા તેમને મસ્ત કરી દે છે. ઈખ્લાસ તથા ઈશ્ક઼ તમામ મુશ્કેલીઓને હલ કરી નાખે છે, તે એમનામાં છે જ નથી જેથી આ બંનેવ નમાઝો તેમને ઘણી જ અઘરી લાગે છે. આ પરથી જણાયું કે **જે મુસલમાન આ બે નમાઝોમાં સુસ્તી કરે તે મુનાફિક઼ો જેવાં કામ કરે છે.**

**૨.** એના બે મતલબ થઈ શકે છે, એક એ કે ઈશાની બાજમાઅત નમાઝનો સવાબ અડધી રાતની ઈબાદતના બરાબર છે અને ફજરની બાજમાઅત નમાઝનો સવાબ બાકીની અડધી રાતની ઈબાદતના બરાબર છે. તો જે આ બે નમાઝો જમાઅતની સાથે પઢી લે એને આખી રાત ઈબાદતનો સવાબ થશે. બીજુ એ કે ઈશાની જમાઅતનો સવાબ અડધી રાતના બરાબર છે અને ફજરની જમાઅતનો સવાબ આખી રાત ઈબાદતના બરાબર છે, કેમ કે આ જમાઅત ઈશાની જમાઅત કરતાં ભારી છે. પ્રથમ અર્થ અધિક મજબૂત છે. જમાઅતથી મુરાદ તકબીરે ઉલા પામવું છે જેવું કે અમુક ઉલમાએ ફર્માવ્યું છે.

**૩.** عشیથી મુસ્તક઼ છે રાતના સમયના અર્થમાં. એટલા માટે કે ખાવાને ઈશા કહેવામાં આવે છે. એટલે કે રાતની પ્રથમ નમાઝ અથવા રાતના ખાવાના સમયની નમાઝ. કેમ કે એમાં દુનિયવી કામની તરફ નિસ્બત છે એટલા માટે એને નાપસંદ કર્યું.

**૪.** કે કુર્આન શરીફમાં છે : من بعد صلوٰۃ العشآء એનાથી જાણવા મળ્યું કે રબનાં આપેલાં નામ બદલવાં ઘણુ જ બુરુ છે. એના પરથી તે લોકો ઈબ્રત (બોધ) પકડે જેઓ ઈસાઈઓના અનુસરણમાં મોમેડન કહે છે. અલ્લાહ તઆલાએ આપણા દીનનું નામ ઈસ્લામ રાખ્યું અને આપણુ નામ મુસ્લિમીન રાખ્યું. ફર્માવે છે : هُوَ سَمّٰکُمُ الْمُسْلِمِیْنَ તથા ફર્માવે છે : اِنَّ الدِّیْنَ عِنْدَ اللّٰہِ الْاِسْلَامُ

**૫.** એટલે કે એ લોકો ઈશાની નમાઝને ઈ઼ત્મહ એટલા માટે કે અતમ્નો અર્થ છે રાતનો અંધકાર, અને નમાઝ નૂર છે. નૂરને અંધકાર કહેવું બુરુ છે. તેમજ એ લોકો એ સમયે પોતાની ઊંટણીઓ દોહતા હતા. તો એનો અર્થ થયો ઊંટ દોહવાના સમયની નમાઝ. એમાં પણ ઈબાદતને આદતની તરફ નિસ્બત છે, જેથી મના છે.

**૬.** એનું નામ ઉઝવહ અહઝાબ છે. કેમ કે એ જેહાદમાં હઝરત સલ્માન ફારસી رضی اللہ عنہના મશ્વરાથી મદીના મુનવ્વરાની હિફાઝતના માટે તેની આસપાસ ખંદક (ખાઈ) ખોદવામાં આવી હતી. એટલા માટે એનું નામ ગઝવએ ખંદક થયું. ઈતિહાસકારો કહે છે કે આ ગઝવહ સ.હિ. ૫માં થયો. પણ ઈમામ બુખારીની તેહક઼ીક઼માં હિ.સ. ૪માં થયો. આ ખંદકને ખોદવામાં ૧૫ થી ૨૦ દિવસનો સમય લાગ્યો. એ વખતે કુરૈશ, અતફાન તથા યહૂદી, મતલબ કે દરેક પ્રકારના કાફિરોએ મળીને મુસલમાનો પર ચઢાઈ કરી હતી, એટલા માટે એને "અહઝાબ" કહેવામાં આવે છે, એટલે કે દરેક પ્રકારના કાફિરોનો હુમ્લો. મુસલમાનો પર એ સમયે ખૂબ જ તંગી હતી. ઘણી જ મહેનત વડે ભૂખ્યા તરસ્યા રહીને ખંદક ખોદી, ત્યાં સુધી કે અમુક દિવસોમાં અધિક મશ્ગૂલિયતને કારણે નમાઝો ક઼ઝા થઈ ગઈ.

**૭.** એટલે કે એમના હુમ્લાના કારણે અમારે ખંદક (ખાઈ) ખોદવી પડી જેમાં મશ્ગૂલિયતને કારણે અમારી નમાઝો, ખાસ કરીને ઈશાની નમાઝ ક઼ઝા થઈ ગઈ. એનાથી જાણવા મળ્યું કે વચ્ચેવાળી નમાઝ જેની કુર્આન શરીફમાં ઘણી જ તાકીદ છે અસ્રની નમાઝ છે. મોટાભાગના ઈમામોનો આ જ ક઼ૌલ છે. આપણા

ઈમામે આ'ઝમ પણ એ જ ફર્માવે છે. યાદ રાખશો કે ગઝવએ ઓહદમાં હુઝૂર ﷺને શારીરિક ઈજા ઘણી જ પહોંચી પરંતુ ત્યાં કાફિરોને એ બદ્ દુઆ ન આપી. પણ અહીં નમાઝો કઝા થવા પર આ બદ્દુઆ આપી. જાણવા મળ્યું કે હુઝૂર ﷺને નમાઝો જાન કરતાં વધુ પ્યારી હતી. તેમજ આ બદ્ દુઆથી ઈઝહારે ગઝબ તથા મલાલ (ગુસ્સો તથા દુઃખ પ્રદર્શિત કરવું) હેતુ છે, હકીકતમાં બદ્ દુઆ આપવાનો હેતુ નથી, એ જ કારણે ગઝવએ ખંદકના કાફિરોમાંથી અમુક લોકો બાદમાં ઈમાન લઈ આવ્યા. જો બદ્દુઆનો હેતુ હોત તો એમનામાંથી કોઈને ઈમાન નસીબ ન થાત. યાદ રાખશો કે આ ગઝવહમાં કેવળ એકવાર અસ્રની નમાઝ કઝા થઈ હતી અને એકવાર ચાર નમાઝો. જેથી બુખારી તથા તિર્મિઝીની રિવાયતોમાં ટકરાવ નથી.

૮. કેમ કે આ નમાઝ દિવસ તથા રાતની નમાઝોના દરમિયાન છે તેમજ એ વખતે દિવસે તથા રાતના ફરિશ્તાઓ જમા થાય છે. તેમજ એ વખતે દુનિયવી કારોબાર અધિક જોર પર હોય છે. એટલા માટે એની તાકીદ અધિક કરવામાં આવી, મોટાભાગના સહાબાનો આ જ કૌલ છે.

૯. એની શરહ પહેલાં ગુજરી ચુકી. હદીષનો મકસદ એ છે કે કુર્આને કરીમમાં કુર્આને ફજરથી મુરાદ ફજરની નમાઝ છે. મશ્હૂદથી મુરાદ દિવસ રાતના ફરિશ્તાઓની હાજરીનો સમય. એટલે કેમ કે ફજરના સમયે બે પ્રકારના ફરિશ્તા એકત્ર થાય છે જેથી એની અધિક પાબંદી કરો. જાણવા મળ્યું કે જે નમાઝમાં અલ્લાહના મકબૂલો હોય તે નમાઝ અધિક કબૂલને પાત્ર છે. જે લોકો કહે છે કે બુઝુર્ગોના મઝારની પાસે અધિક અફઝલ છે અને એટલા માટે બુઝુર્ગોનાં આસ્તાનાઓ પર મસ્જિદો બનાવે છે, એનો માખઝ આ આયત છે.

૧૦. કેમ કે દિવસના મધ્યમાં અદા થાય છે. કદાચ એ બુઝુર્ગોએ ડીક્ષનરીના અર્થના લેહાઝથી એને સલાતુલ વુસ્તા (વચલી નમાઝ) માની. એમના સુધી વર્ણન થયેલ હદીષ ન પહોંચી. સહાબાએ કિરામમાં વચલી નમાઝના બારામાં મોટો મતભેદ છે. અમુકે ફર્માવ્યું કે તે ફજરની નમાઝ છે, અમુકની નજીક ઝોહર, અમુકની નજીક મગરિબ અથવા ઈશા, પણ અસ્રના કૌલને અગ્રતા આપવામાં આવેલી છે.

૧૧. અસ્નાદ વિના હદીષ વર્ણન કરવાને તઅલીક કહે છે : જેમ કે ઈમામ તિર્મિઝી એવું ફર્માવે છે કે હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاએ ફર્માવ્યું.

૧૨. એટલે કે ઠંડી ઋતુમાં, જો ગરમીમાં પઢતા હોય તો કદી કદી જાઈઝ હોવાના વર્ણનને ખાતર. કેમ કે વર્ણન થયેલી હદીષમાં આવી ગયું કે હુઝૂર علیہ الصلوٰۃ والسلام ઠંડી ઋતુમાં ઝોહર જલ્દી પઢતા હતા અને ગરમીની ઋતુમાં મોડેથી પઢતા હતા.

૧૩. એનાથી જાણવા મળ્યું કે વચલી નમાઝ ઝોહરની નમાઝ છે. આ પણ એક કૌલ છે. લગભગ હઝરત ષાબિત એવું પોતાના ઈજતેહાદથી ફર્માવી રહ્યા છે. એટલે દિવસ તથા રાતની એક એક નમાઝ. ઝોહરથી પહેલાં છે ઈશા તથા ફજર, અને એક એક નમાઝ ઝોહર બાદ એટલે અસ્ર તથા મગરિબ.

## ઉર્સે અમીરે અહલે સુન્નત નૂરીબાવા رحمۃ اللہ علیہ

*જુનાગઢ : ખાનકાહે રઝવિયા નૂરિયા તરફથી તા. ૯–૭–૨૦૧૮, સોમવારે સૌરાષ્ટ્રના મશ્હૂર બુઝુર્ગ અમીરે અહલે સુન્નત આકાએ નેઅમત, મખ્ઝને રૂહાનિયત હઝરત અલ્લામા પીર નૂર મુહમ્મદ બાપુ મારફાની ખલીફએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہના ૨૦મા વાર્ષિક ઉર્સ શરીફનું શાનદાર આયોજન મસ્જિદે રઝા તથા આસ્તાના શરીફ પર શાનો શૌકતથી કરવામાં આવેલ. જેમાં મગરિબની નમાઝ બાદ મસ્જિદે રઝાથી એક શાનદાર જુલૂસ હુઝૂર ગુલઝારે મિલ્લત પીરે તરીકત હઝરત અલ્લામા ગુલઝાર અહમદ નૂરી તથા અન્ય ઉલમાએ કિરામ અને સાદાતે કિરામની રાહબરીમાં નીકળી હઝરત પીરના આસ્તાના પર સંદલ શરીફ તથા ચાદરપોશી, સલાતો સલામ બાદ હઝરત ગુલઝારે મિલ્લતે તેમના વજદ આફરીન અંદાજમાં દેશની અમનો શાંતિ તથા હાજર રહેલા મુરીદો તથા અકીદતમંદો માટે દુઆ કરી હતી. ઈશા બાદ ઓલમાએ કિરામની તકરીરો થઈ હતી.*

# હ઼દાઈકે઼ બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**ઉઠા દો પર્દા દિખા દો ચેહરા કે નૂરે બારી હિજાબમેં હૈ**
**ઝમાના તારીક હો રહા હૈ કે મહર કબસે નિક઼ાબમેં હૈ**

*(બારી = પેદા કરનાર, અલ્લાહનું સિફ઼ાતી નામ, મહર = સૂરજ, નિક઼ાબ = મર્દો, તારીક = અંધકાર)*

**અર્થાત** : હે મારા નૂરવાળા પ્યારા આક઼ા ! علیہ الصلوٰۃ والسلام જરા ચહેરેથી પર્દો તો હટાવો, કેમ કે આપનો મુબારક ચહેરો જો પર્દામાં હોય તો જાણે ખુદાનું નૂર પર્દામાં થઈ જાય છે, એટલા માટે કે આપ જ તો નૂરે ખુદા છો. (انا من نور اللہ) અને આપનો ચહેરો મુબારક પર્દામાં હોવાના કારણે એકવાર ફરી જમાના પર જુલ્મ, જેહાલત, બેદીની તથા બદ્ અક઼ીદગીનાં કાળાં વાદળો છવાય ગયાં અને હવે બસ એ જ ઈન્તેઝાર છે કે આસ્માને નબુવ્વતનો આફ઼તાબે આલમતાબ પોતાનો ચહેરો મુબારક પર્દાથી કાઢે અને ચો તરફ નૂર જ નૂર ફેલાય જાય.

સૈયદના હઝરત અબ્બાસ رضی اللہ عنہએ ગઝવએ તબૂક઼થી પરત થતાં હુઝૂર صلی اللہ علیہ وسلمની બારગાહમાં એક નઅતનું નઝરાણુ પેશ કર્યું જેના અમુક શેઅરો આ પ્રમાણે છે :–

تنقل من صلب الی رحم　　اذا مضیٰ عالم بد اطبق
وردت نار الخلیل مکتتما　　فی صلبہ انت کیف تحترق
وانت لما ولدت اشرقت　　الارض وضائت بنورك الافق

"યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم આપ (આદમ علیہ السلام તથા હવ્વા رضی اللہ عنہاથી લઈને હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہ તથા સૈયદ આમિના رضی اللہ عنہا સુધી) એક એક પીઠોએથી પાક ગર્ભોની તરફ તબદીલ થતા રહ્યા, ત્યાં સુધી કે હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ علیہ السلامનો દૌર આવી ગયો અને એમના માટે નમરૂદે આગ જલાવી તો આપનું નૂર તેમની પીઠમાં હોવાથી આગ એમના પર ગુલઝાર બની ગઈ, અને તે સળગવાથી બચી ગયા. અને જ્યારે આપ પેદા થયા તો આપની જમીન આસ્માનો આપના નૂરથી ચમકી ઉઠયાં.

**જલી જલી બૂ સે ઉસકી પૈદા હો સોઝિશે ઈશ્ક઼ ચશ્મેવાલા**
**કબાબા આહૂમે ભી ન પાયા, મઝા જો દિલ કે કબાબમેં હૈ**

*(જલી જલી બૂ = કોઈ ચીજના સળગવાની ગંધ, સોઝિશ = જલન, ચશ્મેવાલા = અઝમતવાળી આંખ, આહૂ = હરણ)*

**અર્થાત** : ઈશ્કે઼ રસૂલ તથા હુઝૂર علیہ الصلوٰۃ والسلامના વિરહની આગમાં દિલના સળગવાની જે હલકી હલકી બૂ

આવી રહી છે એ મારા આક઼ાની મુબારક આંખોના ઈશ્ક઼ની જલનથી પેદા થાય છે. અને આ દિલના ઈશ્કે઼ રસૂલમાં કબાબ થવામાં જે લિજ્જત છે ભલા તે હરણના કબાબોમાં ક્યાંથી હોય શકે છે !

જો વિગતમાં જવા ચાહો તો બિલાલ હબ્શી, સુહૈબ રૂમી, સલ્માન ફારસી, હઝરત ખુબૈબ તથા ખબ્બાસ, હઝરત સુમૈયા તથા જનાબ ઉવૈસ કરની رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની મુબારક જિંદગીઓનો અભ્યાસ કરવામાં આવે અને તેમને પૂછવામાં આવે કે બતાવો હે અલ્લાહના મહબૂબની મહબ્બત તથા ઈશ્ક઼માં જાત જાતની તકલીફો સહન કરનારાઓ ! હુબ્બે નબીમાં જિંદગી કેવી રીતે પસાર થઈ ?

**ઉન્હીં કી બૂ માયએ સમન હૈ, ઉન્હીં કા જલ્વા ચમન ચમન હૈ**
**ઉન્હીં સે ગુલશન મહક રહે હૈં, ઉન્હીં કી રંગત ગુલાબ મેં હૈ**

*(બૂ = ખુશ્બુ, માયએ સમન = ચમેલીનો સરમાયો)*

**અર્થાત :** મારા આક઼ા ﷺના મુબારક પસીનાની ખુશ્બુ ચમેલીના ફૂલનો સરમાયો છે અને બાગો હુઝૂર ﷺના જલ્વાથી જ બાગ બાગ છે. ગુલશન (હસ્તી) એમની જ ખુશ્બુથી મહેકી રહ્યો છે, અને ગુલાબના ફૂલનું હુસ્ન પણ એમના પર નભેલું છે. (ﷺ)

**તેરી જલૂ મેં હૈ માહે તયબહ, હિલાલ હર મર્ગ વ ઝિંદગી કા**
**હયાતે જાં કા રિકાબમેં હૈ, મમાત અઅ્દા કા દાબમેં હૈ**

*(જલૂ = સાથ, હમરાહ અને ક઼બજા તથા ઈખ્તિયારના અર્થમાં છે, માહે તયબહ = મદીનાના ચાંદ, હિલાલ = પ્રથમ રાતનો ચાંદ, મર્ગ = મૌત, હયાતે જાં = જાનની જિંદગી, રિકાબ = ઘોડા પર બેસવાનું પેંગડુ, મમાતે અઅ્દા = દુશ્મનોની મૌત, દાબ = કબજામાં)*

**અર્થાત :** હે મારા મદીનાના ચાંદ આક઼ા ! ﷺ જિંદગી તથા મૌતનો કમજોર ચાંદ આપના સાયા હેઠળ જ તો ઉગી રહ્યો છે. (આપની જ નિગાહે રહ઼મતથી જ પથ્થરોને પણ જિંદગી નસીબ થઈ રહી છે અને ઝાડો પણ હર્યાભર્યાં છે. કાફિર આપનો ઈન્કાર કરી **اموات غیر احیاء** બની ગયા અને શહીદો આપના ફયઝથી **بل احیاء ولکن لا تشعرون** બની ગયા) ઈમાનવાળાઓની જાન તથા રૂહ પણ આપના પગો નીચે છે અને દુશ્મનોની મૌત પણ આપના કબજા તથા ઈખ્તિયારમાં છે.

**સિયાહ લિબાસાને દારે દુન્યા, વ સબ્ઝ પોશાને અર્શે આ'લા**
**હર ઈક હૈ ઉન્કે કરમ કા પ્યાસા, ફયઝ ઉન્કી જનાબમેં હૈ**

*(સિયાહ = કાળો, લિબાસન = પોશાક પહેરનાર, સબ્ઝ = લીલા રંગનો)*

**અર્થાત :** આ દુનિયાના કાળા લિબાસવાળા (ઈન્સાન) હોય કે આલમે બાલાના લીલા રંગનો પોશાક પહેરવાવાળા (ફરિશ્તા) હોય, તમામે તમામ હુઝૂરે અન્વર ﷺની રહ઼મતના પ્યાસા છે અને સૌને ફયઝ આપની જ બારગાહથી મળે છે.

*ખુશી મિલ ગઈ હૈ મુહમ્મદ કે સદકે઼–મેરી ઝિંદગી હૈ મુહમ્મદ કે સદકે઼ (ﷺ)*
*મેરી ઉમ્ર સારી યહીં અબ કટેગી–ગુઝારા હૈ મેરા મુહમ્મદ કે સદકે઼ (ﷺ)*

**વો ગુલ હૈ લહરાએ નાઝુક ઉન્કે, હઝારોં ઝળતે હૈં ફૂલ જિનસે**
**ગુલાબ ગુલશનમેં દેખે બુલબુલ, યહ દેખ ગુલશન ગુલાબ મેં હૈ**

*(લબહા = હોટો)*

**અર્થાત :** આકાએ દો જહાં ﷺના મુબારક હોટો પણ કેવી અજીબ શાન ધરાવે છે ! ગુલાબની પાંખડીઓથી પણ વધારે નરમ તથા નાઝુક. અને જ્યારે આપ એ હોટોને હરકત આપો છો તો (કુર્આન તથા હદીષનાં) હજારો ફૂલો એમાંથી બહાર પડે છે. બાગમાં ફૂલ તો હે બુલબુલ ! તેં ઘણા જોયાં હશે, આ તરફ પણ જો તને અજીબ નઝારો જોવા મળશે કે આખો ગુલશન જ અમારા ફૂલ, આકા ﷺમાં સમાયેલો છે.

આવા મુબારક શેઅરો એવા શાયરના જ હોય શકે છે જે દરેક સમયે મુસ્તફા ﷺના ખયાલમાં ગુમ રહે અને ઈશ્કે રસૂલ ﷺના સમુદ્રમાં ડૂબકીઓ મારતો રહે. અને તે અમારા ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ છે જે યકીનન ! એવા જ છે કે જેમની જિંદગીની દરેક પળ મુસ્તફા ﷺના ખયાલથી પુરનૂર રહેતી હતી. અને જેમનું દિલ દરેક સમયે ઈશ્કે મુસ્તફાથી ખિલેલુ રહેતુ હતું. એવા જ લોકોની બારગાહે મુસ્તફામાં નઝદીકી જોઈને કોઈએ તેમના બાબરકત અકીદાને આ પ્રમાણે વર્ણવ્યો છે :–

*કૈસે કહ દૂં વો હાઝિર નહીં હૈં–કૈસે માનું વો નાઝિર નહીં હૈ*
*ઈસસે બળ્હકર ષબૂત ઔર કયા હો–વો તસવ્વુર મેં આયે હૂએ હૈ*

**જલી હૈ સોઝે જિગરસે જાં તક, હૈ તાલિબે જલ્વએ મુબારક**
**દિખા દો વો લબ કે આબે હયવાં કા લુત્ફ જિન કે ખિતાબમેં હૈ**

**અર્થાત :** હે મારા પ્યારા આકા ! ﷺ મારી જાન જે આપના નૂરાની જલ્વાની તમન્નામાં બળી ચૂકી એને એકવાર આપના લબહાએ મુબારક (હોઠો)નો દીદાર અતા કરો, જે હોઠો વડે જ્યારે આપ કલામ ફર્માવો (વાત કરો) છો તો આબે હયાતની લિજ્જત નસીબ થાય છે.

**ખળે હૈ મુન્કર નકીર સર પર, ન કોઈ હામી ન કોઈ યાવર**
**બતા દો આકર મેરે પયંબર કે સખ્ત મુશ્કિલ જવાબ મેં હૈ**

**અર્થાત :** હે મારા કરીમ આકા ! હું કબ્રની અંધારી ઓરડીમાં દાખલ થઈ ચૂક્યો છું, કબ્રના ફરિશ્તા મારા માથા પર ઉભેલા છે. આપના સિવાય કોઈ હામી તથા મદદગાર દેખાતો નથી. સખત મુસીબતમાં છું તશરીફ લાવીને કબ્રને મુનવ્વર (રોશન) પણ ફર્માવો અને તમારા ગુનેહગારને બતાવો કે તેમને શું જવાબ આપવાનો છે.

*નઝરે કરમ બસ આપ કી સરકાર ચાહિયે–હર રાત મુઝ કો આપ કા દીદાર ચાહીએ*
*મરને કે બાદ દફન મદીનેમેં હો સકૂં–દો ગઝ ઝમીં મુઝે મેરી સરકાર ચાહિયે*
*મૈં અપની સારી ઝીસ્ત વહીં પર ગુઝાર દૂં–મુઝ કો હુઝૂર આપ કા દરબાર ચાહીએ*

**ખુદાએ કહ્હાર હૈ ગઝબ પર, ખુલે હૈં બદ્કારિયોં કે દફ્તર**
**બચા લો આકર શફીએ મેહશર તુમ્હારા બંદા અઝાબમેં હૈ**

**અર્થાત :** હે મારા પ્યારા આકા ! علیہ الصلوٰۃ والسلام અલ્લાહ તઆલા આજે પૂરી રીતે પોતાની કહ્હારી તથા

જબ્બારી શાનને પ્રદર્શિત કરી રહ્યો છે. અને એની સામે મારાં ગુનાહોનાં રજીસ્ટર ખુલેલાં છે. કોઈ નબીને પણ મજાલ નથી કે કાંઈ અરજ કરી શકે બસ, મારી નજરો આપને જ શોધી રહી છે. હે મેહશરના મેદાનમાં ગુનેહગારોની શફાઅત કરવાવાળા આક઼ા ! ﷺ તશરીફ લાવો અને તમારા ગુલામને જહન્નમથી બચાવો.

**કરીમ ઐસા મિલા કે જિસ કે ખુલે હૈં હાથ ઔર ભરે ખઝાને**
**બતાવો અય મુફલિસો કે ફિર ક્યૂં તુમ્હારા દિલ ઈઝ્તિરાબમેં હૈ**

**અર્થાત** : આપણને અલ્લાહ કરીમે એવા કરીમ (કૃપાળુ) નબી અતા ફર્માવ્યા જેમના હાથ આપવા માટે દરેક સમયે ખુલ્લા છે અને તેમના ખજાનાઓ ભરેલા છે. اوتیت مفاتیح خزائن الارض પછી જરા બતાવો હે માગનારાઓ ! તમારું દિલ કેમ ધડકી રહ્યું છે અને એવું વિચારી રહ્યો છે કે ખબર નહીં, મળે કે ન મળે ! આ'લા હઝરત رحمۃ اللہ علیہ એક જગાએ ફર્માવે છે :–

*મુજરિમ બુલાએ આયે હૈં જાઊક હૈ ગવાહ–ફિર રદ હો, ક્યા યે શાન કરીમોં કે દર કી હૈ ?*

એની સ્પષ્ટતા એ નઅતના સ્થાને આવશે અને ઈન્શાઅલ્લાહ ! વાંચીને વજ્દ આવી જશે.

**ગુનાહ કી તારીકિયાં પે છાઇં–ઉમંડ કે કાલી ઘટાએં આઇં**
**ખુદા કે અર્શિદ મહર ફર્મા કે ઝર્રા બસ ઈઝતિરાબમેં હૈ**

**અર્થાત** : હે મારા રહ્‌મતવાળા આક઼ા ! ગુનાહોની કાળાશે અમને ઘેરી લીધા છે અને કાળી ઘટાઓએ અમારો ઘેરાવ કર્યો છે. હે અલ્લાહ તઆલાના નબીઓના સરદાર ! અને આફતાબે નબુવ્વતના મદની આક઼ા ! મહેરબાની કરો અને આ નાચીઝ રજકણને જે સખત તોફાની આંધીઓના થપેડાઓના કારણે જંગલમાં એકલો ક્યારેક આ બાજુ પડે છે તો કદી પેલી બાજુ. તેને તમારા નૂરનાં કિરણો વડે માહતાબ (ચાંદ) બનાવી દો. કેમ કે આપ તે છો કે :–

*ક઼તરે કો સમંદર કરતે હૈં, ઝર્રે કો સિતારા કરતે હૈં–કૌનેન કો ખમ આ જાતા હૈ, જબ ઝુલ્ફ સંવારા કરતે હૈં*

**કરીમ અપને કરમ કા સદક઼ા, લઈમે બેક઼દ્ર કો ન શર્મા**
**તૂ ઔર 'રઝા' સે હિસાબ લેના, 'રઝા' ભી કોઈ હિસાબ મેં હૈ**

*(લઈમ = કમીનો)*

**અર્થાત** : હે મારા કરીમ આક઼ા ! ﷺ આપને આપના જ કરમનો સદક઼ો, આ કમીના અને બેક઼દર (તુચ્છ) ઈન્સાન (અહમદ રઝા)નો હિસાબ લઈને તેને શર્મિંદો ન કરો ! આ અહમદ રઝા બીચારો એ લાયક જ નથી કે તેનો હિસાબ લેવામાં આવે.

સુબ્હાનલ્લાહ ! અલ્લાહ વ રસૂલની બારગાહમાં કેવી આજિઝી તથા ઈન્કેસારી છે ! જે પોતાને જેટલો પણ મિસ્કીન તથા આજિઝ બનાવીને હુઝૂર علیہ الصلوٰۃ والسلامની બારગાહમાં પેશ કરે છે તેને એટલી જ અધિક પ્રમાણમાં ઉમ્મતની સરદારી અર્પણ કરી દેવામાં આવે છે. ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના ડંકા ચો તરફ આજે એ જ કારણે વાગી રહ્યા છે અને તેમના વિરોધીઓની હાલત એ છે કે : *ફિરતે હૈ મીર ઔર કોઈ પૂછતા નહીં !*




❑ લેખક ❑
**મૌલાના અખ્તરહુસૈન ફૈઝી મિસ્બાહી**
❑ અનુવાદકો ❑
**હાફિઝ અબ્દુર્રહમાન દાઊદ નક્શબંદી પારખેતી**
*(મુતઅલ્લિમ : જામિઆ અશરફિયા–મુબારકપુર)*
**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**
*(તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## જંગે હુનૈન

***(શવ્વાલ, હિ.સ. ૮)***

ફતહે મક્કા પછી જ્યારે ખાનાએ કા'બા પર ઈસ્લામી પરચમ લહેરાવી દેવામાં આવ્યો તો લોકો ટોળે ને ટોળે કુફ્રના અંધકારથી નીકળીને ઈસ્લામની રોશનીમાં આવવા લાગ્યા, પણ ત્યાં નજીકમાં જ બે કબીલા ષકીફ તથા હવાઝિન રહેતા હતા. તેમના પર આ ફતહની ઉલ્ટી અસર પડી. તેઓ કોઈના હેઠળ રહેવાનું પસંદ કરતા ન હતા. તે લોકોએ વિચાર્યું કે ફતહે મક્કા પછી અમારી વારી છે, એટલે ચાલો પહેલા જ આપણે હુમ્લો કરી દઈએ. જ્યારે ફાતેહે મક્કા ﷺને તેમની જંગી તૈયારીની ખબર થઈ તો આપ علیہ الصلوٰۃ والسلامએ શવ્વાલ હિ.સ. ૮માં બાર હજાર વ્યક્તિઓની બનેલી ઈસ્લામી ફોજ લઈને હુનૈન તરફ પ્રયાણ કર્યું. આ જાહોજલાલને જોઈને અમુક મુસલમાન બેઈખ્તિયાર રીતે બોલી પડયા કે આજે વળી અમોને કોણ હાર આપી શકે છે ! આ ફખ્રનો અંજામ એ થયો કે ષકીફ તથા હવાઝિનના તીરંદાઝોએ મુસલમાનો પર એ પ્રમાણે તીરો વરસાવવાં શરૂ કર્યાં કે એમના કદમ ઉખડી ગયા, અને મેદાન છોડીને ભાગી નીકળ્યા. પરંતુ રસૂલે અકરમ ﷺ પોતાના કેટલાક જાંનિષારોની સાથે બરાબર રીતે કાફિરો સામે આગળ વધતા રહ્યા. જંગની આ હાલત જોઈને રસૂલે કરીમ علیہ الصلوٰۃ والسلامએ સહાબાને પોકાર્યા, સહાબાએ અર્ઝ કરી, અમે હાજર છીએ યા રસૂલલ્લાહ ! ﷺ એટલામાં સર્વ લોકો ફરી દોડી આવ્યા અને એક સાથે કાફિરો પર હુમ્લો કરી દીધો. જોત જોતામાં જંગનુ પાસુ બદલાય ગયું. કાફિરો નાસી છૂટયા અને જે રહી ગયા તેમને ગિરફતાર કરી લેવામાં આવ્યા. એમાંથી કેટલાકે નાસીને અવતાસની દીશા પકડી અને કેટલાકે તાઈફના કિલ્લામાં પનાહ લીધી. એટલા માટે એમને સંપૂર્ણપણે હાર આપવા માટે અવતાસ અને તાઈફ પર હુમ્લો જરૂરી થઈ ગયો.

જેથી રસૂલે કરીમ علیہ الصلوٰۃ والسلامએ એક નાની સરખી ફોજ અબૂ આમિર અશ્અરીની રહબરીમાં અવતાસની તરફ રવાના કરી. જંગ શરૂ થઈ બંને તરફથી તીરોની વર્ષા થવા લાગી. એક તીર આવીને હઝરત અબૂ આમિર અશ્અરી رضی اللہ عنہની જાંગ પર વાગ્યું જેના કારણે આપ સખત ઝખ્મી થઈ ગયા. આ જોઈને આપના ભત્રીજા હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہએ એ જાલિમનો પીછો કર્યો અને લડતાં લડતાં તેને જમીન પર ઢગલો કરી દીધો. અને આવીને પોતાના કાકાને ખુશખબરી સંભળાવી કે ચચાજાન ! મેં એ જાલિમને કતલ કરી નાખ્યો જેણે આપને ઝખ્મી કર્યા છે. હઝરત અબૂ આમિર

અશ્અરીએ ભત્રીજાને ફોજનો સેનાપતિ બનાવ્યો અને તેમની રૂહ પરવાઝ કરી ગઈ. હવે હઝરત અબૂ મૂસા અશ્અરીએ ખૂબ જ દીલેરી તથા જાંનિષારી સાથે જંગ કરી, ત્યાં સુધી કે કાફિરોની ફોજે હથિયાર રાખી દીધાં. આ રીતે હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہના હાથ પર આ જંગ ફતહ થઈ. એમાં હજારો કાફિર ગિરફતાર થયા. આ કેદીઓમાં હઝરત હલીમા સઅદિયહની પુત્ર શયમા હતાં. જયારે રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં હાજર કરવામાં આવ્યાં તો તેમને જોતાં આપની આંખો ભીની થઈ ગઈ અને પોતાની મુબારક ચાદર બિછાવીને તેમને બેસાડયાં અને અમુક તોહફા આપીને વિદાય કરી આપ્યાં, બાદમાં તેમણે પણ ઈસ્લામ સ્વીકારી લીધો.

અવતાસની ફોજને હાર આપીને મુસલમાન તાઈફની તરફ આગળ વધ્યા. ત્યાં કાફિરોની ફોજો કિલ્લામાં બંધ થઈ ગઈ. ઈસ્લામી ફોજે શહેરનો ઘેરાવ કરી લીધો. પરંતું કિલ્લાની અંદરથી કાફિરોએ એટલા જોરમાં તીરનો વર્ષા કરી કે મુસલમાન એને સહન ન કરી શક્યા અને તેમના કદમ પાછા હટવા લાગ્યા. અઢાર દિવસો સુધી શહેરનો ઘેરાવ રહ્યો પરંતુ તાઈફ ફતહ ન થઈ શક્યું. છેવટે ઘેરાવ ઉઠાવી લેવામાં આવ્યો. સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ એમના હક્કમાં બદ્દુઆ કરી દેવામાં આવે. આપે તેમના માટે દુઆ કરી કે હે અલ્લાહ ! અલ્લાહ! અહલે ષકીફને હિદાયત આપ. રસૂલુલ્લાહ ﷺની દુઆની એ અસર થઈ કે હજી બે વરસ પણ ન વીત્યાં હતાં એવામાં ષકીફવાળાઓએ રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં આવીને ઈસ્લામ સ્વીકારી લીધો.

તાઈફના ઘેરાવમાં બાર સહાબા શહીદ થયા જેમાં સાત કુરૈશ, ચાર અન્સાર અને એક શખ્સ બની લૈષના હતા. ઝખ્મીઓ અગણિત હતા. હુનૈન તથા અવતાસ, મક્કા અને તાઈફની વચ્ચે આબાદ છે.

## ગઝવએ તબૂક

*(રજબ હિ.સ. ૯)*

રસૂલે અકરમ ﷺને જયારે હિ.સ. ૯માં ખબર મળી કે જંગે મૌતહમાં હાર ખાનારાઓ તથા રોમના બાદશાહે મુસલમાનોના મુકાબલા માટે તબૂકમાં ફોજ જમા કરવાનું શરૂ કર્યું છે. (તબૂક મદીના તથા શામ (સીરિયા)ની દરમ્યાન આબાદ છે) અને મદીના પર હુમ્લા માટે બિલકુલ તૈયાર છે. મુસલમાનોની દષ્ટિમાં એ મહિનો જંગના માટે અયોગ્ય હતો. સખત ગરમી પડી રહી હતી, ખજૂરો પાકી ચૂકી હતી. (એ જ મુસલમાનોની આવકનો ઝરીયો હતો) સફર દૂરનો હતો અને મુકાબલો એવી કૌમ સાથે હતો જેની લગભગ અડધી દુનિયા પર હુકૂમત હતી, અને જેણે મહાન મહાન સલ્તનતોને હાર આપી હતી. રસૂલે કરીમ ﷺએ વિચાર્યું કે આ નાઝુક મોકા પર જો તેમનો મુકાબલો નહીં કરવામાં આવે તો બાદમાં એ આપણા માટે માથાનો દુઃખાવો બનશે. એટલા માટે આપે સહાબાએ કિરામને તબૂકની તરફ સફર કરવાનો હુકમ આપ્યો. કેમ કે એ તંગદસ્તીનો જમાનો હતો એટલા માટે આમ ચંદો પણ થયો. લોકોએ દિલ ખોલીને ચંદો આપ્યો, ત્યાં સુધી કે સ્ત્રીઓએ પણ પોત પોતાનાં ઘરેણાં દીનના માટે પેશ કરી આપ્યાં. જયારે જંગનો સામાન એકત્ર થઈ ગયો તો રસૂલે કાઈનાત ﷺએ ત્રીસ હજારનું ઈસ્લામી લશ્કર લઈને તેમના તરફ કૂચ કરી. જયારે લશ્કર તબૂકના મેદાનમાં પહોંચ્યું તો ઈસાઈ જોઈને

દંગ રહી ગયા અને એમના પર એવી ધાક છવાઈ ગઈ કે તેઓ પોત પોતાના ઘરોમાં ઘુસી ગયા, અને તેમનામાં મુસલમાનો સાથે મુક઼ાબલાની હિંમત ન થઈ. ઈસાઈઓની આ બુઝદિલી (કાયરતા)થી અરબની અંદર તથા બહાર મુસલમાનોની બહાદુરીનો સિક્કો જામી ગયો અને તેમને એવા મહત્વના રાજનૈતિક ફાયદા હાંસલ થયા જે જંગની સ્થિતિમાં હાંસલ થઈ શક્તા ન હતા. તે એ રીતે કે અયલહના હાકિમ યુહન્ના બિન રૂબાએ નબી અકરમ ﷺની ખિદમતમાં હાજર થઈને જિઝયાની અદાયગી મંજૂર કરી લીધી અને સુલહનો ક઼રાર કરી લીધો. જર્બા તથા અજરૂહ઼ના રહેવાસીઓએ પણ ખિદમતે રસૂલમાં આવીને જિઝીયો આપવું મંજૂર કરી લીધું.

ત્યાર બાદ આપે હઝરત ખાલિદ બિન વલીદને એક નાની સરખી ફોજની સાથે દૂમતુલ જંદલના હાકિમ ઉકૈદિરની પાસે મોકલ્યા અને ફર્માવ્યું કે તમે એને નીલ ગાયનો શિકાર કરતો પામશો, એને ગિરફતાર કરીને મારી પાસે લાવો. જ્યારે એ લોકો દૂમતુલ જંદલ પહોંચ્યા તો ચાંદની રાત હતી. એક નીલ ગાય દેખાઈ અને ઉકૈદિર કિલ્લાની બહાર તેનો શિકાર કરવા નીકળ્યો. એટલામાં હઝરત ખાલિદ બિન વલીદ તથા તેમના સાથીઓએ તેને ગિરફતાર કરી લીધો, અને આક઼ાએ કાઈનાત ﷺની ખિદમતમાં લઈને હાજર થઈ ગયા. આપે તેની જાન બખ્શી આપી અને બે હજાર ઊંટ, આઠસો ઘોડાઓ, ચારસો બખ્તરો તથા ચારસો ભાલા આપવા પર સુલહ કરી લીધી.

આ હાલતને જોઈને તે ક઼બીલાઓ જેઓ રોમીઓના સપોર્ટર બનેલા હતા તેઓ સમજી ગયા કે હવે એમના પર ભરોસો કરવો મોંઘો પડશે, એટલા માટે તેઓ પણ મુસલમાનના હિમાયતી બની ગયા. આ રીતે ઈસ્લામી સલ્તનતની સરહદ અધિક વિસ્તાર પામીને રોમની સરહદને જઈને મળી, અને ઈસ્લામના દુશ્મનોનો એક મોટી હદ સુધી ખાત્મો થઈ ગયો. અને ઈસ્લામી લશ્કર જંગ કર્યા વિના કામયાબ પરત આવ્યું. તબૂકમાં રસૂલે અકરમ ﷺનો ક઼યામ લગભગ વીસ દિવસ રહ્યો. ત્યાર બાદ પૂરા મુલ્કમાં અમ્નો અમાન રહ્યું અને મુસલમાનોને દીનની તબ્લીગનો ખૂબ ખૂબ મોક઼ો મળ્યો જેનો ફાયદો એ થયો કે અરબના ઘણા કબીલાઓએ ઈસ્લામ સ્વીકારી લીધો.

કેમ કે આ સફર આર્થિક તંગી તથા પરેશાનીના આલમમાં થયો હતો એટલા માટે તેને ગઝવએ ઉસ્રત પણ કહે છે, એટલે કે તંગીની હાલતમાં લડવામાં આવેલી જંગ.

## સૈયદ અમીન અલી ક઼ાદરી સાહબનો આફ્રિકાનો તબ્લીગી દૌરો

સાઉથ આફ્રિકા વેન્ડાના સુન્ની ભાઈઓ અખ્તર રંગૂની વગેરેના આગ્રહ હેઠળ તા. ૨૬–૬–૨૦૧૮ થી તા. ૫–૭–૨૦૧૮ સુધી ઔલાદે ગૌષે આ'ઝમ, આલે રસૂલ ખતીબે ઝીશાન હઝરત મૌલાના સૈયદ અમીન અલી ક઼ાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ) તબ્લીગી દૌરા પર રહ્યા. જહોનિસબર્ગ, પ્રિટોરીયા, વેન્ડા તેમજ અન્ય સાઉથના શહેરો ઉપરાંત સ્વાઝીલેન્ડ તેમજ લુસાકા–જાંબિયા પણ તશરીફ લઈ ગયા હતા. અને વિવિધ ઠેકાણે આપે શાને અવલિયા પર, શાને મુસ્તફા ﷺ પર તેમજ ઈસ્લાહે મુઆશરા પર લોકોનાં દિલોને ઝંઝોળતાં બયાનો કર્યાં હતાં. બયાનો દરમ્યાન શ્રોતાઓની આંખો અશ્રુમય થઈ જતી હતી. વેન્ડા, લુસાકા વગેરેમાં દયાદરાના નવયુવાનો ઉપરાંત ભરૂચ જિલ્લાના અન્ય ગામોના ત્યાં હાજર નવયુવાનોએ ખૂબ જ ઉત્સાહથી સૈયદ સાહબના ઈસ્લાહી બયાનોમાં હિસ્સો લીધો હતો.

# વિશ્વના સર્વશ્રેષ્ઠ સુસંસ્કારી માનવી

હપ્તો ૪

## પયગમ્બરે ઈસ્લામ صلی اللہ علیہ وسلم

રજૂકર્તા : હાફેઝ મૂસા વેમી ઝંઘારવી *(હાલ : પ્રેસ્ટન, યુ.કે.)*

### ગુલામો પર મહેરબાની, કૃપા

આપ علیہ الصلوٰۃ والسلام એ ગુલામોને આઝાદ કરી આપવાને જહન્નમના અઝાબથી છૂટવાનો એક સબબ બતાવ્યો. જેમ કે આપ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, જે કોઈ મુસલમાન ગુલામને આઝાદ કરી દે છે તો તે ગુલામના દરેક અવયવના બદલામાં અલ્લાહ તઆલા તેના દરેક અવયવને દોઝખની આગથી આઝાદ કરી દે છે. *(મિશ્કાત શરીફ)*

આ સિવાય ગુનાહોની માફી (કફ્ફારાઓ)ના બદલામાં ઠેક ઠેકાણે ગુલામોને આઝાદ કરવા વાજિબ ઠરાવવામાં આવ્યું છે.

ઈસ્લામમાં ગુલામોના હક્કોનો ખાસ ખયાલ રાખવામાં આવ્યો છે. જેમ કે હુઝૂર સરવરે દો આલમ صلی اللہ علیہ وسلم ફર્માવે છે, તમારા ગુલામોમાં જે તમારા કહ્યા મુજબ વર્તન કરનાર હોય તો તેમને તે ખવડાવો જેમાંથી તમે ખાઓ છો અને પહેરાવો તે જેમાંથી તમે પહેરો છો. અને જે તમારી મરજી મુજબ રહેતા ન હોય તેને વેચી દો, અને અલ્લાહની મખ્લૂકને અઝાબ (તકલીફ, દુઃખ) ન આપો.

*–(મિશ્કાત શરીફ, અહમદ અબૂ દાઊદના હવાલાથી)*

હઝરત અબૂ મસ્ઊદ અન્સારી رضی اللہ عنہ બયાન કરે છે કે હું મારા ગુલામને મારી રહ્યો હતો કે મારી પાછળથી આ અવાજ સાંભળ્યો, "હે અબૂ મસ્ઊદ ! સાંભળી લો કે તમોને જેટલો ગુલામ પર ઈખ્તિયાર છે એનાથી ઘણો જ વધુ અલ્લાહ તઆલાને તમારા પર છે." મેં પાછળ ફરીને જોયું તો રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم હતા. મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم મેં એને અલ્લાહ તઆલાની ખુશીને ખાતર આઝાદ કરી દીધો. આપ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, જો તમે આવું ન કરતા તો દોઝખની આગ તમને સળગાવતી. *(મિશ્કાત શરીફ)*

હઝરત અબૂઝર رضی اللہ عنہ નું બયાન છે. મેં એક અજમી ગુલામને બુરુ ભલુ કહ્યું. એણે બારગાહે રિસાલત صلی اللہ علیہ وسلم માં ફરિયાદ કરી. આપ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, હે અબૂઝર ! તમારામાં જાહિલિયત છે. (જાહિલિયત : ઈસ્લામ પહેલાંની અજ્ઞાનતા, બુરાઈઓ) તે તમારો ભાઈ છે. અલ્લાહે તમોને એના પર ફઝીલત આપી છે. એમાંથી (ગુલામોમાંથી) જે તમારા કહ્યાગરા ન હોય તેને વેચી દો અને અલ્લાહની મખ્લૂકને સજા ન કરો.

*–(અબૂ દાઊદ, કિતાબુલ અદબ)*

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે. એક વ્યક્તિએ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ને પૂછયું : યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم અમે, ગુલામોને કેટલીવાર માફ કર્યા કરીએ ? આપ علیہ الصلوٰۃ والسلام ચૂપ રહ્યા. એણે બીજીવાર પૂછયું, છતાં પણ આપ ચૂપ રહ્યા. ત્રીજીવાર પૂછવા પર આપ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, **દરરોજ ૭૦ વખત માફ કરી આપ્યા કરો.**

રસૂલે કરીમ રહ્મતે આલમ صلی اللہ علیہ وسلم ફર્માવ્યા કરતા કે, જે વ્યક્તિ પોતાના ગુલામને થપ્પડ મારે

તેનો કફ્ફારો એ છે કે એને આઝાદ કરી દે. હઝરત સોવૈદ બિન મુકરિન બયાન કરે છે, અમે સાત ભાઈઓ હતા. અમારા ઘરે ફક્ત લોંડી હતી. અમારામાંથી એ કે એને મોઢા પર થપ્પર મારી. એ ફરિયાદ સરકાર ﷺની બારગાહમાં જતાં આપ ﷺએ એને બોલાવીને કહ્યું, આઝાદ કરી દો ! એણે કહ્યું, અમારા ઘરે બીજી કોઈ ખાદિમા નથી. આપ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, તેણી તમારા ત્યાં સેવા કરતી રહે ત્યાં સુધી કે તમારે એની જરૂરત ન રહે, જ્યારે જરૂરત ન રહે તો તેણીને આઝાદ કરી દેજો. *(તયસીરુલ વસૂલ ઈલા જામિઉલ ઉસૂલ, અબૂ દાઊદના હવાલાથી)*

આપ ﷺને ગુલામોની ભલાઈનો એટલો બધો ખયાલ હતો કે જ્યારે વફાત શરીફનો સમય બિલ્કુલ નજીક આવી ગયો તેવા સમયે પણ આપ ગુલામોને ભૂલ્યા નહીં. આપ ﷺ વસિયત કરી રહ્યા હતા કે, اَلصَّلٰوۃُ وَمَا مَلَکَتْ اَیْمَانُکُمْ **અર્થાત :** નમાઝ અને ગુલામ.

## ચોપગાં જાનવરો પર રહ્‌મત અને મહેરબાની

આપની રહ્‌મત મનુષ્ય તો મનુષ્ય પર બલ્કે આપ علیہ الصلوٰۃ والسلام તો ચોપગાં જાનવરો પર પણ મહેરબાન હતા. એક દિવસે આપ એક અન્સારીના બાગમાં દાખલ થયા. શું જુએ છે કે ત્યાં એક ઊંટ છે. જ્યારે ઊંટે આપ ﷺને જોયા તો તે રડી પડયું અને એની બંને આંખોથી આંસૂઓ વહેવા લાગ્યાં. આપ એની પાસે આવ્યા અને એની પીઠ પર હાથ ફેરવ્યો તો તે ચૂપ થઈ ગયું. આપ علیہ الصلوٰۃ والسلامએ ખબર કાઢી અને એના અન્સારી માલિકને બોલાવ્યો. અન્સારી માલિકે કહ્યું, આક઼ા ! એ ઊંટુ મારુ છે. આપ ﷺએ ફર્માવ્યું, તું એ ચોપગાંના વિષયમાં જે અલ્લાહે તને એનો માલિક બનાવ્યો છે એ ખુદાવંદે આલમથી ડરતો નથી ! એણે મારી પાસે ફરિયાદ કરે છે કે તું એને ભૂખ્યુ રાખે છે અને ઘણી જ તકલીફ આપે છે. *(તયસિરુલ ઉસૂલ ઈલા જામિઉલ અબૂ દાઊદના હવાલાથી)*

એક દિવસે આપ علیہ الصلوٰۃ والسلام એક ઊંટ પાસેથી પસાર થયા. જોયું તો તેની પીઠ (ભૂખ અને તરસને કારણે) પેટ સાથે ચોંટેલી હતી. આપ ﷺએ ફર્માવ્યું, આ ચોપગાં મૂંગાં જાનવરોના બાબતે તમે લોકો અલ્લાહથી ડરો ચાહે એના પર સવારી કરતા હોવ અથવા તો સવારીને પાત્ર ન હોય. અને એમને છોડી દો ત્યાં સુધી કે એ ફરી સવારીને પાત્ર બને.

*–(મિશ્કાત બ હવાલા અબૂ દાઊદ)*

એક દિવસે આપ ﷺ કોઈ સ્થળે જઈ રહ્યા હતા. રસ્તામાં એક ગધેડાને જોયો જેના મોઢા પર ડામ આપ્યાના ડાઘ હતા. તે જોઈ આપ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, **અલ્લાહ લા'નત કરે તે વ્યક્તિ પર જેણે આ જાનવરને ડામ આપ્યો છે.**

*–(મિશ્ક઼ાત, મુસ્લિમ)*

હઝરત અબૂ હુરૈરહ્‌ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તમે તમારા ચોપગાં (ઘોડા, ગધેડા, ઊંટ... વગેરે)ની પીઠોને મિમ્બર ન બનાવો. અલ્લાહ તઆલાએ તેને તમારા કબ્જામાં કર્યાં છે, એટલા માટે કે તે તમોને એવા શહેરોમાં પહોંચાડી દે કે જ્યાં ઘણી જ મુસીબત અને તકલીફ ભોગવ્યા વિના તમે ન પહોંચી શકો. અને તમારા માટે જમીન બનાવી, તો એના ઉપર તમારી જરૂરતો પૂરી કરો.

*–(મિશ્ક઼ાત શરીફ, અબૂ દાઊદના હવાલાથી)*

રસૂલુલ્લાહ ﷺએ સફરના અદબોમાં ફર્માવ્યું, જે વર્ષ સારું આવે, ઘાસચારો ખૂબ મળતો

હોય તો તમે સફરમાં દિવસે કોઈ વખતે ઊંટોને ખુલ્લા છોડી દો કે જેથી તે પેટ ભરી ચરી લે. અને જ્યારે વરસાદની તંગીને કારણે ઘાસચારાની તંગી હોય તો રસ્તામાં જલ્દી જલ્દી દોડાવે કે જેથી સારી હાલતમાં તમારી મંઝિલ પર પહોંચી જાય. એવું ન થાય કે ધીમે ચલાવતાં રસ્તામાં સમય વધુ લાગી જાય અને તે ભૂખ તરસને કારણે પોતે શક્તિ ગુમાવી રસ્તામાં જ રહી જાય. અને જ્યારે તમે મોડી રાત્રે કોઈ જગાએ ઉતરો તો રસ્તો છોડીને તમારો પડાવ નાખો. કારણ કે રાત્રે પશુઓ અને જમીનમાં રહેતા જાનવરો (સાપ, વીંછી...વગેરે) રસ્તાઓમાં ફરતા રહે છે અને નીચે પડેલી ખાવાની ચીજો અને હાડકાં વગેરે જે રસ્તામાં હોય તેને ખાયા કરે છે.

*–(સહીહ મુસ્લિમ શરીફ)*

હઝરત અબૂ વાકિદ કુદલૈષી રિવાયત કરે છે. રસૂલુલ્લાહ ﷺ મદીના મુનવ્વરામાં તશરીફ લાવ્યા. તે વખતે લોકો ઊંટોની ખાંધ અને બકરીની પૂંઠનો માંસ ખાવા માટે કાપી લેતા હતા. આપ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, **જે માંસ કોઈ જીવતા જાનવરમાંથી કાપી લેવામાં આવે તે મુરદાર છે અને એને ખાવો ન જોઈએ.**

*–(મિશ્કાત શરીફ, અબૂ દાઊદ, તિર્મિઝી)*

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ રિવાયત કરે છે કે, "એક સ્ત્રી એક બિલાડીના કારણે દોઝખમાં ગઈ, જેને તેણીએ બાંધી રાખી હતી, અને ભૂખી રાખી. અને છૂટી પણ ન મૂકી કે તે જમીનના જાનવરો ખાઈને ગુજારો કરી લે."

*–(તયસિરુલ ઉસૂલ, બુખારીના હવાલાથી અને મુસ્લિમ)*

## કૂતરાને પાણી પીવડાવવાનો બદલો જન્નત!

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہનું બયાન છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, એક વ્યક્તિ સફરમાં ક્યાંક જઈ રહ્યો હતો, રસ્તામાં એને ખૂબ તરસ લાગી. એક કૂવો જોયો, કૂવા પાસે જઈ તેમાં ઉતર્યો અને પાણી પીધું. પછી બહાર નીકળ્યો. એકાએક એક કૂતરા પર નજર પડી જે કૂવા પાસે તરસનો માર્યો જીભ બહાર કાઢી હાંફી રહ્યો હતો અને જમીન પર માટી ચાટી રહ્યો હતો. એ વ્યક્તિએ વિચાર્યું કે આ કૂતરાને તરસથી તેવી જ તકલીફ છે જેવી કે મને તરસથી હતી. આ વિચારીને એ તરત કૂવામાં ઉતર્યો અને પોતાનો જોડો પાણીથી ભર્યો અને પોતાના મોંથી પકડયો ત્યાં સુધી કે તે લઈ ઉપર ચઢી આવ્યો. અને તે પાણી કૂતરાને પીવડાવ્યું. અલ્લાહ તઆલાને એનું આ કામ એટલું પસંદ આવ્યું કે તેના તમામ ગુનાહ માફ કરી દઈ જન્નત અર્પણ કરી.

સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ શું અમારા માટે ચોપગા જાનવરોની સેવા ચાકરીમાં પણ નેકીઓ છે ? આપ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, દરેક જાનવર (જેનામાં પ્રાણ છે)માં સવાબ છે. *–(તયસિરુલ ઉસૂલ બહવાલા માલિક, બુખારી, મુસ્લિમ, અબૂ દાઊદ)*

નબીએ કરીમ રહ્મતે આલમ ﷺની રહ્મત, મહેરબાની તમામ મખ્લૂક઼, ઈન્સાન, જિન્નાત, પશુઓ, પ્રાણીઓ, પક્ષીઓ... વગેરે તમામ માટે હતી. જેથી આપ علیہ الصلوٰۃ والسلامએ પશુઓને કુસ્તી લડાવવી, કોઈક જાનવરને નિશાન બનાવવું કે પશુ, પક્ષી કે જાનવરને કેદ કરવું, જાનવરોના કોઈ એક અમુક અવયવો કાપવા, એવાં દરેક કામો જે (જાનવરોને ખોટી રીતે તકલીફ આપવામાં આવતી હોય) મના ફર્માવી દીધાં છે.

*(તિર્મિઝી, અબૂ દાઊદ, મુસ્લિમ)*

# તઝકેરતુલ અવલિયા

હપ્તો ૧૭

## હઝરત રાબિઆ બસરી رحمۃ اللہ علیہا ના હાલાત તથા ખૂબીઓ

**અઝ** : *હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર* رحمۃ اللہ علیہ // **અનુવાદક** : *પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

**પોતાની ઓળખ તથા ખુદાની ઓળખ :** એકવાર લોકોએ અર્ઝ કરી કે આપની મધૂર વાણી તો એના પાત્ર છે કે આપને મુસાફરખાનાનાં નિગરાં નિયુક્ત કરવામાં આવે. ફર્માવ્યું કે હું તો જાતે જ મારા મુસાફરખાનાની રક્ષક છું, કેમ કે જે કાંઈ મારી અંદર છે તેને બહાર કાઢી નાખુ છું અને જે બહાર છે તેને અંદર જવા નથી દેતી, એટલા માટે મારે કોઈના આવન જાવનથી કોઈ લેવા દેવા નથી. કેમ કે દિલની રક્ષક છું માટીમય શરીરની નહીં. એકવાર આપને સવાલ કરવામાં આવ્યો કે શું તમે ઈબ્લીસને દુશ્મન માનો છો ? ફર્માવ્યું કે હું તો રહમાનની દોસ્તીમાં મશ્ગૂલિયતના કારણે ઈબ્લીસની દુશ્મનીનો ખયાલ જ નથી કરતી.

ખ્વાબની હાલતમાં હુઝૂર ﷺએ આપને ફર્માવ્યું કે શું તું મને મહબૂબ રાખે છે ? ત્યારે રાબિઆ رحمۃ اللہ علیہاએ અર્ઝ કરી કે તે કોણ બદ્નસીબ હશે જે આપને મહબૂબ ન રાખતો હોય ?! પણ હું તો હુબ્બે ઈલાહીમાં એવી ગર્ક છું કે તેના સિવાય કોઈની મહબૂબિયતનો એહસાસ સુદ્ધાં પણ બાકી નથી.

લોકોના આ સવાલ પર કે મહ્બ્બત શું ચીજ છે ? આપે ફર્માવ્યું કે મહોબ્બત અઝલ (હમેશાં)થી છે અને હમેશાં સુધી રહેશે, કેમ કે આલમની મેહફિલમાં કોઈએ એનો એક ઘૂંટ પણ નથી ચાખ્યો, જેના પરિણામે મહોબ્બત અલ્લાહ તઆલામાં ઝમ થઈને રહી ગઈ. એટલા માટે અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે : يُحِبُّهُمْ وَيُحِبُّوْنَهٗ "અલ્લાહ તઆલા તેમને મહબૂબ રાખે છે અને તે અલ્લાહને મહબૂબ રાખે છે." *(સૂરએ માઈદા, ૫/૫૪)*

એકવાર કોઈએ એવો સવાલ કર્યો કે આપ જેની ઈબાદત કરો છો તે શું તમને નજર પણ આવે છે ? ફર્માવ્યું કે જો નજર ન આવત તો ઈબાદત શાથી કરતી ?!

આપ બધો સમય ગિર્યાઓ ઝારી (રૂદન આજીજી) કરતાં રહેતાં હતાં. જ્યારે લોકોએ કારણ પૂછયું તો ફર્માવ્યું કે હું એના વિરહથી ભયભીત છું ને મહફૂઝ ખયાલ કરું છું. અને ક્યાંક એવું ન બને કે મૃત્યુ વેળા એ નિદા ન આવી જાય કે તું બારગાહને લાયક નથી !

**હક઼ીક઼તની વાતો :** લોકોએ જ્યારે આપને એવો સવાલ કર્યો કે ખુદા બંદાથી કેટલા પ્રમાણમાં ખુશ થાય છે ? ફર્માવ્યું, જ્યારે બંદો મહેનત (કષ્ટી) પર એ રીતે શુક્ર અદા કરે છે જેવો કે નેઅમત પર કરે છે. લોકોએ સવાલ કર્યો કે ગુનેહગારની તૌબા ક઼બૂલ થાય છે કે નહીં ? ફર્માવ્યું કે એ સમય સુધી તે તૌબા જ નથી કરી શકતો જ્યાં સુધી ખુદા તૌફીક઼ ન આપે. અને જ્યારે તૌફીક઼ હાંસલ થઈ ગઈ તો પછી તો ક઼બૂલિયતમાં પણ કોઈ શક નથી રહેતો. પછી ફર્માવ્યું કે જ્યાં સુધી દિલ જાગૃત નથી થતું ત્યાં સુધી કોઈ અંગથી પણ ખુદાની રાહ નથી મળતી. અને દિલની બેદારી પછી અંગોની હાજત જ ખત્મ થઈ જાય છે. કેમ કે દિલની બેદારી એ જ છે જે હક્ક઼ની અંદર એ રીતે ઝમ થઈ જાય કે પછી અંગોની હાજત જ બાકી ન રહે, અને એ જ ફનાફિલ્લાહની મંઝિલ છે.

**હક઼ીક઼ી (સાચી) તૌબા** : આપ મોટાભાગે ફર્માવ્યા કરતાં કે કેવળ ઝબાની તૌબા કરવી એ કાઝિબ (જૂઠા) લોકોનું કામ છે, કેમ કે જો સાચા દિલથી તૌબા કરવામાં આવે તો ફરીવાર કદી તૌબાની જરૂરત જ ઉભી નહીં થાય. પછી ફર્માવ્યું કે મઅરેફત અલ્લાહના પ્રતિ ધ્યાનિત થવાનું નામ છે. અને "આરિફ"ની ઓળખ એ છે કે તે ખુદાથી પાકીઝા દિલની માગણી કરે, અને જ્યારે અર્પણ કરી દેવામાં આવે તો પછી એ જ વખતે એને ખુદાના હવાલે કરી આપે જે હિફાઝતના પર્દાઓમાં મહેફૂઝ રહીને મખ્લૂક઼ની નજરોથી છુપુ રહે.

**દાનિશમંદી (શાણપણ)** : હઝરત સાલેહ આમિરી મોટાભાગે એવું ફર્માવ્યા કરતા હતા કે જ્યારે સતત કોઈનો દરવાજો ખટખટાવવામાં આવે છે તો છેવટે કોઈ ન કોઈ વખતે ખોલી જ દેવામાં આવે છે. રાબિઆએ આપનું આ વાક઼્ય સાંભળીને સવાલ કર્યો કે છેવટે તે ક્યારે ખુલશે ? કેમ કે તે તો કદી બંધ જ નથી થયો ! આ સાંભળીને હઝરત સાલેહને આપની દાનિશમંદી પર ખુશી ઉપજી અને પોતાની કમઅક઼લી પર રંજ થયો.

એકવાર રાબિઆએ કોઈને હાય ગમ ! હાય ગમ !ની રટ લગાડતો સાંભળ્યો તો કહ્યું કે હાય ગમ ! ન કહો બલ્કે કહો, હાય બેગમી ! કહીને નોહા (રૂદન આજીજી) કરો ! કેમ કે તમારામાં ગમ હોત તો તમારામાં વાત કરવાની ક્ષમતા ન હોત. એકવાર કોઈકને માથા પર પટ્ટી બાંધેલ જોઈને સબબ પૂછયો તો તેણે અરજ કરી કે માથામાં સખત દર્દ છે. આપે પૂછયું કે તમારી ઉમર કેટલી છે ? તેણે કહ્યું કે ત્રીસ વરસ. પછી કહ્યું કે તમે ૩૦ વરસના અરસામાં કદી તંદુરસ્તીના શુક્રાનામાં તો પટ્ટી બાંધી નથી અને કેવળ એક દિવસની બમારીમાં શિકાયતની પટ્ટી બાંધીને બેસી ગયા ?!

કોઈકને આપે ચાર દિરહમ આપીને કંબલ (બ્લેન્કેટ) ખરીદવાનો હુકમ આપ્યો. તેણે સવાલ કર્યો કે કંબલ કાળી લાવું કે સફેદ ? આ સાંભળતાં જ આપે તેનાથી દિરહમ પાછા લઈને દરિયામાં ફેંકતાં ફર્માવ્યું કે હજી કંબલ ખરીદયો જ નથી કે કાળા તથા સફેદનો ઝઘડો શરૂ થઈ ગયો ! અને ખરીદયા બાદ ન જાણે શું વબાલ ખડી થાત ?! એકવાર વસંત ઋતુમાં એકાંતમાં બેઠેલાં હતાં એવામાં આપની ખાદિમાએ બહાર નીકળવા વિનંતિ કરતાં કહ્યું કે અહીં આવીને કુદરતની રંગીનીઓનો નઝારો કરો કે તેણે કેવી કેવી રંગીનીઓ પેદા કરી છે. પરંતુ આપે જવાબ આપ્યો કે તું પણ ગોશાનશીન થઈને ખુદ હક઼ીક઼ી સાનેઅ (બનાવનાર)ને જોઈ લે, કેમ કે મારો હેતુ સાનેઅનો નઝારો કરવું છે ન કે સનઅત (બનેલ ચીજો)નો.

કેટલાક લોકો ક઼દમબોસીની માટે હાજર થયા તો જોયું કે આપ દાંતો વડે ગોશ્ત કાપી રહ્યાં છે. તેમણે સવાલ કર્યો કે શું આપને ત્યાં ચાકૂ છરી નથી કે ખુદ દાંતોથી કામ લઈ રહ્યાં છો ? ફર્માવ્યું કે હું કેવળ એ ડરને લીધે ચાકુ છરી નથી રાખતી કે તે મારા તથા મારા મહબૂબના સંબંધને કટ ન કરી દે.


કિતાબો મંગાવો

**કિતાબ** : કુર્આનના હેરતનાક કિસ્સા (પેજીસ : ૧૬૦)
**સંપાદક** : મર્હૂમ અબ્દુલગફ્ફાર ચોલા (જામનગર)
**પ્રકાશક** : મુહમ્મદ અમીન ચોલા, ચોલા સ્ટ્રીટ, લીંડી બજાર, જામનગર–૩૬૧૦૦૧
મો. 98248 96500 (હદિયો : 50/-)

**હજ્જના મસાઈલ તથા દુઆઓ વિશે કિતાબો...**
**(૧) મસાઈલે હજ્જ વ ઝિયારત (રૂા. ૫૦/–)**
**(૨) હજ્જ કેવી રીતે કરશો (રૂા. ૫૦/–)**
**પ્રકાશક** : સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)
મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, પીન : ૩૯૨૦૨૦,
મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧



## રાહતુલ કુલૂબ

# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન

### મલ્ફૂઝાતે હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર رحمۃ اللہ علیہ

**સંપાદક : મહબૂબે ઈલાહી હઝરત નિઝામુદ્દીન અવલિયા** رحمۃ اللہ علیہ

૧–મુહર્રમ હિ.સ. ૬૫૫ના રોજ કદમબોસીનો શરફ હાંસલ થયો. અજોધન સર્વ રહેવાસીઓ નાના મોટા, મશાઈખ દુરવેશ તથા મિસ્કીન આવીને આપના દસ્તે મુબારક પર બોસો આપતા હતા. શેખ સાહબ મુસલ્લાની નીચે હાથ રાખીને જે કાંઈ કોઈની કિસ્મત હોતી તે આપતા. લોકો જે શીરીની લાવ્યા તેનો ઢગલો વળી ગયો. તેમાંથી થોડી થોડી દુરવેશોને આપતા. એ દિવસે શહેરનો કોઈ ગરીબ તથા મિસ્કીન ખાલી ન ગયો. આપની એ આદત હતી કે દર મહિનાની પહેલીએ આ રીતે કરતા.

ત્યારબાદ મુહમ્મદ અહમદ બલ્ખી જે વાસિલે હક્ક હતા તેમણે આવીને સલામ કરી અને બેસી ગયા. શયખુલ ઈસ્લામ મુરાકેબામાં હતા. એ જ વખતે ઝિક્ર કરવા લાગ્યા. એટલા પ્રમાણમાં ઝિક્ર કર્યો કે બેહોશ થઈને પડી ગયા. શયખ કુત્બુદ્દીન બખ્તિયાર કાકી અવશી رحمۃ اللہ علیہ નો ખિર્કો લાવીને આપના પર નાખવામાં આવ્યો. મોડેથી હોશમાં આવ્યા.

### મુહર્રમની ૧લી તારીખની ફઝીલત

પછી મોહરમની પહેલી બરકતવાળી તારીખની ફઝીલતના બારામાં ચર્ચા શરૂ થઈ. ફર્માવ્યું કે આ અશરા (દસ દિવસ)માં કોઈ અન્ય કામમાં મશગૂલ ન થવું જોઈએ. કેવળ ઈતાઅત, તિલાવત, દુઆ તથા નમાઝમાં રહેવું, એટલા માટે કે અશરામાં કહેર થયો છે અને ઘણી રહમતો પણ નાઝિલ થઈ છે.

ત્યારબાદ ફર્માવ્યું કે શું તને ખબર નથી કે આ અશરામાં રસૂલે ખુદા ﷺ પર શું ગુજર્યું ? અને આં હઝરત ﷺના ફરઝંદ કેવી બેરહમીથી શહીદ કરવામાં આવ્યા. અમુક તરસની હાલતમાં શહીદ થયા અને બેદીનોએ તેમને પાણીનું એક ટીપુ પણ ન આપ્યું. જ્યારે શૈખુલ ઈસ્લામ આ ફર્માવી ચૂક્યા તો નારો મારી બેહોશ થઈને પડી ગયા. જ્યારે હોશમાં આવ્યા તો ફર્માવ્યું કે કેવા પાષાણ હૃદયી, બેદીન, બેઆકેબત, બેસઆદત તથા નિર્દયી હતા, જ્યારે કે તેમને ખબર હતી કે આ દીન તથા દુનિયા તથા આખેરતના બાદશાહના ફરઝંદ હતા છતાં તેમને ઘણી બેરહમીથી શહીદ કરવામાં આવ્યા. તેમને એ ખયાલ ન આવ્યો કે કયામતના દિવસે આ મોઢું રસૂલુલ્લાહ ﷺને કેવી રીતે દેખાડીશું ! પછી ફર્માવ્યું કે માહે મુહર્રમના શરૂમાં આ દુઆના માટે હુકમ થયો છે :–

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ ۔ اَللّٰهُمَّ اَنۡتَ اللّٰهُ الۡاَبَدِیُ الۡقَدِيۡمُ وَهٰذِهٖ سَنَةٌ جَدِيۡدَةٌ اَسۡئَلُكَ فِيۡهِ الۡعِصۡمَةَ مِنَ الشَّيۡطٰنِ الرَّجِيۡمِ وَالۡاَمَانَ مِنَ الشَّيۡطٰنِ وَمِنۡ كُلِّ شَرِّدِيۡنٍ وَمِنَ الۡبَلَايَا وَالۡاٰفَاتِ فَذٰلِكَ وَنَسۡئَلُكَ الۡعَوۡنَ وَالۡعَدَلَ عَلٰى هٰدِهِ النَّفۡسِ الۡاَمَّارَةِ بِالسُّوۡءِ وَالۡاِشۡتِغَالَ بِمَا يُقَرِّبُنِىۡ اِلَيۡكَ يَا بِرُّيَارَؤُفُ يَا رَحِيۡمُ يَا ذَا الۡجَلَالِ وَالۡاِكۡرَامِ بِرَحۡمَتِكَ يَا اَرۡحَمَ الرّٰحِمِيۡنَ ۔

## છ રકાત નફલ નમાઝની ફઝીલત

પછી ફર્માવ્યું કે શયખુલ ઈસ્લામ મુઈનુદ્દીન હસન સંજરી قدس سرہ ના અવરાદમાં લખેલું જોયું છે કે જે શખ્સ માહે મુહર્રમની પહેલી રાતે છ રકાત નમાઝ એ રીતે અદા કરે કે દરેક રકાતમાં સૂરએ ફાતિહા એકવાર અને સૂરએ ઈખ્લાસ દસવાર, સાહિબિય્યહ સહીહિયહની રિવાયત પ્રમાણે બે રકાત નમાઝ એ રીતે અદા કરે કે દરેક રકાતમાં સૂરએ ફાતિહા એકવાર અને સૂરએ યાસીન એકવાર પઢે તો અલ્લાહ તઆલા તેને જન્નતમાં બે હજાર મહેલ એવા અતા કરશે જેમાં દરેકમાં યાકૂતના બે હજાર દરવાજા હશે અને દરેક દરવાજા પર ઝબરજદના તખ્ત પર હૂર બેઠી હશે. તેના આમાલનામામાં લખવામાં આવે છે.

ત્યારબાદ શયખુલ ઈસ્લામે ફર્માવ્યું કે ઈમામ શઅબી عَلَیْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ના કિફાયહમાં લખેલુ જોયું છે કે જે શખ્સ આશૂરાના દિવસે ૧૦૦ વાર આ કલમો કહે અલ્લાહ તઆલા તેને દોઝખની આગથી આઝાદ કરી આપે છે :–

لَآ اِلٰهَ اِلَّااللّٰهُ وَحْدَهٗ لَا شَرِیْكَ لَهٗ لَهُ الْمُلْكُ وَ لَهُ الْحَمْدُ یُحْیِی وَ یُمِیتُ وَهُوَ حَیٌّ لَّا یَمُوْتُ بِیَدِهِ الْخَیْرُ وَهُوَ عَلٰی كُلِّ شَیْءٍ قَدِیْرٌ لَا مَانِعَ بِمَا اَعْطَیْتَ وَلَا مُعْطِیَ لِمَا مَنَعْتَ وَ لَا رَادَّ لِمَاقَضَیْتَ وَلَا یَنْفَعُ ذَالْجَدِّ مِنْكَ الْجَدُّ۔

અને પછી હાથ ચહેરા પર ફેરવે તો હક્ક તઆલા તેને ગુનાહોથી એ રીતે પાક કરી દે છે કે જાણે હમણા માના પેટથી પેદા થયો છે. શયખુલ ઈસ્લામ આ જ ફવાઈદમાં હતા એવામાં નમાઝની અઝાન થઈ. આપ નમાઝમાં મશ્ગૂલ થઈ ગયા અને હું તથા લોકો પરત થઈ ગયા. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰی ذٰلِكَ

## આશૂરાના રોઝાની ફઝીલત

એ જ મહિનાની ૧૦ તારીખ હિ.સ. ૬૫૫ના રોજ કદમ બોસીનો શરફ હાંસલ થયો. શખ્સે દહર શયખ જલાલુદ્દીન હાંસવી, શયખ બદરૂદ્દીન ગઝનવી અને અઝીઝ ખિદમતમાં હાજર હતા. આશૂરાના રોઝાની ફઝીલતના બારામાં ચર્ચા ચાલી રહી હતી. ઝબાન મુબારકથી ફર્માવ્યું કે આશૂરાના રોઝામાં જંગલની હરણીઓ રસૂલે ખુદા ﷺના ખાનદાનની દોસ્તીના સબબે પોતાનાં બચ્ચાંને દૂધ નથી આપતી, પછી શાથી એ રોઝાને ત્યજવામાં આવે ! જ્યારે પ્રાણીઓની આ હાલત છે તો આપણે શું કરવું જોઈએ ?!

ત્યારબાદ શયખુલ ઈસ્લામે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે આશૂરાની રાતે ચાર રકાત નમાઝનો હુકમ છે. દરેક રકાતમાં સૂ. ફાતિહા એકવાર, આયતુલ કુર્સી ત્રણવાર અને સૂરએ ઈખ્લાસ ૧૦ વાર પઢવી જોઈએ. નમાઝથી ફારિગ થઈને ૧૦૦ વાર સૂરએ ઈખ્લાસ પઢવી જોઈએ.

## જે હાજત માગશે તે પામશે

ત્યારબાદ ફર્માવ્યું કે શયખુલ ઈસ્લામ શયખ ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہના અવરાદમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہની રિવાયતના પ્રમાણે આવ્યું છે કે આશૂરામાં સૂરજ નીકળતી વખતે બે રકાત નમાઝ અદા કરવી જોઈએ, અને જેટલા પ્રમાણમાં બની શકે એ રકાતોમાં પઢવું જોઈએ. એનો સવાબ બેહદ છે, ત્યારબાદ આ દુઆ પઢવી જોઈએ :–

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِیْمِ ۔ یا اَوَّلَ الاَ وَّلِیْنَ یَا اٰخِرَ الْاٰخِرِیْنَ لَا اِلٰهَ اِلَّا اَنْتَ اَوَّلُ مَا خَلَقْتَ فِیْ هٰذَ الْیَوْمَ وَتَخْلُقُ اٰخِرَ مَا تَخْلُقُ فِیْ هٰذَ الْیَوْمَ اَعْطِنِیْ فِیْهِ خَیْراً مَا اَوْلَیْتَ مَافِیْهِ بِاَنْبِیَائِكَ وَاَصْفِیَائِكَ مِنَ التَّوَائِبِ وَالْبَلَایَاوَاَعْطِنِیْ مَا اَعْطَانِیْ فِیْهِ مِنَ الْكَرَامَةِ بِحَقِّ مُحَمَّدٍ عَلَیْهِ السَّلَامُ۔

ત્યારબાદ ફર્માવ્યું કે શયખુલ ઈસ્લામ કુત્બુદ્દીન બખ્તિયાર કાકી અવશી رحمۃ اللہ علیہ ના અવરાદમાં આપના હસ્તલિખિત જોયું છે કે આશૂરાના દિવસે છ રકાત નમાઝ આ ઝુલઝિલત, સૂ. ઈખ્લાસ મુઅવ્વઝતૈન સૌ એક એકવાર પઢે. નમાઝથી ફારિગ થઈને સજદામાં માથુ રાખીને સૂરએ કાફિરૂન પઢે, જે હાજત માગશે તે પામશે.

ત્યારબાદ ફર્માવ્યું કે ત્યાં એ પણ લખેલું જોયું કે આશૂરામાં ૭૦ વાર :–

حَسْبُنَا اللّٰهُ وَنِعْمَ الْوَكِيْلُ۔ نِعْمَ الْمَوْلٰى وَنِعْمَ النَّصِيْرُ

*(હસ્બિયલ્લાહુ વ નિઅ્મલ વકીલ નિઅ્મલ મૌલા વ નિઅ્મન્ નસીર)* કહે તો અલ્લાહ તઆલા તેને બખ્શી દેશે અને તેનું નામ અવલિયા તથા મશાઈખે કેબારમાં લખશે.

## કફનચોરની ઝબાની કબ્રોવાળાઓની કહાની

પછી એ મોકા પર ફર્માવ્યું કે પહેલાંના જમાના એક કફન ચોર જેણે લગભગ બે હજાર બસો માણસોનાં કફનો ચોર્યાં. છેવટે જ્યારે એ કામથી તૌબા કરી તો ખ્વાજા હસન બસરી رحمۃ اللہ علیہ ના હાથ પર તૌબા કરી. ખ્વાજા સાહબે પૂછયું કે જેમનાં તેં કફનો ચોર્યાં તેમની હાલત વર્ણન કર. અર્ઝ કરી, જો સર્વનું વર્ણન કરીશ તો લાંબુ ચાલશે જેથી અમુકનો હાલ જણાવી આપુ છું. અર્ઝ કરી, જયારે એક કબર મેં ખોદી તો તેમાં કાળા ચહેરાવાળો માણસ હતો. જોયું કે તેના પગોમાં આગની બેડીઓ તથા હાથકડીઓ છે અને તેની જીભથી લોહી તથા પરુ વહે છે અને તેના પેટથી ગંદકીની એટલા પ્રમાણમાં દુર્ગંધ આવે છે લોકો નફરત કરે. જ્યારે હું ત્યાંથી પરત થયો તો એ માણસે અવાજ આપ્યો કે ક્યાં જાવ છો, જરા મારો હાલ સાંભળતા જાવ કે હું શું કરતો હતો કે જેના લીધે આ મુસીબતમાં સપડાયેલો છું. હું પાછો વળ્યો તો ફરિશ્તા અઝાબની સાંકળો લગાડીને બેઠા હતા. મેં એનો હાલ પૂછયો કે તું કોણ છે ? કહ્યું, **હું મુસલમાન છું પરંતુ ઝિનાખોર તથા શરાબી હતો.** કેમ કે દુનિયામાં મસ્ત રહેતો હતો એટલા માટે મારી આ હાલત છે.

## બેનમાઝી તથા નાફર્માનની કબરનો મન્ઝર !

પછી બીજા એક દિવસે એક કબર ખોદી તો મુડદાને જોયું કે કાળા મોઢાવાળો ઉભો છે અને તેની આસપાસ આગ છે જેમાં એને સળગાવવામાં આવી રહ્યો છે. તેની જીભ બહાર નીકળેલી હતી અને તેની ગરદનમાં ઝંજીરો પડેલી હતી. જેવો મને જોયો તો કહેવા લાગ્યો, ખ્વાજા ! મને થોડુ સરખુ પાણી આપજો કે હું તરસનો માર્યો તંગ આવી ગયો છું. મેં મદદ કરવા ચાહ્યું તો ફરિશ્તાઓએ લલકાર્યું કે ખબરદાર ! એને પાણી ન આપશો ! આ નમાઝોને ત્યજનારો છે ! અલ્લાહ તઆલાનો હુકમ છે કે તેને પાણી આપવામાં ન આવે. પછી મેં તેને પૂછયું કે દુનિયામાં તું શું કામ કરતો હતો ? કહ્યું, હતો તો મુસલમાન ! પરંતું મેં કદી અલ્લાહ તઆલાના હુકમોનું પાલન નથી કર્યું.

## આશૂરામાં નમાઝ પઢવાની બરકત

એ જ પ્રમાણે અન્ય મુડદાંને પણ મેં અઝાબમાં સપડાયેલાં જોયાં. ત્યારબાદ એક અન્ય કબર ખોદી તો એક અતિશય ખૂબસૂરત યુવાન જોયો જેની આસપાસ હરીયાળી ઉગેલી છે અને પાણીની નહેરો વહે છે, અને તેની સામે જન્નતી હૂરો તખ્ત પર બેઠેલી છે. મેં પૂછયું, હે જવાન ! તું કોણ છે અને દુનિયામાં શું શું કરતો હતો ? અને આ દરજો તને કયા સબબે મળ્યો છે ? કહ્યું, હે ખ્વાજા ! હું તારી જેમ હતો, પરંતું એક ઝાકિરથી મેં સાંભળ્યું કે જે શખ્સ માહે મુહર્રમમાં આશૂરાના રોજ છ રકાત નમાઝ અદા કરે, તો અલ્લાહ તઆલા તેને બખ્શી આપે છે. મેં એ નમાઝ ત્યારબાદ હમેશાં અદા કરી તો અલ્લાહ તઆલાએ તેની બરકતથી મને બખ્શી આપ્યો.

ત્યારબાદ ઝબાન મુબારકથી ફર્માવ્યું કે રસૂલે ખુદા ફર્માવે છે કે જે શખ્સ આશૂરાના દિવસે કે રાતે ચાર રકાત નમાઝ રબ તઆલાની ખુશ્નુદીના માટે અદા કરે છે તેને અલ્લાહ તઆલા મુન્કર નકીરના સવાલોથી બચાવી લે છે, અને તેને ખુશ કરે છે.

# عَلَیْہِمُ السَّلَام અંબિયા થકી વિસાલ બાદ હજજ તથા ઉમરા કરવાની સાબિતી

**રજૂકર્તા : હાફેઝ મુહમ્મદસજ્જાદ શબ્બીર પટેલ-દયાદરા**

બધા જ સહાબાએ કિરામ, તાબઈન, તબએ તાબઈન, ઉલમાએ કિરામ અને ફુકહાએ એઝામ رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن નો એ અકીદો છે કે હુઝૂર સરવરે અંબિયા તેમજ બધા જ અંબિયાએ કિરામ عَلَیْہِمُ السَّلَام પોત પોતાની કબ્રો મુબારકમાં શરીર સાથે ઝિંદા છે, એમને રોજી આપવામાં આવે છે. અને તેઓ ખાય પીએ છે, નમાઝ પઢે છે, રોઝો રાખે છે અને હજજ તથા ઉમરા પણ કરે છે.

હદીષ શરીફમાં છે : હઝરત અબૂ દર્દા رضی اللہ عنہ બયાન કરે છે કે અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું, જુમ્આના દિવસે મારા પર ખૂબ જ અધિક પ્રમાણમાં દુરૂદ પઢો, કેમ કે આ એવો દિવસ છે જેમાં ફરિશ્તાઓ મારી બારગાહમાં હાજરી આપે છે. જ્યારે કોઈ શખ્સ મારા પર દુરૂદ પઢે છે તો તેનું દુરૂદ પઢેલુ પૂર્ણ કરે ત્યાં સુધીમાં મારી બારગાહમાં પેશ કરી દેવામાં આવે છે. હઝરત અબૂ દર્દા رضی اللہ عنہ બયાન કરે છે કે મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આપના વિસાલ પછી ? આપે ફર્માવ્યું, વિસાલ પછી પણ. (એટલે કે મારા વિસાલ પછી પણ તમારૂ દુરૂદ પહોંચતુ રહેશે.) બેશક ! અલ્લાહ તઆલાએ જમીન પર અંબિયા عَلَیْہِمُ السَّلَام ના શરીરને ખાવાનું હરામ કરી દીધુ છે. અલ્લાહના નબી ઝિંદા છે, રોજી આપવામાં આવે છે.

*-(સુનને ઈબ્ને માજહ, હદીષ : ૧૯૩૭)*

સહીહ મુસ્લિમ શરીફમાં છે : હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી મરવી છે કે રસૂલે અકરમ ﷺએ ફર્માવ્યું, હું શબે મેઅરાજમાં હઝરત મૂસા علیہ السلامની પાસે આવ્યો. હઝરત હદ્દાબની રિવાયત મુજબ હું લાલ ટેકરી પાસેથી પસાર થયો તો જોયું કે હઝરત મૂસા علیہ السلام પોતાની કબરમાં નમાઝ પઢી રહ્યા છે. *(૨/૨૯૮)*

બીજી એક હદીષ શરીફમાં છે : અંબિયાએ કિરામ પોત પોતાની કબ્રોમાં ઝિંદા છે. અને નમાઝ પઢે છે. *(મુસ્નદે અબૂ યઅ્લા, હદીષ : ૩૩૩૧)*

રહી એ વાત કે અંબિયાએ કિરામ વિસાલ પછી હજ તથા ઉમરા કરે છે ? તો એની પણ સાબિતી હદીષ શરીફથી છે.

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہماથી મર્વી છે કે અલ્લાહના રસૂલ ﷺ વાદીએ અઝરક પાસેથી પસાર થયા તો ફર્માવ્યું, આ કઈ વાદી છે ? સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આ વાદીએ અઝરક છે. પછી આપે ફર્માવ્યું, જાણે કે હું હઝરત મૂસા علیہ السلامને ઘાટી પરથી ઉતરતા જોઈ રહ્યો છું અને એ બુલંદ અવાજથી તલબિય્યહ પઢી રહ્યા છે. પછી આપ ﷺ "હર્શા" નામના પહાડ પર તશરીફ લાવ્યા તો પૂછયું, આ કઈ ઘાટી છે ? સહાબાએ અર્ઝ કરી "હર્શા." આપ ﷺએ ફર્માવ્યું, હું હઝરત યૂનુસ બિન મત્તા علیہ السلامને લાલ રંગના વાંકળીયા વાળવાળા ઊંટની ઉપર સવાર જોઈ રહ્યો છું, જેની લગામ ખજૂરના છાલની છે અને આપ ઊનનો બનેલ ઝભ્ભો પહેરી (લબ્બૈક) કહી રહ્યા છે. *(સહીહ મુસ્લિમ, ૧/૯૪)*

આ હદીષને હઝરત ઈમામ હાકિમે પોતાની કિતાબ "અલ્મુસ્તદરક અલસ્સહીહૈન"માં નકલ કર્યા પછી ફર્માવ્યું, આ હદીષ ઈમામ મુસ્લિમની શર્ત મુજબ સહીહ છે પરંતું ઈમામ બુખારી અને મુસ્લિમે એનું વર્ણન કર્યુ નથી.

*(અલ મુસ્તદરક અલસ્સહીહૈન મુતર્રિજમ, કિતાબુલ કુર્આન, ૩/૨૫૪, હદીષ : ૩૩૧૩, લાહોર)*

હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہ ફર્માવે છે કે રસૂલે અકરમ ﷺએ ફર્માવ્યું કે, હઝરત મૂસા બિન ઈમરાન علیہ السلامને આ વાદીમાં બે કિતવાની ચાદરોમાં એહરામની હાલતમાં જોઈ રહ્યો છું.

*(અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૧૦/૧૪૨, હદીષ : ૧૦૨૫૫)*

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવે છે કે રસૂલે કરીમ ﷺએ ફર્માવ્યું, હઝરત ઈસા બિન મરયમ علیہ السلام જરૂરથી આદિલ, ફેંસલો કરવાવાળા અને ઈમામ બનીને ઉતરશે અને એ હજ તથા ઉમરા અથવા બન્નેની નિયતથી પગપાળા ચાલી મારી કબ્ર પર જરૂર આવશે, મને સલામ કરશે અને હું એમને જરૂર જવાબ આપીશ. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہએ ફર્માવ્યું : હે મારા ભત્રીજા ! જો તમને એમની ઝિયારતની સઆદત (સદનસીબી) નસીબ થાય તો એમને અર્ઝ કરશો કે અબૂ હુરૈરહ رضی اللہ عنہએ આપની ખિદમતમાં સલામ અર્ઝ કરી છે. ઈમામ હાકિમે ફર્માવ્યું, આ હદીષ સહીહ સનદોવાળી છે પરંતુ શૈખૈને એને એ સનદ સાથે નકલ નથી કરી. *(મુસ્તદરક, ૩/૭૪૯)*

ઈમામો અને મુહદ્દિષોનાં બયાનોથી પણ એ સાબિત થાય છે કે અંબિયા علیہم السلامઆ દુનિયાથી તશરીફ લઈ ગયા બાદ પણ દરજાની બુલંદી માટે અને ઈબાદતોથી લુત્ફઅંદૂઝ થવા (લિજ્જત પામવા) માટે હજ અને ઉમરા કરે છે.

ઈમામ નવવી رحمۃ اللہ علیہ "અલ્ મિન્હાજ શરહે સહીહ મુસ્લિમ બિન હજ્જાજ"માં લખે છે,

જો કોઈ સવાલ કરે કે અંબિયાએ કિરામ ઈન્તેકાલ ફર્માવ્યા પછી કેવી રીતે હજ્જ અદા કરે છે અને તલબિય્યહ કહે છે જયારે કે તેઓ દારે આખેરતમાં છે ? દારે આખેરત અમલની જગા નથી બલ્કે બદલો મેળવવાની જગ્યા છે. તો ઈમામ નવવી (رحمۃ اللہ علیہ) ફર્માવે છે : સાંભળો ! આ સવાલના મશાઈખે ઈઝામથી અને જે મારાથી જાહેર થયા છે, કેટલાક જવાબો છે :

**(૧)** અંબિયા علیہم السلام શહીદો જેવા છે બલ્કે એમનાથી પણ અફઝલ છે. જયારે શહીદો પોતાના રબની પાસે ઝિંદા છે તો અંબિયા علیہم السلامનું હજ અદા કરવુ અને નમાઝ પઢવું મુશ્કેલ વાત નથી. જેમ કે એક બીજી હદીષમાં છે કે અંબિયા કિરામ પોતાની તાકત મુજબ અલ્લાહની નઝદીકી હાંસલ કરે છે, ભલે એ વફાત પામી ચૂક્યા છે, તો પણ તેઓ આ દુનિયામાં મૌજૂદ છે જે અમલ કરવાની જગ્યા છે, ત્યાં સુધી કે જયારે દુનિયા ખત્મ થઈ જશે અને પછી જયારે આખેરત આવશે જયાં બદલો મેળવવાનો છે તો તેમનો અમલ ખત્મ થઈ જશે.

**(૨)** આખેરતના આમાલ ઝિક્રો અઝકાર તથા દુઆઓ છે. જેમ કે અલ્લાહ ઈર્શાદ ફર્માવે છે :

એમની દુઆ એમાં (જન્નતમાં) એ હશે કે અલ્લાહ તને પાકી છે. અને તેમને મળતી વખતે ખુશીનો પહેલો બોલ સલામ છે. અને એમની દુઆનો ખાત્મો એ છે કે બધી ખૂબીઓ અલ્લાહને જે આખા જહાનનો રબ છે. *(સૂ. યૂનુસ, આ. ૧૦, કન્ઝુલ ઈમાન)*

હઝરત મુલ્લા અલી કારી હનફી رحمۃ اللہ علیہ લખે છે : બેશક ! કોઈએ એવું નથી કહ્યું કે અંબિયા علیہم السلامની કબ્રો એમના શરીરથી ખાલી છે, અને તેમની રૂહને એમના શરીરથી કોઈ સંબંધ નથી, અને જે કોઈ તેમને સલામ કરે છે એ સાંભળતા નથી.

પણ એવું જ અંબિયાએ કિરામ વિશે આવ્યું છે કે એ તલબિય્યહ કહે છે, અને હજ અદા કરે છે. તો આપણા નબી (ﷺ) માટે આ કરામતો એનાથી અધિક અંશે સાબિત છે. *(જમ્ઊલ મસાઈલ, ૨/૩૦૦)*

હઝરત અલ્લામા સૈયદ યૂસુફ બિન નહબાની (عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ) ફર્માવે છે : અંબિયાએ કિરામ علیہم السلام પોતાનાં શરીરો તથા રૂહોની સાથે આલમમાં સૈર કરે છે, અને જાહિરી હયાતની જેમ વિસાલ પછી પણ અલ્લાહની અતાથી હજ તથા ઉમરા અદા કરે છે. *(જાવાહિરુલ બિહાર, ૨/૧૩૦)*

આ જ કિતાબમાં અલ્લામા ઈમામ નૂરૂદ્દીન હલ્બીની કિતાબ ''તારીફે અહલુલ ઈમાન''ના હવાલાથી ફર્માવે છે : મારું યક઼ીન અને અક઼ીદો છે કે હુઝૂર ﷺના પાક શરીરથી ન જમાનો ખાલી છે ન મકાન, ન મહલ ન ઈમ્કાન, ન અર્શ ન લોહ, ન કુર્સી ન ક઼લમ, ન તરી ન ખુશ્કી, ન નરમ જમીન ન સખ્ત જમીન, ન બરઝખ ન ક઼બ્ર, એની તરફ અમે ઈશારો કરી ચૂક્યા છીએ અને હુઝૂરે અક઼દસ ﷺ એ કાઈનાતને ભરી દીધી છે. આ'લાને પણ અને અદનાને પણ અને ક઼બ્રને પણ. એ જ કારણે આપ ક઼બ્રે અન્વરમાં હાજર છે, બયતુલ્લાહનો તવાફ કરે છે અને પોતાના રબની બારગાહમાં ઈબાદતમાં વ્યસ્ત રહે છે. *(જવાહિરુલ બિહાર, ૨/૧૨૩)*

અલ્લામા ઝુર્કાની ફર્માવે છે : અલ્લામા ઝુર્કાની ફર્માવે છે કે ફતાવા રમલિય્યહમાં છે : અંબિયા, શોહદા, અને ઉલ્માના શરીર સડતાં નથી. અંબિયા અને શહીદો પોતપોતાની ક઼બ્રોમાં ખાઈ પીએ છે, નમાઝ પઢે છે, રોઝા રાખે છે, અને હજ અદા કરે છે. આ વિશે ઉલ્માએ કિરામનો મતભેદ છે કે પોતાની બીવીઓ સાથે નિકાહ કરે છે કે નહીં ? અને તેમને નમાઝ અને હજની અદાયગી પર સવાબ આપવામાં આવે છે. અને તેમાં એમને કોઈ મુશ્કેલી નથી થતી બલ્કે તેઓ લિજ્જત માટે આ કામો કરે છે. (એનાથી લિજ્જત પામે છે.) જો કે તેઓ આ વસ્તુના પાબંદ છે, કેમ કે વિસાલના કારણે અમલની તકલીફનો સંબંધ તૂટી જાય છે, બલ્કે એ એમની કરામત છે અને દરજાતની બુલંદીના ક઼બીલથી છે.

*–(શરહુલ ઝુર્કાની અલલ મવાહિબુલ્લદુન્નિયહ, ૭/૩૪૯)*

અને આ કિતાબમાં બીજી જગ્યાએ છે :–

ઈમામ કુસ્તલાની ફર્માવે છે કે બેશક ! આ સાબિત થયેલ હક઼ીક઼ત છે કે અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام હજ્જ કરે છે, અને તલબિય્યહ કહે છે. જો એવું કહેવામાં આવે છે કે અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام વફાત પામી ચૂક્યા છે અને તેઓ આખેરતના ઘરમાં છે ન કે અમલ કરવાની જગ્યાએ (દુનિયામાં), તો એ કઈ રીતે હજ કરે અને તબિય્યહ પઢે ? તો એનો જવાબ એ છે કે એમનો હાલ શહીદો જેવો છે બલ્કે એમનાથી પણ અફઝલ છે. જ્યારે શહીદો પોતાના રબને ત્યાં ઝિંદા છે, તેમને રોજી આપવામાં આવે છે, તો જો અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام હજ કરે, તલબિય્યહ પઢે અને નમાઝ પઢે તો એમાં શું અજબની વાત છે ?!

રહ્યો એ સવાલ કે આખેરતના ઘરમાં દુનિયાના અમલો દા.ત. રોઝા, નમાઝ, હજ્જ અને ઉમરા વગેરે કઈ રીતે થઈ શકે છે ? કેમ કે તે અમલ કરવાની જગ્યા નથી પરંતુ બદલો મેળવવાની જગ્યા છે ! તો સૌથી પહેલાં એનો જવાબ એ છે કે જેવી રીતે અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام વિશે સવાલ ઉભો થાય છે તેવી જ રીતે શોહદાએ કિરામની ઉપર પણ આ સવાલ થાય છે. જ્યારે શોહદાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن કુર્આનની દલીલ હેઠળ હયાત અને ઝિંદા છે, ખાઈ પીએ છે તો અંબિયાએ કિરામ તો એમનાથી કરોડો દરજા અફઝલ છે, તો એ હજ અને ઉમરા કરે તો એમાં શું મોટી વાત છે ?!

બીજુ કે અંબિયાએ કિરામ એટલા માટે હજ તથા ઉમરા નથી કરતા કે તેમના પર ફર્ઝ કે વાજિબ છે, બલ્કે આ કામોથી તે લિજ્જત પામે છે અને તેમને આ અમલોથી ખુશી હાંસલ થાય છે અને પોતાની તાક઼ત પ્રમાણે અલ્લાહની નઝદીકી હાંસલ કરવાની ઈચ્છા રાખે છે. આ હઝરાત ઝિક્ર તથા દુઆના રૂપે આ કામો કરે છે.

હદીષો તથા ઈમામો, મુહદ્દિષોના ઈર્શાદોથી જાહેર થયું કે અંબિયાએ કિરામ જે રીતે દુનિયાની જિંદગીમાં રોઝા, નમાઝ અને હજ તથા ઉમરા અદા કરે છે એવી જ રીતે આ દુનિયાથી તશરીફ લઈ ગયા પછી પણ અલ્લાહની અતા અને ઈજાઝતથી દરજાતની બુલંદી અને ઈબાદતોની લિજ્જત મેળવવા હજ તથા ઉમરા અદા કરે છે અને પોતાની તાક઼ત પ્રમાણે અલ્લાહની નઝદીકી હાંસલ કરે છે.

*–(અશ્રફિયા મંથલી, જૂન–૨૦૧૮)*



# કુર્બાની વિશે મસાઈલ

(કાર્યાલય)

## ★ કુર્બાનીનું વર્ણન ★

કુર્બાની માલી ઈબાદત છે. જે દરેક ગની મુસલમાન પર વાજિબ છે. ખાસ લાયકાતવાળા જાનવરને ખાસ નિયુક્ત દિવસોમાં અલ્લાહના નામ પર સવાબની નિય્યતથી ઝબહ કરવામાં આવે તેનું નામ કુર્બાની છે.

દરેક તે મુસલમાન જે મુકીમ હોય (સ્થાયી રહેવું તે), માલિકે નિસાબ હોય તથા આઝાદ હોય તેના પર કુર્બાની વાજિબ છે.

✪ જેમ પુરૂષ પર કુર્બાની વાજિબ છે તેમ સ્ત્રી પર પણ કુર્બાની વાજિબ છે. *–(દુર્રે મુખ્તાર વગેરે)*

✪ મુસાફિર પર કુર્બાની વાજિબ નથી. તેમ છતાં નફલ સમજીને કુરબાની કરે તો તેમ કરી શકે છે, તેનો સવાબ જરૂર મળશે. *(દુર્રે મુખ્તાર વગેરે)*

✪ નિસાબનો માલિક હોવાનો મતલબ એ છે કે જેની પાસે એટલો માલ હોય કે તેનાથી સદકએ ફિત્ર વાજિબ થઈ જાય. અને બીજી રીતે સમજવામાં આવે તો તે એ છે જેની પાસે તેની જીવન જરૂરીયાત ઉપરાંત ૭॥ તોલા સોનું અથવા **પરા તોલા ચાંદી** બરાબરનો માલ (રૂપિયા, સોનુ ચાંદી, વેપારનો માલ વગેરે મિલાવીને ગણતાં) હોય તે વ્યક્તિ માલિકે નિસાબ ગણાશે.

*–(દુર્રે મુખ્તાર, આલમગીરી વગેરે)*

## ★ કુર્બાનીનો સમય ★

ઝિલહજ્જ માહિનાની ૧૦ મી તારીખની સુબ્હ સાદિકથી લઈને ૧૨મી તારીખના સૂર્યાસ્ત સુધીના સમયમાં ગમે ત્યારે કુરબાની આપી શકાશે. એટલે કે કુલ **ત્રણ દિવસ** અને **બે રાત્રિ.** તેમાં ખાસ કરીને ૧૦ મી તારીખે કુર્બાની કરવી અફઝલ ગણાશે, તે પછી ૧૧ મી તારીખે પછી ૧૨ મી તારીખે.

✪ કુર્બાની જો શહેરમાં કરવી હોય તો તે માટે જરૂરી એ છે કે ઈદની નમાઝ પછી જ કરવામાં આવે, જ્યારે કે ગામડામાં ઈદની નમાઝનો હુકમ નથી જેથી ઈદની નમાઝ પહેલાં સુબ્હ સાદિકના સમયથી કુર્બાની કરી શકાશે.

✪ કુર્બાની વાજિબ થએથી કુર્બાની જ કરવી જરૂરી ગણાશે. જો કોઈ એટલી જ કિંમત કે વધુ કિંમતનું જાનવર કુર્બાનીના બદલામાં સદકો આપી દેશે તો તેનાથી કુર્બાનીનો વાજિબ અદા થશે નહિ.

*–(આલમગીરી વગેરે)*

✪ કુર્બાનીના દિવસોમાં કરે તો કુર્બાની થયેલી ગણાશે જેથી પછીના દિવસોમાં કુર્બાની કરવામાં આવી તો તે કુર્બાની ગણાશે નહિ. તેવી રીતે જો કોઈ જાનવર કુર્બાની માટે ખરીદી લીધું હોય તેની કુર્બાની કુર્બાનીના દિવસોમાં ન આપી હોય તો તે જાનવરને સદકા તરીકે આપી દેવામાં આવે અથવા તો એક બકરીની કિંમત સદકા તરીકે આપી દેવામાં આવે. *–(રદ્દુલ મુહ્તાર, આલમગીરી વગેરે)*

✪ કુર્બાની માટેના ઉપર જણાવેલ નિયમો જ્યારે જેને લાગુ પડે ત્યારે તેને માટે એક બકરી અથવા ઘેટું કુર્બાન કરવું વાજિબ થઈ પડે છે. તથા ઊંટ, ગાય કે ભેંસ હોય તો સાતમો ભાગ (તે દરેકનો) વાજિબ થશે. એનાથી ઓછાની કુર્બાની ગણાશે નહિ. ભાગીદારીમાં કુર્બાની હોય તો તેમાં પણ જો કોઈ એક ભાગીદારનો હિસ્સો સાતમા હિસ્સાથી ઓછો હશે તો કોઈની પણ કુર્બાની સહીહ થશે નહીં. અને જો સાત ભાગીદાર હોય, હિસ્સા પણ

ઓછા વધતા હોય પણ કોઈનો પણ હિસ્સો સાતમા ભાગથી ઓછો હોય તો તે જાઈઝ નથી.

✪ કુર્બાની કરાવનાર તમામ ભાગીદારોની નિય્યત ખાલી ગોશ્ત મેળવવાની નહિ પણ સવાબ મેળવવાની હોવી જોઈએ. જેને કારણે **અક઼ીકો કરનાર જો કુર્બાનીમાં સામેલ થવા ચાહે તો તે સામિલ થઈ શકે છે** કેમ કે તેની નિય્યત પણ સવાબ મેળવવાની હોય છે. બલ્કે અક઼ીકો એ પણ સવાબ મેળવવાની એક સૂરત છે. *–(રદ્દુલ મુહતાર)*

## ★ ગોશ્ત અને ચામડું ★

જો જાનવર ભાગીદારીનું હોય તો ગોશ્તનો આશરો કાઢીને નહીં બલ્કે તોલીને ભાગ કરી વહેંચવું. બાકી આશરાથી વહેંચ્યુ અને કોઈ ભાગીદારને વધારે ગોશ્ત મળ્યો તો બીજાના માફ કરવાથી પણ તે જાઈઝ ગણાશે નહિ. કારણ કે દરેકનો હક જરૂરી છે.

*–(રદ્દુલ મુહતાર, બહારે શરીઅત)*

ત્યાર પછી પોતાના હિસ્સાના ત્રણ ભાગ કરી એક ભાગ ફકીરોને આપે, એક ભાગ દોસ્ત–બિરાદરોને અને એક ભાગ પોતાના ઘર માટે રાખે. તેમાંથી પોતે પણ ખાય પોતાનાં બાળકો પણ ખાય. જો મોટુ કુટુંબ હોય તો પોતાના ઘર માટે બધો ગોશ્ત પણ રાખી શકે છે તેવી જ રીતે ચાહે તો બધો જ ગોશ્ત સદક઼ા તરીકે વહેંચી પણ શકે છે, જો કે બેહતર તો એ છે કે એક ભાગ પોતાના માટે રાખી લે.

✪ કુર્બાની મૈયત તરફથી કરી હોય તો તેના ગોશ્ત અંગે પણ હુકમ તો એ જ છે, તેમ છતાં **મરનાર તરફથી કુર્બાની કરવાની વસિયત હોય તો** તેવી હાલતમાં તમામ ગોશ્ત સદક઼ો કરી દેવો. *(અને આમ જ કુર્બાનીમાં નામ મરનારનું રાખ્યું હોય તો સૌ ખાય શકે. –તંત્રી)*

✪ કુર્બાની કરનાર (જેની હોય તે) સૌથી પહેલાં પોતાની કુર્બાનીનો ગોશ્ત ખાય એ મુસ્તહબ છે.

*–(બહરૂર્રાઈક)*

✪ કુર્બાનીનો ગોશ્ત કાફિરને આપવો નહિ કેમ કે ભારતના કાફિરો ઝિમ્મી નથી હર્બી છે.

✪ ચામડુ, દોરડુ, હાર, ઝોલો એ બધું સદકો કરી દેવું. જો કે ચામડાને પોતાના ઉપયોગમાં પણ લાવી શકે છે. દા.ત. મુસલ્લો, પાણી પીવાની ડોલ, પાથરણુ વગેરે બનાવી શકે છે. પરંતુ વેચીને તેના નાણાં પોતાના માટે વાપરવાં જાઈઝ નથી. જો વેચી દીધું તો તેના નાણા સદક઼ો કરી દેવાં વાજિબ છે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

✪ ઘણા લોકો કુર્બાનીની ખાલ ધાર્મિક મદ્રસામાં આપી દેતા હોય છે એ આપવું જાઈઝ છે. ચામડું ન આપે અને મદ્રસામાં આપવાની નિય્યતથી વેચી દઈ તેની ઉપજેલી બધી કિંમત મદ્રસામાં આપી દે તો તે પણ જાઈઝ છે. *–(આલમગીરી, બહારે શરીઅત) (મસ્જિદ, મદ્રસા કે કોઈ જાઈઝ કામમાં આપી શકે છે. –તંત્રી)*

✪ કુર્બાનીનો ગોશ્ત કે ચામડુ કસાઈને કે ઝબ્હ કરનાર વ્યક્તિને તેના મહેનતાણામાં આપવું જાઈઝ નથી. હા, દોસ્ત બિરાદરોની જેમ ભેટ નઝરાણા તરીકે આપી શકે છે. જો કે તેને પણ કોઈ મહેનતાણા પેટે કે બદલામાં ગણવામાં ન આવે. *–(હિદાયા વગેરે)*

✪ કુર્બાનીનું ચામડુ, મસ્જિદના ઈમામને પગારના બદલામાં નહિ બલ્કે મદદ તરીકે આપ્યું તો તેમાં કાંઈ વાંધો નથી. *–(બહારે શરીઅત)*

## ★ કુર્બાનીનું જાનવર ★

✪ ઊંટ, ગાય, ભેંસ, બકરી, ઘેટું વગેરે (નર–માદા) **ખસીવાળુ** કે **ખસી વગરનું** એ દરેકની કુર્બાની થઈ શકે છે. *–(આલમગીરી)*

✪ ખસ્સીની કુર્બાની ગૈર ખસ્સી કરતાં અફઝલ છે. તબીય્યિનુલ હક઼ાઈક઼ શરહે કન્ઝુદ્દક઼ાઈક઼માં છે : (અર્થ) : ''ખસ્સી તથા ગૈર ખસ્સી બંનેની કુર્બાની જાઈઝ છે અને ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ ફર્માવે છે કે ખસ્સીની કુર્બાની અફઝલ છે કારણ કે તેનો ગોશ્ત વધુ સ્વાદિષ્ટ હોય છે.'' એ જ અર્થમાં ગુરુરુલ અહકામ, શરનલાલિયહમાં બદાએઅ્થી મજમઉલ અન્હર શરહે મુલ્તકિયુલ અબહ઼રમાં છે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

*(ફતાવા અમજદિયા, ભાગ–૩, પેજ–૩૦૪)*

✪ જંગલી જાનવર જેવાં કે હરણ, રોઝ, બારાસિંગુ વગેરેની કુર્બાની થઈ શકશે નહીં. *–(આલમગીરી)*

✪ દુમ્બો એ ઘેટાંની જાતમાં ગણી શકાશે.

✪ ઊંટ પાંચ સાલનું, ગાય ભેંસ બે વર્ષ, ઘેટું બકરી એક વર્ષનું અથવા તેથી વધુ ઉંમરનાં હોવાં જોઈએ. એ કરતાં ઓછી ઉંમરના જાનવરની કુર્બાની જાઈઝ થશે નહીં. હા, ઘેટા કે દુંબાનું છ માસનું બચ્ચુ એટલું મોટુ હોય કે દૂરથી જોતાં એક વર્ષના બચ્ચા જેવું લાગે તો તે છ માસના બચ્ચાની કુર્બાની જાઈઝ છે. *–(દુર્રે મુખ્તાર)*

✪ કુર્બાનીનું જાનવર મોટુ, તાજુ, તંદુરસ્ત અને ખામી (ખોડ–ખાંપણ) વિનાનું હોવું જોઈએ. કોઈ નાની સરખી ખામી હશે તો કુર્બાની થઈ જશે પણ મકરૂહ થશે અને વધારે પડતી ખોડ ખાંપણ હશે તો તેવા જાનવરની કુર્બાની જાઈઝ નથી. *–(દુર્રે મુખ્તાર,)*

✪ જે જાનવરને જન્મથી જ શિંગડા ન હોય તેની કુર્બાની જાઈઝ છે અને જેને શિંગડાં તો હતાં પણ તૂટી ગયું અને તે એટલું તૂટી ગયું કે તેનો ગૂદો દેખાઈ તેવાની કુર્બાની જાઈઝ નથી અને ગૂદાથી ઓછા તૂટેલાં શિંગવાળા જાનવરની જાઈઝ છે.

*–(આલમગીરી વગેરે)*

✪ આંધળું, લૂલુ, લંગડુ, કાણુ, એકદમ દૂબળું, કાન કપાએલું, પૂછડું કપાએલું, આંચળ સૂકાએલા, નાક કપાએલું, જન્મથી કાન વગરનું, બીમાર, ખન્સા (જેનામાં નર–માદાની બંને નિશાની હોય) જે જાનવર ફક્ત ગંદુ (નાપાક) જ ખાતુ હોય એવાં દરેક જાનવરની કુર્બાની જાઈઝ નથી.

*–(બહારે શરીઅત, દુર્રે મુખ્તાર)*

✪ કુર્બાની કરતી વેળા જાનવરના ઉછળવા કૂદવાથી જાનવરમાં કંઈક ખોડખામી આવી ગઈ છતાં તેની કુર્બાની જાઈઝ છે. *–(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

✪ કુર્બાની કરી તે જાનવરના પેટમાં જીવતું બચ્ચું હોય તેને પણ ઝબહ કરી દેવું અને જો મરેલું હોય તો તેને ફેંકી દેવું, ઝબહ કરેલ બચ્ચાના ગોશ્તને કામમાં લઈ શકાશે. *–(બહારે શરીઅત)*

✪ બીમારી સાધારણ હોય અને લંગડાપણું એવું હોય કે ચાલી ફરી શકે છે બલ્કે ચાલીને તે જાનવર કુર્બાનીની જગા સુધી જઈ શકતું હોય અથવા નાક, કાન કે પૂછડું **ત્રીજા ભાગથી વધુ કપાએલ ન હોય** તેવા જાનવરની કુર્બાની જાઈઝ છે. *–(આલમગીરી, દુર્રે મુખ્તાર, હિદાયા)*

✪ જાનવર ખરીદયા પછી અને કુર્બાની કર્યા પહેલાં બચ્ચું જન્મયું તો તે બચ્ચાને પણ ઝબહ કરી દેવું, કુર્બાનીના દિવસોમાં જો તેને ઝબહ ન કર્યું તો તેને જીવતું જ સદક઼ા તરીકે઼ આપી દેવું અને જો વેચી દીધું તો લીધેલી કિંમત સદક઼ો કરી દેવી.

*–(આલમગીરી, બહારે શરીઅત)*

✪ આપણા આક઼ા વ મૌલા તાજદારે મદીના, હઝરત અહમદે મુજતબા મુહમ્મદ મુસ્તફા ﷺનો રહમ વ કરમ તો જુઓ કે ઉમ્મતે મર્હૂમાના તરફથી ખુદ આપે કુર્બાની કરી અને એ પ્રસંગે પણ હુઝૂર પોતાની ઉમ્મતને ભૂલ્યા નહીં, તો આપણામાંથી જેનાથી થઈ શકે તેણે હુઝૂર ﷺના તરફથી કુર્બાની આપી તો એ ઘણી જ ખુશનસીબી ગણાશે. *–(બહારે શરીઅત)*

*–(હવાલો : ક઼ાનૂને શરીઅત, ભાગ : ૧)*

# મોડર્ન એજ્યુકેશનની સંસ્થાઓ સ્થાપવી અનિવાર્ય છે

(એવા ઈદારા સ્થાપિત કરવામાં આવે જેમાં દીની અને દુનિયવી તા'લીમનો સંગમ હોય)

ઈલ્મ એક એવો ખજાનો છે એ જેને નસીબ થઈ જાય તેને ઈજ્જત, બુલંદી અને દુનિયા તથા આખેરતની કામયાબી નસીબ થઈ જાય છે. આજે ઈલ્મને ફેલાવવા માટે મીટિંગોની સાથે મોટી મોટી કોન્ફ્રન્સો કરવામાં આવે છે. અને મુસ્લિમ ઉમ્મતને ઈલ્મના અલંકારથી શણગારવાની દા'વત આપવામાં આવે છે. આ મીટિંગો તથા કોન્ફ્રન્સોમાં થતી વાતોને કેટલાક લોકો સાંભળીને અમલ કરે છે. જ્યારે મોટા ભાગના લોકો સાંભળીને ભૂલી જાય છે કારણ એ છે કે અત્યારે દીનદાર તબકો દીનના ઈલ્મની દા'વત આપે છે અને દુનિયવી ઈલ્મ પ્રાપ્ત કરેલો તબકો દુનિયાવી ઈલ્મની તરફ લોકોને ખેંચતા નજર આવે છે, જેના કારણે એ લોકો જેમની પાસે દૌલત છે તે દુનિયાવી ઈલ્મ તરફ વધારે ધ્યાન આપે છે અને જે ગરીબ છે એ લોકો દીની ઈલ્મનાં કિસ્મત અજમાવવાની કોશિશ કરે છે. જ્યારે કે બંને ઉલૂમનું ઈલ્મ પ્રાપ્ત કરવું આજના જ દૌરની નહીં પરંતુ દરેક દૌરની જરૂરત રહી છે.

આજના સમયમાં દુનિયાવી શિક્ષણ પ્રાપ્ત કરેલ લોકોને ઈસ્લામી તાલીમ પહોંચાડવા, ઈસ્લામની સચ્ચાઈ એમના પર જાહેર કરવા અને ઈસ્લામના ખૂબસૂરત ચેહરાને બેનક઼ાબ કરવા માટે જેવી રીતે દીની ઈલ્મની જરૂરત છે તેવી જ રીતે દુનિયાવી ઈલ્મની પણ જરૂરત છે. આજે આપણને એવા દાઈ (દાવત આપનાર) તથા મુબલ્લિગોની ખૂબ જ કમી મેહસૂસ થાય છે જે દીની અને દુનિયાવી તાલીમ પ્રાપ્ત કરેલ હોય અને એ સમાજના એવા મોટા લોકો જે દુનિયાવી તા'લીમ હાંસલ કરેલા હોય તેવા લોકોને ઈસ્લામનું અસલ હુસ્ન બતાવી તેમને ઈસ્લામ અને પયગંબરે ઈસ્લામથી નઝદીક કરી શકે.

છેલ્લી ૮ સદીઓ પહેલાંની તાલીમી વ્યવસ્થાને આપણે જોઈએ તો જાણવા મળશે કે ઈસ્લામના ફેલાવાનો તથા તેના પ્રભાવનો સબબ શું હતો ? નીચે જણાવેલ સંશોધન જુઓ :

ઈસ્લામી દુનિયાનો પશ્ચિમી વિસ્તાર કુરતબાથી લઈને છેલ્લા કિનારા સુધી હજારો એવી દર્સગાહો સ્થાપિત હતી જ્યાં દરેક સમયે વિદ્યાર્થીઓની ભીડ લાગેલી રહેતી હતી. વિલડેવારર્ન લખે છે : ભૂગોળ શાસ્ત્રીઓ, ઈતિહાસકારો, ફક઼ીહો, ડોકટરો અને હક઼ીમોના ટોળાંઓથી સડકો પર ચાલવુ મુશ્કેલ હતું.

*–(એજ ઓફ ફેઈથ : ૩૭)*

એવી જ રીતે મિર્ઝા હેરત દહેલ્વી હાલાતે સઅદી પેજ નં. ૬૭માં લખે છે :–

દારુલ ઉલૂમ નિઝામિયા (બગદાદ) આખું એક શહેર હતું જેમાં અગણિત કમરાઓ અને મોટો હોલ જેમાં ૧૦,૦૦૦ માણસો સમાય શકતા, ત્યાં કુર્આન, હદીષ ફિક઼્હ, ફિલોસોફી, ગણિત, અને બીજા ઈલ્મોની તાલીમનો પૂરો બંદોબસ્ત હતો.

એક વિભાગ અજનબી (વિદેશી) ભાષાઓનો હતો જ્યાં યુનાની, ઈબ્રાની, લાતિની, સંસ્કૃત તથા ફારસી પઢાવવામાં આવતી હતી. આ ઈલ્મો સિવાય તીરંદાજી, ઘોડે સવારી ભાલા બાજી પણ શીખવવામાં આવતી હતી. *(મક઼ાલાતે પીર કરમશાહ અઝહરી)*

**અઝ : હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી** *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

**અનુવાદક : હાફેઝ મુહમ્મદસજ્જાદ શબ્બીર પટેલ–દયાદરા**

આ રમઝાન મુબારકમાં મદીના મુનવ્વરામાં હઝરત અલ્લામા ઈફતિખાર અહમદ કાદરી (ખલીફા અલ્લામા ઝિયાઉદ્દીન મદની عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ)ની દા'વત પર તેમના ઘરે સેહરી માટે હાજરી નસીબ થઈ. આપે વાતચીતના દરમિયાન ફર્માવ્યું, આજે મુસ્લિમ ઉમ્મત પશ્ચિમી દુનિયાની નકલ કરવામાં ખૂબ જ ડૂબેલી છે. આપણો દુનિયાવી તાલીમ હાંસલ કરેલ તબક્રો દુનિયાવી તાલીમ જ હાંસલ કરવું જરૂરી સમજે છે. પરંતુ કોઈપણ મેદાનમાં આપણી કૌમ પ્રગતિ કરેલી કોમથી આગળ તો ઠીક, બરાબર પણ નથી. મુસ્લિમ ઉમ્મત એજ્યુકેશન તથા આર્થિક બંનેવ ક્ષેત્રે પછાત રહી ગઈ છે.

હાલના સર્વે મુજબ પૂરી દુનિયાની ૭૦% મુસ્લિમ વસ્તીની રોજની આવક ફક્ત ૨ ડોલર છે. વિચારો કે દુનિયાના નક્શામાં આપણી હાજરી ક્યાં છે ? શું ક્યારેક આ દિશામાં વિચારણા કરી ? જો આજે પણ આપણે સોચી સમજીને નક્કી કરીએ કે આપણી હાલત કઈ રીતે સંવારી શકાય તો એમાં કોઈ શક નથી કે ઉમ્મતની ખોવાયેલ પ્રતિષ્ઠા ફરીથી હાંસલ થઈ શકે છે. કુર્આને કરીમમાં છે :–

قُلْ اِنَّمَآ اَعِظُكُمْ بِوَاحِدَةٍ ۚ اَنْ تَقُوْمُوْا لِلّٰهِ مَثْنٰى وَ فُرَادٰى ثُمَّ تَتَفَكَّرُوْا ۟

''તમે ફર્માવો, હું તમને એક નસીહત કરું છું કે અલ્લાહના માટે ઉભા રહો બે બે કે એકલા એકલા, પછી વિચારો..'' *(સૂ. સબા, ૩૪/૪૬)*

ઈખ્લાસની સાથે જો એક શખ્સ પણ તૈયાર થઈ જાય તો આખા દેશની કાયા પલટી શકે છે. જરૂરત એ વાતની છે કે આપણે એવા એજ્યુકેશન સેન્ટરો સ્થાપિત કરીએ જેમાં દીની તથા દુનિયાવી તાલીમનો સંગમ હોય. એના માટે અલ્લાહ પર તવક્કુલ કરી હુઝૂર સરવરે કાઈનાત ﷺનો સહારો લઈને તૈયાર થઈ જઈએ. અટલ નિશ્ચય બનાવી, અમલી હિકમત સાથે આગળ વધીએ અને પોતાના માટે નજાતનો સામાન બનાવીએ.''

*–(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, જુલાઈ–૨૦૧૮)*

પેજ 47 નું ચાલુ.. એટલા માટે આપની ખુદ રચેલી ખિલાફતના ચાર કે પાંચ વરસોનો દૌર એ અઝાબે ખુદાવંદી હતો.....આપની શહાદત ઈસ્લામી જગત માટે એક આયએ રહમત (રહમતની નિશાની) સાબિત થઈ.

*–(સિદ્દીકે અકબર, પેજ : ૨૩૭)*

**★ હઝરત ઉમર رضی اللہ عنہની શાનમાં ગુસ્તાખી ★**

મશહૂર ગૈર મુકલ્લિદ મોલ્વી મુહમ્મદ જુનાગઢી લખે છે : ''હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہની સમજ વિશ્વસનીય નથી.'' (નઊઝુબિલ્લાહ !)

અને ગૈર મુકલ્લિદ ષનાઉલ્લાહ અમૃત્સરી, મુહમ્મદ જુનાગઢીના હવાલાથી હઝરત ઉમર رضی اللہ عنہના ત્રણ તલાકના ત્રણ હોવાવાળા ફત્વાના વિશે લખે છે : દોસ્તો ! જો એના પર આગ્રહ છે કે, નહીં ! હઝરત ઉમર رضی اللہ عنہએ આ ફત્વો હમેશાંના માટે શરઈ તૌર પર જ આપ્યો છે, તો અમે કહીએ છીએ કે તો પછી આપ તથા અમો તેને કેમ માનીએ ? આપણે ફારૂકી તો નથી મુહમ્મદી છીએ !

*–(શમાએ મુહમ્મદી, પેજ઼ ૧૯)*

**★ હુઝૂર ﷺની શાનમાં બેઅદબી ! ★**

ગૈર મુકલ્લિદ મુફસ્સિર મૌલાના મુહમ્મદ જુનાગઢી હિંમતભેર લખે છે :–

''સાંભળો જનાબ ! બુઝુર્ગોની, મુજતહિદો તથા ઈમામની રાય, ક્રિયાસ, ઈજતેહાદ, ઈસ્તિંબાત તથા તેમનાં કથનો તો ક્યાં ! ઈસ્લામી શરીઅતમાં તો ખુદ નબીએ કરીમ (ﷺ) પણ પોતાના તરફથી વહી વિના કાંઈ ફર્માવે તો તે પણ હુજ્જત થશે નહીં. *(તરીકે મુહમ્મદી, પેજ : ૫૭)*

આ અને આવા અનેક બદ્અકીદાઓ આ ગૈર મુકલ્લિદો, કહેવાતા અહલે હદીષ ફિર્કાના છે તો મુસલમાનોએ તેમની સોહબતથી દૂર રહીને પોતાના ઈમાનની હિફાઝત કરવી જોઈએ.

# અરબોંકી દૌલત કિસ તરહ લુટ રહી હૈ?



કાર્યાલય

મંથલી અફકારે મિલ્લી કે જુલાઈ ૨૦૧૫ કે ઈસ્યુમેં ઈસ હેડિંગસે ડો. મહમૂદ અહમદ ગાઝી મરહૂમકા એક આર્ટીકલ છપા હૈ. જિસકે બારેમેં બતાતે હુએ મેગ્ઝીનકે આસિસ્ટન્ટ એડિટર ડો. ગતરીફ શાહનવાઝ નદવીને લિખ્ખા હૈ કિ : "અરબ મુલ્ક ખાસકર ગલ્ફવાલે મુલ્ક પેટ્રોલકી શકલમેં એક બહુત કિ઼મતી દૌલત કે માલિક હૈ. ઈસકે અલાવા સોને ઔર દૂસરી ક઼ીમતી ખાનોંકી ભી યહાં કમી નહીં હૈ. યહ ગ્લોબલ બિઝનેસકી સબસે બળી ગુઝરગાહ હૈ, પૂરાની તહઝીબો ઔર કલ્ચર્સકા સેન્ટર રહા હૈ. દુન્યાકે તીન બળે આસ્માની મઝહબ યહૂદિયત, ઈસાઈયત ઔર ઈસ્લામકા ગહવારા ભી યહી ઈલાકા હૈ.

ઈન ક઼ીમતી કુદરતી રિસોર્સિઝ ઔર તહઝીબી ઔર તઝવીરી અહમિયતકી વજહસે તો યહ હોના ચાહિયે થા કે અરબ દુન્યા ફાઈનેન્શલ તરક્કી, એજ્યુકેશન વ રિસર્ચમેં તરક્કી ઔર સાયન્સ વ ટેક્નોલોજી કી ઊંચાઈયોંકા સેન્ટર બનકર ન સિર્ફ પૂરી ઈસ્લામી દુન્યા કે લિયે રોલ મોડલ બનતે બલ્કે બાક઼ી દુન્યા કે સામને ભી ઈસ્લામકી એજ્યુકેશનલ, કલ્ચરલ ઔર ઈકોનોમિકલ વેલ્યૂઝકી ખુલી મિષાલ હોતે.

...લેકિન બદકિસ્મતીસે યહ દૌલત અરબ કે બાદશાહો અમીરોં, દૌલતમંદો ઔર ન જાને કિતને શહઝાદોં ઔર શહઝાદિયોં કી અય્યાશી, ફુઝૂલખર્ચી ઔર લુટ ખસોટકા ઝરિયા બનકર રહ ગઈ હૈ. ....ઔર જબ ઉનસે ભી ખર્ચ ન હુઈ તો ઉન્હોંને અપની ઈસ બેશુમાર ખુદાકી દી હુઈ દૌલત કો, જિસમેં ઉનકી અપની મેહનત વ મશક્કત ઝરા સી ભી નહીં થી, દુસરે મુસ્લિમ મુલ્કોંકી તાલીમ વ તરક્કી ઔર ખુશહાલી પર લગાનેકે બજાયે વેસ્ટર્ન, યહૂદી ઔર ઈસાઈ મુલ્કોંકે બેન્કોંમેં ટ્રાન્સફર કરના શુરૂ કર દિયા. વેસ્ટર્ન, યહૂદી ઔર ઈસાઈ મુલ્કોંકે જિનસે દોસ્તી કરને ઔર જિન્હેં અપના વલી વ સરપરસ્ત બનાનેસે હમેં મના કિયા ગયા થા. ઈસ દૌલતકા ક્યા કિયા ? ડો. મહમૂદ અહમદ ગાઝીને અપને ઈસ મઝમૂનમેં યહી બતાયા હૈ.

વહ લિખતે હૈં કે ૧૯૮૧મેં કનાડા કી એક ઈકોનોમિકલ ઔર પોલિટિકલ સાયન્સ કી એક પ્રોફેસર સઉદી અરબ આઈ ઔર ખુદકો એક મશહૂર જર્નાલિસ્ટકી બીબી કે તૌર પર પહચાનવાયા ઔર ઝાહિર કિયા કે ઉસકો અરબોં ઔર મુસલમાનોંકી ઝિંદગી, રહન સહન, કલ્ચર ઔર ખાનદાની ઉસૂલોંસે દિલચસ્પી હૈ. વહ ૧૯૮૪ તક ચાર સાલ વહાં ઈસ તરહ રહી કે ઉસકો વહ સહૂલતેં ભી હાસિલ હો ગઈ જો આમ તૌર પર ગૈર મુલ્કિયોંકો નહીં મિલતી થી. ૧૯૮૪મેં ઉસને **The Saudis** કે નામસે એક કિતાબ લિખી જો અપને વક્તકી બહુત મશહૂર ઔર સબસે ઝિયાદા બિકનેવાલી **The best sellers** કિતાબોં મે ગિની ગઈ. ૧૯૮૪ સે ૧૯૮૯ કે બીચ ઉસકે બીસિયોં એડિશન છપે ઔર લાખોં કોપી દુન્યાભરમેં પળી ગઈ.

ઈસ કિતાબ કે એક ચેપ્ટર મેં સઉદી અરબકી આમદની કા તફસીલ સે તઝકિરા હૈ. યહ રાઈટર અપની રિસર્ચમેં ઈસ નતીજે પહુંચી હૈ કે ખુદ સઉદિયોં કો ક઼તઈ તૌર પર નહીં માલૂમ કે ઉનકી આમદની કિતની હૈ ઔર ઉનકે પાસ કુલ કિતની દૌલત હૈ. બળી

ઈંટેલિજેંસ એજન્સિયોં જૈસે C.I.A. કો પતા હો તો હો, સઉદિયોં કો બહરહાલ નહીં માલૂમ. સઉદી અરબકી કુલ આમદની કા ૧૫% હિસ્સા શાહી ખાનદાનકો બતૌર રોયલ્ટી દિયા જાતા હૈ. શાહી ખાનદાનસે મુરાદ વહ તમામ લોગ હૈં જો શાહ અબ્દુલઅઝીઝ કે દાદા કી ઔલાદમેં સે હૈ. જિનમેં શાહ અબ્દુલ અઝીઝકે ચચાઓંકી ઔલાદેં ઔર દાદાકે ભાઈકી ઔલાદેં ભી શામિલ હૈં. ૧૯૮૦ કી દહાઈમેં જબ વહ કિતાબ લિખી ગઈ, શાહી ખાનદાનવાલોંકી કુલ તાદાદ સાઢે તીન હઝાર થી ઔર ઉસૂલ યહ થા કે રોયલ્ટીમેં સબસે બળા હિસ્સા ખુદ બાદશાહ કા હોગા જો ઉસ વક્ત ખાલિદ બિન અબ્દુલઅઝીઝ થે. ફિર શાહકે ભાઈયોં કો ઔર ફિર દુરકે ભાઈ, ભતીજોં કો શાહી ખાનદાનકે ઈન સાઢે તીન હઝાર લોગોંમેંસે ઉસ વક્ત ૧૯૮૪મેં જબ કિતાબ છપી થી, સબસે કમ રોયલ્ટી ૧૦ (દસ) લાખ ડોલર રોઝાના યાને તીન કરોડ માહાના, યાની છત્રીસ કરોડ સાલાના થી. અબ ઈસીસે અંદાઝા લગાઈયે કે પૂરે મુલ્ક કી આમદની કિતની રહી હોગી ?

ડો. મહમૂદ અહમદ ગાઝીને લિખ્ખા હૈ કે સચ્ચાઈ યહ હૈ કે સઉદિયોંકી યહ બેઅંદાઝા દૌલત નાલિયોંમેં બહાને (ફુઝૂલ ખર્ચી)સે ભી ખત્મ નહીં હુઈ ઔર રોઝ બરોઝ બઢતી હી ચલી ગઈ. દૌલતકા ઝિયાદાતર હિસ્સા અમેરિકાકે બેન્કોંમેં જમા થા જિસકા સૂદ ઈતના થા કે એક્સપર્ટકે મુતાબિક સઉદી સિસ્ટમ ઔર હુકૂમતકો ચલાને કે લિયે તેલ કી દૌલતકા સૂદ હી કાફી થા. ઈસલિયે અમરીકાને પૂરી સઉદી દૌલત પર કબ્ઝા કરને કે લિયે ૧૯૮૨ મેં એક નયા કાનૂન બનાકર લાગૂ કર દિયા કે અગર અમેરિકાકે કિસી બેંન્કમેં કિસી ગૈર અમરીકીકી દૌલત ૧૦ મિલિયન ડોલરસે ઝિયાદા હો તો ઉસે એક સાલમેં કુલ રકમ કા ૨% સે ઝિયાદા નિકાલનેકા હક નહીં હોગા. યાની હર ગૈર અમેરિકી જમા કરનેવાલે કે ૯૮% દૌલત હર હાલમેં અમેરિકી બેંકોમેં જમા રહેગી ઔર ઈસ રકમકે માલિકકા ઉસ રકમ પર કોઈ હક નહીં હોગા.

ડો. ગાઝીને લિખા હૈ કે ઉન્હોંને ઉસી સાલ ૧૯૮૨મેં ઈસ અમેરિકી કાનૂન કે ટેક્સ્ટકા અરબી ટ્રાંસ્લેશન કિયા ઔર અક મેમોરેન્ડમ લિખકર સઉદી હુકૂમતકો દિયા જિસમેં યહ ગુઝારિશ કી ગઈ કે અબ કુલ જમા દૌલત કે ૨% સે ઝિયાદા તો કભી નિકાલ હી નહીં સકતે, લેકિન કમ સે કમ ઈતના તો અબ ભી કર સકતે હૈં કે **(૧)** અબ આગેસે અપના સરમાયા વહાં જમા કરના બંધ કર દે. **(૨)** જો રકમ ઈસ વક્ત વહાં જમા હૈ ઉસમેં સે હર સાલ ૨% (જિસકી અમેરિકી કાનૂનને ઈજાઝત દી હૈ) કમ સે કમ ઝરૂર વહાંસે નિકાલતે રહેં. ઈસ તરહ ઉમ્મીદ હૈ કે ૬૦–૬૫ સાલમેં આપ અપની દૌલત વાપસ લેનેમેં કામિયાબ હો જાયેંગે. વહ આગે લિખતે હૈં કે ઉસ વક્ત આજ કી તરહ ન કોમ્પ્યુટર હર તરફ થે ન હી ફોટો સ્ટેટ મશીનેં, બળી મેહનતસે ઈસે ટાઈપ કરવાયા ઔર ઉસકી છ સાત કોપિયાં તૈયાર કરવાઈ ઔર અરબ મુલ્ક કે બાદશાહોં ઔર ઉનકી એમ્બેસિયોંકો ભેજ દી, લેકિન આજ તક કિસી એકને ભી ન જવાબ દિયા ન ઈસ પ્રોપોઝલ પર કોઈ કારવાઈ કી. અરબ મુલ્કોંકી દૌલત આજ ભી અમેરિકી બેન્કોં મેં જમા હો રહી હૈ !

ડો. ગાઝી લિખતે હૈં કે જબ સદ્દામ હુસૈનને કુવૈત પર કબ્ઝા કિયા તો અમેરિકી ઔર નેટો ફૌજેં સઉદી અરબ પહુંચ ગઈ કે હમ કુવૈતકો આઝાદ કરાને ઔર આપકી હિફાઝત કે લિયે આયે હૈં, ઈસ લિયે ઈન તમામ ફૌજોંકા ખર્ચ આપ હી કો અદા કરના હોગા. ઉસકે અલાવા ચીન ઔર દૂસરે મુલ્કોંસે UNO મેં ઈરાકકે ખિલાફ અમેરિકી ફૌજી કારવાઈકી હિમાયત કરનેકે લિયે તીન અરબ ડોલર માંગ લિયે હૈં વહ ભી

આપકો અદા કરને હોંગે.

યાની સઉદી અરબ ઔર કુવૈતને તીન અરબ ડોલરમેં ઈરાક પર હમલે કે લિયે UNO કી હિમાયત ખરીદી થી. ફિર ડો. ગાઝી લિખતે હૈં કે અગર અમેરિકાને એક મિઝાઈલ દાગા તો કુવૈત ઔર સઉદી અરબકો દસ મિઝાઈલોંકા બિલ દિયા. (નોટ : આજ ભી યમન પર હુમલા કરનેકા યા યું કહો કે એક મુસ્લિમ મુલ્કકો તબાહ વ બરબાદ કરને કે લિયે સઉદી અરબસે અમેરિકા કિતની બળી રકમ એંઠ રહા હોગા ? ફિર ભી સિર્ફ ઔર સિર્ફ **અલ્લાહકી મદદ કે દાવેદાર** સઉદી "અમરિકા અલ મદદ" કહેનેકો બિદઅત નહીં જાનતે ! ઔર જો શિર્કકા ઢંઢોરા પિટ રહે હૈં. રોઝએ રસૂલ ﷺ કે રોઝએ અનવર કી જાલીકો ચુમના બિદઅત જાનતે હૈં, વો મુહમ્મદ બિન સલમાન, પાકિસ્તાનકે નવાઝ શરીફકો અપના હાથ ચુમવાને કો શિર્ક યા બિદઅત નહીં જાનતે ?! ઈસે કહતે હૈં સિતમ બાલાએ સિતમ. અલિફ. લામ. જલાલી)

અમરિકી ફૌજીયોંકી તાદાદ કઈ ગુના બળ્હાકર બતાઈ ગઈ ઔર એક અમરિકી સિપાહીકી તનખ્વાહ ઈતની વસૂલ કી ગઈ જિતની કિસી સઊદી યુનિવર્સિટી કે વાઈસ ચાન્સેલર કી રહી હોગી ! સઊદી ઔર કુવૈતી ખઝાનોંસે અમેરિકી ફૌજોં ઔર જંગકા પૂરા ખર્ચ સાલોં સાલ બરાબર અદા કિયા જાતા રહા.

યહાં તક કે ૧૯૯૦ કે બાદ સે કઈ સાલ તક સઉદી અરબ ઔર કુવૈત અમરીકાકો અપના તેલ મુફ્ત સપ્લાય કરતે રહે ! ઈસ તેલકો અમેરિકા તક પહુંચાનેકા ખર્ચ ભી સઉદી અરબ ઔર કુવૈત અદા કરતે થે !

ડો. મહમૂદ ગાઝીને અપના આર્ટીકલ ઈસ બાત પર ખત્મ કિયા હૈ કે ૧૯૯૦ કી ઈરાક જંગકા બિલ પૂરી તરહ અદા હુવા હૈ યા નહીં યહ અલ્લાહ ﷻ હી બેહતર જાનતા હૈ.

યાને યહ ઈરાક જંગ વહ થી જિસમેં લાખોં ઈરકિયોંકો કત્લ ઔર પૂરે મુલ્કકો પત્થરકે ઝમાનેમેં પહુંચા દેનેકી ક઼િમત સઉદી બાદશાહ ઔર કુવૈતકે અમીરને અદા કી થી.

*(**નોટ** : આજ ભી સઉદી અરબ ઔર ઉસકે ઈત્તેહાદી મુલ્ક અપને પસંદીદા ખલીફાકો યમનકી બાગડોર સોંપને કે લિયે મુસલસલ તીન સાલસે યમન કો ઔર મુસલમાનોંકો તબાહ વ બરબાદ કર રહે હૈં. યે બાદશાહતે રોહિંગ્યા મુસલમાનોં કે લિયે ક્યા કર રહી હૈ ???*

*કુર્આને કરીમ કી ઈસ આયતે કરીમા પર યે બાદશાહતેં કબ અમલ કરેંગી ? "યહૂદી ઔર નસારા તુમ્હારે કભી ભી દોસ્ત નહીં બન સકતે !")*

*("ફારૂક" સાપ્તાહિક, તા. ૨૯–૬–૨૦૧૮, ભૂજ–કચ્છના સૌજન્યથી : હિન્દી મેગેઝિન મરયમ લખનૌ આલમ નકવી, રજૂ. અલિફ. લામ. જલાલી, ધંધુકા)*


**પોસ્ટ કાર્ડ લખીને મફત મંગાવો**

**(૧) (કિતાબ) વાલીએ સોરઠ હઝરત મિયાં મહમૂદ શાહ** رحمۃ اللہ علیہ *(પેજીસ : ૨૪)*
**સંપાદક** : સૈયદ જીલાની મિયાં બુખારી નકશબંદી (રાણાવાવ)

**(૨) (કિતાબ) સખી સરકાર લાલોં કે લાલ હઝરત લાલશાહ બાવા** رحمۃ اللہ علیہ
**સંકલન** : અબ્દુલવહાબભાઈ શામી–ધોરાજી *(પેજીસ : ૪૦)*

**(૩) (કિતાબ) હઝરત પેથાપીર દાદા** رحمۃ اللہ علیہ *(પેજીસ : ૪૦)*

**ત્રણેવ કિતાબોના પ્રકાશક** : સુન્ની મુસ્લિમ કમિટી, ઈમામ અહમદ રઝા મંઝિલ, વેરી દરવાજા, ગોંડલ–૩૬૦૩૧૧, ફોન : (૦૨૮૨૫) ૨૨૪૭૮૬



# ઈલ્મ પામવાની રાહમાં તકલીફો અને આપણા બુઝુર્ગો

**હપ્તો : ૦૧**


**અઝ : હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી**

*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**

*(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*


જ્યારે કોઈ ચીજથી મહોબ્બત હોય છે તો તેને પ્રાપ્ત કરવાની તમન્ના પણ હમેશાં દિલને વિહવળ તથા બેચૈન કરે છે. તો એવું નથી થતું કે પ્રાપ્તિના માર્ગમાં પડનારી મુસીબતો અને ગુંચવણભર્યા રસ્તાઓના સબબે તલબ કરનારો પોતાની તલબને પડતી મૂકે બલ્કે તે સતત કોશિશ કરતો રહે છે ભલે ગમે તેટલી તકલીફો તેને વેઠવી પડે, કે કદી ન કદી અલ્લાહની તૌફીક઼થી જરૂર પોતાના હેતુને પામી લેશે.

## ઈલ્મ પ્રાપ્તિનો માર્ગ કઠિન છે !

એ જ પ્રમાણે જે લોકો અલ્લાહની મઅરેફત પામવા માટે ઈલ્મે દીનની પ્રાપ્તિમાં લાગી જાય છે, અને તેઓ આ માર્ગમાં આવનારી મુસીબતો તથા તકલીફોનો અડગ રહીને મુકાબલો કરે છે અને કદાપિ જમાનાની સામે ઝુકવાનું નામ નથી લેતા. કેમ કે મંઝિલ હમેશાં આસાન રસ્તાઓ પર ચાલવાથી જ નથી મળતી બલ્કે કેટલીયેવાર મુશ્કેલીઓનો સામનો પણ કરવો પડે છે.

જેથી નબવી ઈલ્મોના તાલિબોએ જોઈએ કે તેઓ પોતાની તલબે ઈલ્મની સફરને હમેશાં ચાલુ રાખે અને ચાહે જેટલી પણ મુશ્કેલીઓનો સામનો કરવો પડે કદાપિ પોતાના માથા પર કરચલીનાં નિશાનો ન પેદા થવા દે, બલ્કે સબ્ર કરે અને સબ્ર પણ સબ્રે જમીલ હોય. સબ્રે જમીલના વિશે અમુક સૂફીઓનો ક઼ૌલ છે :–

اَلصَّبْرُ الْجَمِيْلُ هُوَ الَّذِىْ لَا شِكْوٰى فِيْهِ اِلٰى النَّاسِ

**"સબ્રે જમીલ એ છે કે તું કોઈ તકલીફની ફરિયાદ લોકો સામે ન કરે."**

*–(તબક઼ાતુસ્સૂફિયહ, ૧/૪૭)*

તાલિબે ઈલ્મ (વિદ્યાર્થી)એ જોઈએ કે જે કાંઈ થોડુ મળી જાય એના પર ક઼નાઅત કરી લે (રાજી થઈ જાય) અને પહેરવાના માટે જરૂરત પૂરતુ જે મળી જાય તેને ઘણુ સમજે. એટલા માટે કે તાલિબે ઈલ્મના જમાનામાં તંગદસ્તી અને તંગદામની પર સબ્ર કરવી ઈલ્મની વિશાળતાનો ઝરીયો છે.

## ઈલ્મની તલબમાં ભૂખ્યા તરસ્યા રહેવું

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہની સાથે ઈલ્મની તલબ દરમિયાન ઘણીવાર એવું થતું કે ભૂખના કારણે આપ બેહોશ થઈ જતા અને લોકો સમજતા કે કોઈ બીમારીના કારણે આપ બેહોશ થઈ ગયા છે.

એકવાર ત્રણ દિવસ પસાર થઈ ગયા પણ પાણી સિવાય આપના ગળા નીચે કોઈ ચીજ ન ઉતરી. તો આપ મજબૂર તથા પરેશાન થઈને "સુફ્ફા"થી (જ્યાં બેસીને હુઝૂર علیه التحية والتسليمથી ઈલ્મ શીખતા હતા) બહાર નીકળ્યા કે કોઈ સાથી મળી જાય તો તેની પાસેથી ખાવાની કોઈ ચીજ લઈ લે. એટલામાં જોયું કે હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ આવી રહ્યા છે. આપે આગળ વધીને સલામ કરી અને તેમની સાથે ચાલતાં ચાલતાં મસાઈલ પર ચર્ચા શરૂ કરી દીધી કે એ બહાને ઘર સુધી પહોંચી જાય. હઝરત સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہનું ધ્યાન ન ગયું અથવા આપના ઘરમાં પણ કાંઈ ન હતું એટલા માટે આપે આખી વાતચીત ઘર બહાર જ પૂરી કરીને

મુસાફો કરીને આપને વિદાય કરી આપ્યા.

એટલામાં જોયું કે હઝરત ઉમર رضی اللہ عنہ આવી રહ્યા છે. આપે તેમની સાથે મુસાફો કર્યો અને ચાલતાં ચાલતાં મસાઈલ પર ચર્ચા શરૂ કરી દીધી. હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہએ પણ હઝરત અબૂબક્ર رضی اللہ عنہની જેમ ઘરે લઈ જવાને બદલે બહારથી જ વિદાય કરી આપ્યા.

આપ પાછા ફરી રહ્યા હતા એવામાં જોયું કે મહબૂબે રબ્બુલ આલમીન, શફીઉલ મુઝનબીન علیه التحیة والتسلیم તશરીફ લાવી રહ્યા છે. સરકાર ﷺ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہને જોતાં જ મુસ્કુરાવા લાગ્યા અને ફર્માવ્યું, અબૂ હુરૈરહ્ ! લાગે છે ભૂખની તકલીફથી બેચૈન છો ! આપે હકારમાં માથુ હલાવ્યું. હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, ચાલો મારી સાથે ! હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ આપના ઘરમાં દાખલ થયા. હુઝૂર ﷺ ઘરની અંદર તશરીફ લઈ ગયા અને ઘરવાળાંઓને પૂછયું, કાંઈ ખાવા માટે છે ? ઘરવાળાંઓએ જવાબ આપ્યો કે એક પ્યાલો દૂધનો હદિયા રૂપે આપના માટે કોઈકે મોકલ્યો છે. આપે એ પ્યાલો લીધો અને હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہની પાસે તશરીફ લાવ્યા. દૂધના પ્યાલા પર નજર પડતાં જ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہની જાનમાં જાન આવી ! કે એમનું રિઝક્ નબી કરીમ علیہ الصلوٰۃ والسلامના દસ્તે મુબારક થકી મળી રહ્યું છે.

નબી કરીમ علیہ الصلوٰۃ والسلامએ અબૂ હુરૈરહ્ને ફર્માવ્યું, હે અબૂ હુરૈરહ્ ! જાવ ! સુફફાવાળાઓને બોલાવી લાવો ! એ વખતે સુફ્ફામાં મહેમાને રસૂલની સંખ્યા સિત્તેર હતી. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે કે આપનો ઈર્શાદ સાંભળીને હું પરેશાન થઈ ગયો અને વિચારવા લાગ્યો કે આ (એક પ્યાલો) દૂધ સુફ્ફાવાળાઓને શું કામ આપશે ! પરંતુ હુઝૂર ﷺના હુકમ સામે જાંનિષાર સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین તરત જ માથુ નમાવી દેતા હતા. એટલા માટે તરત જ આપ સુફ્ફાવાળા સહાબીઓને બોલાવવા માટે ગયા અને મનમાંને મનમાં વિચારવા લાગ્યા કે મારી હાલત સૌથી ખરાબ છે જેથી સૌ પ્રથમ મને દૂધ પીવડાવશે. તમામ મહેમાનાને રસૂલ, હુઝૂર ﷺના હુકમ પર આવી ગયા. હુઝૂર ﷺએ હુકમ આપ્યો, હે અબૂ હુરૈરહ્ ! આ દૂધ લો અને સુફ્ફાવાળાઓને (પીવા માટે) આપી દો !

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہએ હુકમના પાલનમાં એક પછી એક સાથીને દૂધ પીવડાવવાનું શરૂ કર્યું. દરેક સાથી ધરાઈને દૂધ પીતો રહ્યો, ત્યાં સુધી કે સિત્તેરે સિત્તેર સહાબી ધરાઈ ગયા. હુઝૂર علیه التحیة والتسلیمએ હવે અબૂ હુરૈરહ્ رضی اللہ عنہને ફર્માવ્યું કે દૂધ પીઓ ! હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہએ ધરાઈને દૂધ પીધું. આપે ફર્માવ્યું, હજી પીઓ ! હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہએ અધિક પીધુ. ત્યાર બાદ કહ્યું, આક્ા ! હવે તદન ગુંજાઈશ નથી રહી ! *(સહીહ બુખારી, ૮/૯૬)* આના પર આ'લા હઝરત رحمۃ اللہ علیہએ ફર્માવ્યું છે :–

*ક્યૂં જનાબે બૂ હુરૈરહ્ હાં વો કૈસા જામ થા*
*જિસસે સત્તર સાથિયોં કા દૂધ સે મુંહ ફિર ગયા !*

## હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ વેઠેલી તકલીફો

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે, જ્યારે રસૂલે કરીમ علیہ الصلوٰۃ والسلامની વફાત થઈ તો હું યુવાન હતો. મેં એક અન્સારી યુવાનને કહ્યું કે આવો આપણે અસ્હાબે રસૂલ ﷺથી ઈલ્મ હાંસલ કરીએ અને મસાઈલના બારામાં તેમને પૂછીએ, એટલા માટે કે અત્યારે સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین મોટી સંખ્યામાં હાજર છે. (પણ કાલે એ નહીં હોય તો એમનો ઈલ્મ આપણે પ્રાપ્ત કરીને લોકોને જણાવીશું) એ અન્સારીએ કહ્યું, હે

ઈબ્ને અબ્બાસ ! તમારા પર આશ્ચર્ય છે, શું તમે સમજો છો કે લોકોને મસાઈલ પૂછવાની તમારાથી પણ જરૂરત પડશે, જ્યારે કે લોકોમાં જલીલુલ કદર સહાબીઓ મૌજૂદ હોય ?!

ફર્માવે છે કે તે મારી સાથે શરીક ન થયા, પરંતું હું ઈલ્મ પ્રાપ્તિ તરફ ધ્યાનિત થઈ ગયો અને અસ્હાબે રસૂલ ﷺથી હદીષ શીખવામાં લાગી ગયો. મને જ્યારે કોઈ સહાબીએ રસૂલના બારામાં જાણ થતી કે તેમની પાસે સરકાર علیہ التحیۃ والتسلیمની કોઈ હદીષ છે તો હું તેમની બારગાહમાં આવતો. જો તેમને બપોરના સમયે કૈલૂલા કરતા પામતો તો હું મારી ચાદરને પાથરીને તેમના દરવાજા પર સૂઈ જતો. હવા મારા ચહેરા પર ધૂળ ઉડાડતી રહેતી, ત્યાં સુધી કે તે બહાર તશરીફ લઈ આવતા તો ફર્માવતા, હે રસૂલુલ્લાહ ﷺના કાકાના પુત્ર ! તમને કઈ ચીજ અહીંયાં લઈ આવી ? તમે મારા તરફ પયગામ મોકલ્યો હોત તો હું જાતે જ હાજર થઈ જાત ! હું અર્ઝ કરતો કે નહીં ! મારો જ હક્ક છે કે હું હાજરી આપું. પછી હું અર્ઝ કરતો કે મારા સુધી એક હદીષ આપના હવાલાથી પહોંચી છે કે આપ એને રસૂલુલ્લાહ ﷺથી રિવાયત કરો છો, એટલા માટે હું આપનાથી જ એને સાંભળવા ચાહું છું.

બાદમાં મારો તે સાથી મને જોતો રહેતો હતો કે રસૂલે કરીમ ﷺના જલીલુલ કદર સહાબીઓનો ઈન્તેકાલ થઈ ગયો અને લોકો મારી આસપાસ ભેગા થઈ ગયા અને મને મસાઈલ પૂછવા લાગ્યા. મારા તે સાથી કહ્યા કરતા હતા કે આ નવયુવાન મારા કરતાં અધિક બુદ્ધિમાન નીકળ્યો.

એ જ પ્રમાણે હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما કહ્યા કરતા હતા કે મેં અધિકતર ઈલ્મ આ અન્સારના મહોલ્લામાં હાંસલ કર્યો. હું અહીં આવીને કોઈના દરવાજા પર સૂઈ જતો હતો. જો હું તેમના ઘરમાં જવાની ઈજાઝત માગતો તો તે મને આપી દેતા, પરંતુ હું તેમના આરામનો ખયાલ રાખતો હતો. *(સુનને દારમી, ૧/૧૦૩)*

ઈતિહાસના અભ્યાસથી જાણવા મળે છે કે જે અકાબિર ઉલમાએ કિરામે ઈલ્મ પ્રાપ્તિ માટે તકલીફો ઉઠાવી છે તેમને અલ્લાહ તઆલાએ ઈલ્મની દૌલતથી માલામાલ કર્યા. એટલા માટે કહેવામાં આવ્યું છે કે :–

''જે મહેનત તથા કોશિશ વિના ઉચ્ચતાનો તલબગાર બને છે તે પોતાની જિંદગી અશક્ય ચીજની પાછળ વેડફી રહ્યો છે.''

એ જ પ્રમાણે કહેવામાં આવ્યું છે કે :–

''જે સરબુલંદી ચાહે છે તે શબબેદારીને આદત બનાવી લે છે.''

## ઈલ્મની તલબમાં રાત દિવસ સફર કરવી

મશહૂર તાબઈ હઝરત સઈદ બિન મુસૈયિબ رضی اللہ عنہ ફર્માવે છે કે એક એક હદીષના માટે હું દિવસો તથા રાતોમાં પગપાળા ચાલ્યો છું, ત્યારે ક્યાંક મહાન હેતુ પ્રાપ્ત થયો.

*–(સફહાત મિન સબરિલ ઉલમા, પેજ : ૨૨)*

## ઈમામે આ'ઝમની ખિદમતગુઝારી તથા સાવધાની

હમ્માદ બિન અબી સુલૈમાનની બહેન આતિકા رحمۃ اللہ علیہا ફર્માવે છે : નોઅમાન (ઈમામ અબૂ હનીફા رحمۃ اللہ علیہ) તાલિબે ઈલ્મીના (વિદ્યાર્થીકાળ)માં અમારા ઘરની બહાર અમારુ રૂ પીંજયા કરતા હતા અને દૂધ, શાકભાજી વગેરે બજારથી ખરીદી લાવતા હતા. જ્યારે કદી કોઈ મુસ્તફતી (ફત્વો પૂછનાર) દરવાજા પર આવતો અને મસ્અલો પૂછતો તો તેને જવાબ આપી દેતા. પછી પ્રશ્ન કરનારને કહેતા, થોડીવાર થોભી જાવ હમણા આવું છું. પોતાના ઉસ્તાદ હઝરત હમ્માદ رحمۃ اللہ علیہની પાસે જતા અને કહેતા કે બહાર એક શખ્સ આવ્યો છે તેણે મને આ

મસ્અલો પૂછયો છે અને મેં તેને આ જવાબ આપ્યો છે. આપની આ મસ્અલામાં શું રાય છે ?

હઝરત હમ્માદ رحمۃ اللہ علیہ ફર્માવતા : આ હદીષ ઉલમાએ વર્ણવી છે. આપણા અસ્લાફ (પૂર્વજ બુઝુર્ગો)નો આદેશ આ છે અને ઈબ્રાહીમ નખઈ رحمۃ اللہ علیہએ આ ઈર્શાદ ફર્માવ્યો છે. પછી નોઅમાન તેમનાથી ઈજાઝત તલબ કરતા કે આ વાત આગળ વર્ણવી દઉં ? તેમની ઈજાઝત બાદ આગળ રિવાયત કરી દેતા.

## હઝરત ઉરવા رحمۃ اللہ علیہની ઈલ્મની તલબ

હઝરત ઉરવા બિન ઝુબૈર رحمۃ اللہ علیہ ફર્માવે છે : જયારે મને કોઈ મુહાજિર સહાબીના હવાલાથી કોઈ હદીષ પહોંચતી તો તે હદીષને તેમનાથી સાંભળવા માટે તેમના ઘરે હાજર થતો. તે કૈલૂલા કરી રહ્યા હોતા તો હું તેમના દરવાજા પર બેસી જતો. જ્યારે તે બહાર તશરીફ લાવતા તો તેમને પૂછી લીધા કરતો હતો. *(તારીખુલ ઈસ્લામ લિઝ્ઝહબી)*

## ઈમામ ઝહ્‌રીએ ઉઠાવેલ તકલીફો

આપ હદીષના ઘણા જ મહાન ઈમામ હતા. આપે ઈલ્મની તલબમાં ઘણી તકલીફો વેઠી છે. ઈલ્મની તલબમાં તખ્તા તથા કાગળનાં પીલ્લાં ઉઠાવી ઉઠાવીને દીવાનાવાર ફરતા. દુનિયા એ જોઈને હસતી, પણ એ પોતાની ધુનમાં મગ્ન હતા. ઈમામ ઝહ્‌રીના દર્સના સાથી અબૂઝ્ઝનાદ કહેતા હતા કે અમો કેવળ હલાલ તથા હરામના સંબંધી હદીષો લખતા, પરંતુ ઝહ્‌રી જે કાંઈ સાંભળતા તે લખી લેતા. જયારે લોકોના કેન્દ્રસ્થાન બન્યા ત્યારે ખબર પડી કે તે સૌના પર અગ્રતા પામી ગયા.

*–(તઝકેરતુલ હુફ્ફાઝ, ૧/૪૩)*

## ઈમામ અબૂ યૂસુફે વેઠેલી તકલીફો

હઝરત ઈમામ અબૂ યૂસુફ رحمۃ اللہ علیہ ફર્માવે છે : મારી સાથે પઢવાવાળાઓની આમ તો મોટી જમાઅત હતી, પરંતુ જે બિચારાના દિલની આગતા સ્વાગતા દહી વડે કરવામાં આવી હતી તેણે જ લાભ ઉઠાવ્યો.

તાલિબે ઈલ્મીમાં ઘરવાળાં મારા ખાવાની વ્યવસ્થા એ રીતે કરતાં કે અમુક રોટીઓ દહી કે દૂધની સાથે રાખી દેવામાં આવતી જેને ખાયને સવાર સવારમાં હલકાઓમાં (ઈલ્મની તા'લીમ લેનારાઓના ગૃપમાં) હાજર થઈ જતો. પરંતુ જેઓ એ રાહ જોવામાં રહેતા કે એમના માટે હરીસા (એક પ્રકારનું ખાણુ જે ઘઉંના આટા, બાફેલા ગોશતનું પાણી તથા દૂધ વડે પકાવે છે) અથવા હલવો તૈયાર થાય તો તેનો નાશ્તો કરીને જઈએ, તો જાહેર છે કે તેમના સમયનો ઘણો ખરો હિસ્સો રાહ જોવામાં વહી જતો. એટલા માટે જે ચીજો મને માલૂમ થઈ તેનાથી આ હરીસા તથા હલવાવાળા લોકો મહેરૂમ રહ્યા.

*–(કશ્કોલ, પેજ : ૭૪)*

આપના આ કહેવાનો મતલબ એ હતો કે તાલિબે ઈલ્મીના સમયમાં ઈમામ અબૂ યૂસુફ رحمۃ اللہ علیہના ઘરવાળાં તેમના માટે રોટી દૂધમાં રાખીને મૂકી દેતાં હતાં, તેને જ સવારના સમયે ખાયને દર્સના વર્તુળમાં સામેલ થઈ જતા અને પછી પરત આવીને પણ તે જ ખાતા હતા. કોઈ ઉમદા ખાણાની રાહ જોવામાં સમય વેડફતા ન હતા. અને અન્ય લોકો હલવો, હરીસા વગેરે તૈયાર કરવામાં મશગૂલ થઈને સબક઼ના એક હિસ્સાથી મહેરૂમ રહી જતા હતા.

એમાં કોઈ શંકા નથી કે કમાલની પ્રાપ્તિ પ્રતિ માણસ પોતાના દિલને જ્યાં સુધી પૂર્ણપણે વાળી ન દે ત્યાં સુધી કમાલ હાંસલ નથી થઈ શકતો. અલ્લાહ તઆલાની સુન્નતે મુબારકા છે કે દરેક શખ્સને તેની કોશિશોનું ફળ જરૂર અર્પણ કરે છે, તેને વેડફતો નથી. .......*(ક્રમશઃ)*

# ગૈર મુક઼લ્લિદોના ગુમરાહ કરનાર અક઼ીદા

રજૂકર્તા : હાફિઝ અબ્દુર્રહમાન દાઊદ નક઼શબંદી પારખેતી (મુતઅલ્લિમ : જામિઆ અશરફિયા–મુબારકપુર)

*અંગ્રેજોએ જેવી રીતે તુર્કી ઉષ્માની સુન્ની હુકૂમત કે જેમણે અરબસ્તાનમાં ૬૦૦ વરસો સુધી ઈસાઈઓને જંગના મેદાનમાં ફાવવા ન દીધા તો પછી તેમણે ચર્ચાઓ મીટિંગોને અને વિચારણાઓને અંતે મુસ્લિમ વેશમાં જાસૂસો થકી એ માર્ગ અપનાવ્યો કે મુસલમાનોમાં વિખવાદ ખડો કરે એવા માણસોને લાલચો આપી ખરીદવામાં અને તેમના અક઼ીદાઓમાં વિવાદ ઉભો કરી અંદરો અંદર લડાવીને તેમની શક્તિને વેરવિખેર કરી દેવામાં આવે. એ પ્લાન હેઠળ ઈબ્ને સઊદને તથા મુહમ્મદ ઈબ્ને અબ્દુલવહાબ નજદીને ખડા કર્યા અને વહાબિયતનો ફિત્નો અરબની ભૂમિ પર પાંગરવા માંડયો. અને હિંદમાં એ જ નજદી (જન્મ : હિ.સ. ૧૧૦૫)ની કિતાબ "કિતાબુત્તૌહીદ"ની ઉર્દૂ આવૃત્તિ રજૂ કરનાર મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ "તક઼વિયતુલ ઈમાન" નામની કિતાબ લખી અંગ્રેજોના જોરે પ્રથમ ૧ લાખ કોપી છપાવીને તેને ફેલાવી, જેમાં નબી વલીની શાનમાં ભરપુર ગુસ્તાખીઓ કરવામાં આવી, જેનાથી હિંદના મુસલમાનો આપસમાં લડવા લાગ્યા અને એ લડાઈની આગ હજી સુધી આગળ ચાલતી જ રહે છે. મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ પ્રથમ ગૈર મુક઼લ્લિદિયતને ફેલાવવા ચાહ્યું પણ તેમાં ત્યારે સફળતા ન મળતાં પોતાને મુક઼લ્લિદ જાહેર કરેલ. આમ એક સાથે બે ફિર્ક઼ાઓ એક વહાબી દેવબંદી તથા બીજો વહાબી ગૈર મુક઼લ્લિદ ફિર્ક઼ાનો પાયો નાખ્યો. (વધુ માટે વાંચો કિતાબ "રહનુમાએ હક઼્ક઼" જે અમારા કાર્યાલયમાં મળે છે.)*

*અત્રે અમો, વહાબી ગૈર મુક઼લ્લિદો જેઓ પોતાને "અહલે હદીષ" કહેવડાવે છે, તેમના ગુમરાહકુન અક઼ીદાથી નાવાકેફ ભોળા સુન્નીઓને સાવચેત કરીએ છીએ એને વાંચો અને તેમની ગુમરાહીઓથી બચી પોતાના તથા પોતાની ઔલાદના ઈમાનને બચાવો. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

ગૈર મુક઼લ્લિદોના ખતીબ અને શૈખ તોસીફુર્રહમાન લખે છે, જે તે ફિર્ક઼ાના અક઼ીદા તે ફિર્ક઼ાના ઉલમા તથા અગ્રેસરો નિશ્ચિત કરે છે.

*(કયા ઉલમાએ દેવબંદ અહલ સુન્નત હૈં ?! પેજ : ૮)*

આવો ! જોઈએ ગૈર મુક઼લ્લિદોના તથા અહલે હદીષોના ઉલમાએ પોતાના મસ્લક માટે કયા અક઼ીદા નક્કી કર્યા છે :–

**(અક઼ીદા નં. 01)**

**★ અલ્લાહના માટે મકાન તથા જગા નિશ્ચિત કરવું ★**

ગૈર મુક઼લ્લિદોના મુજદ્દિદ નવાબ સિદ્દીક઼ હસનખાં સાહેબ લખે છે :–

"ખુદા અર્શ પર બેઠો છે અને અર્શ તેનું મકાન છે અને બંને પગો પોતાની કુર્સી પર રાખે છે અને

કુર્સી તેના પગ મૂકવાનું સ્થળ છે અને ખુદાની જાતની દિશા ઉપર (ની તરફ) અને સાઈડ ઉપરની બાજુ છે અને તેની બુલંદી દિશામાં છે અને તે અર્શ પર રહે છે અને દરેક રાત્રીએ આસમાને દુનિયા પર ઉતરે છે. અને તેના માટે ડાબો, જમણો હાથ અને પગો તથા હથેળી અને આંગળીઓ અને બે આંખો અને મોઢું અને પિંડલી વગેરે બધી વસ્તુઓ કૈફના વગર સાબિત છે. અને જે આયતો આના વિશે છે. બધી મોહકમ (સચોટ, સ્પષ્ટ) છે, આયાતે મુતશાબેહાત નથી."

*(હવાલો : રિસાલતુમ એહતેવા અલા મસ્અલતિલ ઈસ્તિવા)*

**નોંધ** : અલ્લાહ મકાન, શરીર તથા અંગોથી, દિશા વગેરેથી પાક છે એ ઈસ્લામી અક઼ીદો છે, જ્યારે આ ગૈર મુક઼લ્લિદોના પેશવા ખુદા માટે એ સર્વને માનીને સૌને ગુમરાહ કરી રહેલ છે.

### (અક઼ીદા નં. ૦૨)

### ★ અલ્લાહ તઆલા દરેક સ્વરૂપમાં જાહેર થઈ શકે છે ★

ગૈર મુક઼લ્લિદોના અલ્લામા વહીદુઝ્ઝમાં લખે છે :–

"અલ્લાહ તઆલા જે રૂપમાં ઈચ્છે જાહેર થઈ શકે છે." *(હદિયતુલ મહદી, પેજ : ૭, ૯)*

એટલે જે રીતે ઈસાઈઓ કહે છે કે અલ્લાહ તઆલા ઈસા عليه السلامના રૂપમાં જાહેર થયો અને હિંદુઓ કહે છે કે કૃષ્ણ અને રામચંદ્રના રૂપમાં જાહેર થયો. (મઆઝલ્લાહ !)

સામરી કહેતો હતો કે વાછરડાના રૂપમાં જાહેર થયો, તો ગૈર મુક઼લ્લિદોના પ્રમાણે આ અક઼ીદા દુરુસ્ત છે.

**નોંધ** : અલ્લાહ કોઈ સ્વરૂપ (અવતાર)થી પાક છે એ ઈસ્લામી અક઼ીદો છે.

### (અક઼ીદા નં. 03)

### ★ અલ્લાહ મજાક કરે છે ! ★

વહીદુઝ્ઝમાં સાહેબ લખે છે કે ! :–

"અને અલ્લાહ તઆલાની સિફતે ફાઈલિય્યા હાદિષામાંથી મજાક કરવુ અને ઠઠ્ઠો કરવું અને ફરેબ કરવો અને ધોકો આપવો, દાવપેચ છે."

(મઆઝલ્લાહ !) આવી નીચ હરકતોને અલ્લાહ તઆલાની સિફત ઠરાવી અને આ અક઼ીદો ગૈર મુક઼લ્લિદોના તે જ બુઝુર્ગોનો છે જેમનો પરિચય અક઼ીદા નં. ૨માં ગુજર્યો છે.

### (અક઼ીદા નં. ૦૪)

### ★ હુઝૂર ﷺની સર્વ વાતો તથા બધાં કામો સારાં નથી ! ★

પ્રખ્યાત ગૈર મુક઼લ્લિદ અબૂ અબ્દુલ્લાહ કુસૂરી સાહેબ લખે છે :–

"હુઝૂર ﷺના બધાં કામો અને ફર્માનો શરીઅત બનાવનારા તથા સારા છે અને બિલકુલ માસુમ હોવું (ગુનાહોથી) આપના માટે સાબિત નથી. નહીં તો સહાબા આપની અમુક ભૂલો પર વાંધો ન ઉઠાવતા. *(તેહક઼ીકુલ કલામ ફી મસ્અલતિલ્ બૈઅતી વલ્ ઈલ્હામ, બહવાલા : ગૈર મુકલ્લિદ કે મુતઅલ્લિક઼ અરબો અજમ કે ફત્વે, પેજ : ૨૪)*

### (અક઼ીદા નં. ૦૫)

### ★ હુઝૂર ﷺનું મંતવ્ય માન્ય નથી ★

ગૈર મુક઼લ્લિદોના પ્રખ્યાત આલિમ મુહમ્મદ જુનાગઢી લખે છે કે :–

"સાંભળો ! બુઝુર્ગોનું, મુજતહિદો તથા ઈમામોનું મંતવ્ય, ક઼યાસ, ઈજતેહાદ અને તેમના વચનો તો ક્યાં ? ઈસ્લામી શરીઅતમાં તો ખુદ પૈગંબર પણ પોતાના તરફથી વગર વહી ઉતરે કાંઈક ફર્માવે તો દલીલ નથી." *(તરીક઼ે મુહમ્મદી, પેજ : ૭૦)*

### (અક઼ીદા નં. ૦૬)

**★ અંબિયા عَلَیۡہِمُ السَّلَام માસૂમ નથી ★**

ગૈર મુક઼લ્લિદ આલિમ હુસૈનખાં સાહબ લખે છે :–

"અંબિયા عَلَیۡہِمُ السَّلَامથી દીની એહકામમાં ભૂલ ચૂક થઈ શકે છે." *(રદ્દે તક઼લીદ બિલ્ કિતાબિલ્ મજીદ, સંપાદક : મૌલાના હુસૈન ખાન, ફારૂક઼ી પ્રેસ–દિલ્હી, બહવાલા : જામિઉરરાશવાહિદ, પેજ : ૧૪)*

**નોંધ** : આ કિતાબ પર મોલ્વી નઝીરહુસૈન દહેલ્વી અને જનાબ હુસૈન દહેલ્વી વગેરે ગૈર મુક઼લ્લિદોના મોટેરાઓના સહી સિક્કા પણ છે.

### (અક઼ીદા નં. ૦૭)

**★ ૧૨ ઈમામો અને હઝરત ફાતિમા માસૂમ છે ★**

પ્રખ્યાત આલિમ મુલ્લા મોઈન તહતાવી સિંધી સાહેબ લખે છે કે :–

"૧૨ ઈમામો અને હઝરત ફાતિમતુઝ્ ઝહરા માસૂમ છે. એટલે તેમનાથી ભૂલ અશક્ય છે. સાથે જ હુઝૂર ﷺનું માસૂમ હોવું અક્કલથી સાબિત છે અને ઈમામ મહદીનું માસૂમ હોવું રિવાયતોથી સાબિત છે." *(દિરાસતુલ્ લુબાબ,પેજ : ૨૨૯, ૨૩૯)*

**નોંધ** : જેમને માસૂમ માનવા એ ઈસ્લામી અક઼ીદો છે તેમને (નબીઓને) અક઼ીદા નં. ૬માં કહી દીધું કે "માસૂમ નથી" અને અહીં જેઓ ઈસ્લામી અક઼ીદા પ્રમાણે માસૂમ નથી તેમને કહી દીધા કે માસૂમ છે ! આ છે તેમની ગુમરાહી ! *–પ્રકાશક*

### (અક઼ીદા નં. ૦૮)

**★ ગૈર મુક઼લ્લિદોના નબીઓમાં રામ, લક્ષ્મણ તથા કૃષ્ણ પણ છે ! ★**

ગૈર મુક઼લ્લિદોના અલ્લામા વહીદુઝ્ઝમાં સાહેબ લખે છે કે :–

"આપણા માટે જાઈઝ નથી કે આપણે બીજા નબીઓની નબુવ્વતનો ઈન્કાર કરીએ, જેમનું વર્ણન અલ્લાહ તઆલાએ કુર્આનમાં નથી કર્યું અને કાફિરો વચ્ચે હમેશાંથી તેઓ મશ્હૂર છે.

એમાં કોઈ શક નથી કે તેઓ નેક નબીઓ હતા જેમ કે રામચંદ્ર, લક્ષ્મણ, કૃષ્ણજી જે હિંદુઓમાં છે, અને જેમ કે ઝોરશી જે ઈરાનીઓમાં છે, અને કોન્ફ્યુસ તથા મહાત્મા બુધ્ધ જે ચીન અને જાપાનમાં છે, અને સુકરાત તથા ફૈસા ગોરિસ જે યુનાન (ગ્રીક)માં છે.

આપણા પર વાજિબ છે કે આપણે એવું કહીએ કે અમે તે બધા નબીઓ અને રસૂલો પર ઈમાન લાવ્યા અને એમનામાંથી કોઈ એકમાં પણ તફાવત નથી રાખતા અને અમે આ બધાનો હુકમ માનનારા છીએ." *(હદયતુલ્ મહદી, પેજ : ૮૫)*

### (અક઼ીદા નં. ૦૯)

**★ નબી અને વલી એક જ સમયે જમીન આસમાનની બધી વાતો જાણી શકે છે ★**

વહીદુઝ્ઝમાં સાહેબ લખે છે :–

"જો કોઈ આ અક઼ીદો રાખે છે કે નબી ﷺ અથવા હઝરત અલી کرم اللہ وجہہ الکریم અથવા કોઈ અન્ય વલીઓમાંથી સામાન્ય લોકો કરતાં વધુ સાંભળી શકે છે ત્યાં સુધી કે આખી દુનિયા અને જમીનના દૂર તથા નજીકના ખૂણેથી પણ સાંભળી લે છે તો આ શિર્ક નથી. *(હદયતુલ્ મહદી, પેજ : ૨૫)*

### (અક઼ીદા નં. ૧૦)

**★ યા રસૂલલ્લાહ, યા અલી, યા ગ઼ૌષ પોકારવું સહીહ છે ★**

વહીદુઝ્ઝમાં સાહેબ ગૈર મુક઼લ્લિદોના

અકીદા બયાન કરતાં લખે છે :–

''આનાથી એ વાત સાબિત થઈ ગઈ કે સામાન્ય લોકોના યા રસૂલલ્લાહ ! (ﷺ) અને યા અલી ! અથવા યા ગૌષ ! પુકારવા પર અમે શિર્કનો હુકમ નહીં લગાડીએ.''

*(હદયતુલ મહદી, પેજ : ૨૪)*

**નોંધ** : આ વહાબીઓ જ્યારે સુન્નીઓ જમીન તથા આસ્માનની ગયબની વાતો અલ્લાહની અતાથી નબી વલીઓ જાણી શકે એવું કહે તો તેમને મુશ્રિક કહે છે, તથા નબી વલીને ''યા''થી પોકારવાને શિર્ક કહે છે, તો હવે આ તેમના પેશવા વહીદુઝ્ઝમાંને શું કહેશે ?!

**★ સહાબાની શાનમાં ગુસ્તાખી ! ★**

મશ્હૂર ગૈર મુકલ્લિદ આલિમ વહીદુઝ્ઝમાં લખે છે :–

''.......એનાથી માલૂમ પડયું કે, **બેશક ! સહાબા** رضوان اللہ تعالیٰ علیہم اجمعین**માં અમુક ફાસિક** છે જેમ કે વલીદ બિન ઉક્બા رضی اللہ عنہ અને એ પ્રમાણે કહેવામાં આવશે મુઆવિયા બિન અબૂ સુફયાન رضی اللہ عنہના હક્કમાં તથા અમ્ર બિન આસ رضی اللہ عنہ, મુગીરા બિન શોબા رضی اللہ عنہ, સમુરહ બિન જુન્દુબ رضی اللہ عنہના માટે કહેવાશે. અને સહાબાના આદિલ હોવાનો મતલબ એ છે કે તેઓ નબી ﷺની વાત નક્લ કરવામાં સાચા છે, ન એ કે તેઓ માસૂમ છે.''

*–(નુઝુલુલ અબરાર, ૩/૯૪)*

**નોંધ** : કેટલા સાફ શબ્દોમાં હુઝૂર ﷺના સહાબાને ફાસિક કહી દીધા. (અલ્લાહની પનાહ !) તેમનો આ અકીદો કુર્આન હદીષની વિરુદ્ધ અને શીઆઈયતનો સમર્થક છે.

અને ગુસ્તાખીની હદ તો એ છે કે મશ્હૂર ગૈર મુકલ્લિદ આલિમ નવાબ સિદ્દીક હસનખાંના પુત્ર નવાબ નૂરુલ હસનખાં લખે છે :–

''અને પોતાના હાથ વડે મની (વિર્ય) કાઢવું મના હોવાની હદીષો સહીહ તથા સાબિત નથી, બલ્કે અમુક અહલે ઈલ્મે નક્લ કરેલ છે કે સહાબા પણ પોતાના ઘરોએથી દૂર રહેવાના સમયે પોતાના હાથો વડે મની કાઢતા હતા. (નઊઝુબિલ્લાહ !) અને આ કામમાં કોઈ વાંધો પણ નથી.

*–(ઉર્ફુલ્જ઼ાદી, પેજ : ૨૦૭)*

**નોંધ** : હદીષોમાં હુઝૂર ﷺએ હસ્ત મૈથૂન કરનારને ''મલઊન'' (લઅનત કરવામાં આવેલ) કહેલ છે. જ્યારે આ બદ્દબખ્ત મોલ્વી સહાબા માટે કેવી ગુસ્તાખીની વાત લખે છે ? અલ્લાહની પનાહ !

**★ સહાબા رضی اللہ عنہની કોઈ હુજ્જત (દલીલ) નથી ! ★**

ગૈર મુકલ્લિદોના શૈખુલ કુલ મિયાં નઝીર હુસૈન દહેલ્વી સાહબ લખે છે :–

''તો એ હઝરત આઈશા رضی اللہ عنہا પોતાની સમજથી ફર્માવે છે. અને સહાબાની સમજ શરઈ દલીલ નથી.' *(ફતાવા નઝીરિયહ, ૧/૬૨૨)*

અને મશહૂર ગૈર મુકલ્લિદ નવાબ નૂરુલ હસનખાં સાહબ લખે છે :–

''ઉસૂલમાં એ વાત નિશ્ચિત છે કે સહાબીનો કૌલ હુજ્જત નથી.'' *(ઉર્ફુલ જઅદી, પેજ :૧૦૧)*

**★ હઝરત અલી رضی اللہ عنہની શાનમાં તૌહીન ★**

મશ્હૂર ગૈર મુકલ્લિદ હકીમ ફૈઝાન આલમ સિદ્દીકી લખે છે :–

''આપ હઝરત અલી رضی اللہ عنہને ઉમ્મતે પોતાના ખલીફા મુન્તખબ કર્યા (ચૂંટી કાઢયા) ન હતા. આપ દુનિયાએ અસ્બાબિયતથી મુન્તખબ કરેલા ખલીફા હતા.

વધુ પેજ 36 પર..

# ભીવંડી હેરા ઈંગ્લિશ સ્કૂલમાં ઈનામ વિતરણનો પ્રોગ્રામ

કાર્યાલય

**ભીવંડી** : ખાતે હેરા ઈંગ્લિશ સ્કૂલ (સંચાલિત આલમી તેહરીક સુન્ની દા'વતે ઈસ્લામી)ના હઝરત સૈયદ ગુલામમુહમ્મદ ગુલામઅલી દાદાબાપુ (સાવરકુંડલાવાળા)ના અધ્યક્ષપણામાં થયેલ ઈનામી પ્રોગ્રામમાં તા. ૮–૭–૨૦૧૮ના રોજ લેક્ચર આપતાં અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી મૌલાના મુહમ્મદશાકિર નૂરી (ચેરમેન : હેર ઈંગ્લિશ સ્કૂલ)એ જણાવ્યું કે, "આજનો દૌર હરીફાઈનો દૌર છે અને એ ઈન્સાની ફિતરતમાં સામેલ છે. કુર્આને કરીમે આ ઈન્સાની ફિતરતનો ઉલ્લેખ કર્યો છે અને પોતાના માનવાવાળાઓને ખૈરનાં કામોમાં એકબીજા પર અગ્રતા મેળવી જવાની તા'લીમ આપી છે. તા'લીમો તઅલ્લુમ (ભણવું ભણાવવું) પણ મહત્વનું ભલાઈનું કાર્ય છે." વિદ્યાર્થીઓના પ્રોત્સાહન માટે ઈનામ વિતરણનો પ્રોગ્રામ વિદ્યાર્થીઓ, ટીચર્સ તથા વાલીઓ તથા મહાનુભવોની મૌજૂદગીમાં યોજાયો. મૌલાના મૌસૂફે છેવટમાં ફર્માવ્યું કે, "અલ્લાહના ફઝ્લો કરમથી આપણી સ્કૂલનું રિઝલ્ટ ૧૦૦% આવ્યું. હું મારા ટીચર્સ તથા વિદ્યાર્થીઓથી અપીલ કરું છું કે તેઓ આ કક્ષાને ભાવિમાં પણ યથાવત રાખવાની કોશિશ કરે." આપે કહ્યું કે, "અમે અમારા વિદ્યાર્થીઓની ઉચ્ચ તા'લીમની પ્રાપ્તિના માટે સર્વ શક્ય તે સુવિધાઓ પૂરી પાડવા તૈયાર છીએ. માબાપ પોતાનાં બાળકોના ઉજ્જવળ ભવિષ્યની ફિકર કરે અને તેમના સમયો ક્યાં ખર્ચાય રહ્યા છે એના પર નજર રાખે."

પ્રોત્સાહક પ્રોગ્રામના મુખ્ય મહેમાન હઝરત સૈયદ દાદામિયાં બાપુ (સાવરકુંડલાવાળા) કાદરી ફાતમીએ સંબોધન કરતાં જણાવ્યું કે આપણા નબી ﷺ મોઅલ્લિમે કાઈનાત બનીને આવ્યા હતા અને આપણા નબી ﷺનો આદેશ છે : "મને સારા અખ્લાકની પૂર્ણતાના માટે મોકલવામાં આવ્યો છે." જેથી એ જાણવા મળ છે કે કેવળ ઈલ્મ હાંસલ કરી લેવો આપણો હેતુ ન હોવો જોઈએ, બલ્કે ઈલ્મ પર અમલ કરવો પણ જરૂરી છે. આપે કહ્યું કે ઘણી બધી સ્કૂલોમાં શિક્ષણ તો આપવામાં આવે છે પરંતુ કેળવણી પર ધ્યાન ખૂબ ઓછુ હોય છે. પણ આપણી એ કોશિશ હોવી જોઈએ કે શિક્ષણની સાથોસાથ અખ્લાકની તર્બિયત પર પણ ખાસ ધ્યાન આપવામાં આવે.

અલ્હમ્દુલિલ્લાહ ! આ વર્ષે પણ હેરા ઈંગ્લિશ સ્કૂલથી ૬૯ વિદ્યાર્થીઓએ S.S.C. બોર્ડ માટે ફોર્મ ભરેલાં. અલ્હમ્દુલિલ્લાહ ! અમને એ વાતની ખુશી છે કે આ સ્કૂલના પાંચ વિદ્યાર્થીઓએ મેરીટ લિસ્ટના આધારે ટોપ કલાસ મેળવ્યો છે જેમાં અન્સારી નવશાબા મિસ્બાહુર્રહમાને ૯૫.૮૦% હાંસલ કરીને ભીવંડીની સ્કૂલોમાં પ્રથમ નંબર મેળ વ્યો છે. હેરા ઈંગ્લિશ સ્કૂલના બીજા ખુશનસીબ ટોપર અન્સારી મઅવઝ અહમદ હુસૈન ૯૩.૮૦%, ત્રીજા નંબર પર શૈખ મુહમ્મદ કૈફ મુહમ્મદ સુલ્તાન ૯૦.૮૦% તદ્ ઉપરાંત હેરા ઈંગ્લિશ સ્કૂલની નાની ટોપર અન્સારી સાઈમ તુફૈલ અહમદ ૯૦.૪૦% તથા ભૂરે અબ્દુલ્લાહ સરવશ ૯૦.૪૦%ની સાથે પાંચમાં નંબર પર રહ્યા. એના ઉપરાંત ૧૮ ખુશ નસીબ વિદ્યાર્થીઓએ ૭૫ થી ૮૯ % હાંસલ કરીને પોતાની સ્કૂલ, ટીચરો, મા બાપ તથા શહેરનું નામ રોશન કર્યું છે.

પ્રોગ્રામમાં મુખ્ય મહેમાન હઝરત દાદાબાપુના ઉપરાંત કારી રિઝવાનખાન સાહબ (પ્રિન્સિપાલ : હાશમિયા સ્કૂલ–મુંબઈ), જનાબ મુહમ્મદઅલી મો'મિન સાહબ, જનાબ સિદ્દીકભાઈ બાબલા તથા અન્ય સ્કૂલોના ટીચર્સ હાજર રહ્યા હતા. મેમન ઈરફાન સરે મહેમાનોની ઓળખ આપી અને તેમનું સ્વાગત કર્યું. મુહમ્મદ તન્વીર વિદ્યાર્થી હેરા ઈંગ્લિશ સ્કૂલની તિલાવતથી આ પ્રગ્રામની શરૂઆત થઈ અને હુઝૂર અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીની દુઆઓ પર સમાપ્ત થયો.

***રજૂકર્તા : મૌલાના હસીબ અહમદ અશરફી*** *(મીડિયા ઈન્ચાર્જ : હેરા ઈંગ્લિશ સ્કૂલ–મહાપોલી, મો. ૯૫૪૫૯૦૮૧૮૫)*

# માસુમ
## ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ



૨૫ વર્ષના અનુભવી

ઉમરાહ પ્રોગ્રામ ૨૦૧૮-૧૯

✤ ઓક્ટોબર-૨૦૧૮ ✤ નવેમ્બર-૨૦૧૮

ઈદે મીલાદશરીફ મદીનાશરીફમાં

✤ ડિસે. ૨૦૧૮ ✤ જાન્યુ. ૨૦૧૯

✤ ફેબ્રુ. ૨૦૧૯ ✤ માર્ચ-૨૦૧૯

ભરૂચના ભઠિયારાના હાથથી બનાવેલ સ્વાદિષ્ટ સવારનો ચા નાસ્તો તથા બપોર-સાંજનું જમણ

ઉમરાહ ૨૦૧૮-૧૯ નું બુકીંગ ચાલુ છે.

સુવિધાઓ ★ ૫ લિટર ઝમઝમ ★ ફ્રી લોન્ડ્રી સર્વિસ ★ ઉમરાના અરકાન તથા મક્કા મદીના શરીફની ઝિયારતો સાથે રહીને કરાવાશે. ડાયરેક્ટ ફ્લાઈટ સાઉદી એરલાઈન્સ.

બુક કર્યા પછી એરલાઈન્સ તથા સરકારી ટેક્ષમાં વધારો થશે તો તે વધારો લેવામાં આવશે નહીં.

સંપર્ક

હાજી ઈબ્રાહીમ અહમદ મોટલી (દયાદરાવાળા)
૪ મરીયમ કોમ્પ્લેક્ષ, મુસ્લિમ સોસાયટી પાસે,
જંબુસર રોડ, ભરૂચ, ગુજરાત-ઈન્ડિયા
મો. 9427582200, 9824108692, 9737868862



લકઝરી દ્વારા ભરૂચથી મુંબઈ એરપોર્ટ, રીટર્ન ભરૂચ ખાસ સેવા આપવામાં આવશે.


## હિસ્સાવાળી કુર્બાનીમાં ભાગ લેશો !

એક હિસ્સાના

**રૂા. ૨૬૦૦/-**

:: સંપર્ક કરો ::

**ઈસ્લામિક વલ્ફેર મિશન દયાદરા**

મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ,
પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧,
મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

:: વાંકાનેર ખાતે સંપર્ક કરશો ::
કારી શાહિદ રઝા અકબરી કોઠીવાળા
મો. ૯૯૨૫૬ ૫૫૨૬૬

:: ભરૂચ ખાતે સંપર્ક કરશો ::

| | |
|---|---|
| તારીકભાઈ શેખ-ભરૂચ | મો. ૯૪૦૮૭૩૬૯૬૫ |
| મુઈનભાઈ શેખ-ભરૂચ | મો. ૯૮૭૯૭૫૩૨૧૬ |
| હાફેઝ અબ્દુર્રહીમ સાહબ | મો. ૯૪૨૬૮૪૦૨૭૭ |
| યૂસુફભાઈ શેઠ-દયાદરા | મો. ૯૪૨૭૪૩૭૫૯૦ |
| શફીભાઈ ખંભાતવાલા | મો. ૯૯૦૪૫૯૬૬૮૨ |

**આ સંમતિ સાથે નામ નોંધાવશો :** "મેં મારા કુર્બાનીના જાનવરની ખરીદીથી લઈને ઝબહ સુધી તથા પછીના ખર્ચાઓ જેવા કે ભાડુ, ઘાસચારો, કસાઈની મજૂરી વગેરે તથા તેનો ગોશ્ત, ચામડુ વગેરે જેને ચાહે આપવાનો તથા જો રકમ બચી જાય તો તેને કોઈ પણ જાઈઝ કામમાં ખર્ચ કરવાનો દરેક પ્રકારનો અધિકાર સંચાલકોને આપ્યો."

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક) દયાદરા*

# બિલાલ હજ એન્ડ ઉમરાહ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

હજ્જ પ્રોગ્રામ-૨૦૧૮



લોન્ડ્રી ફ્રી, સવારે ચ્હા-નાસ્તો અને સવાર-સાંજ જમવાનું મળશે.

**ઉમરાહ ૨૦૧૮-૧૯નું બુકીંગ ચાલુ છે.**

મક્કા મદીનાની તમામ ઝિયારતો સાથે રહીને તથા અનુભવીને સાથે રાખીને કરાવવામાં આવશે તથા ઉમરાહના તમામ અરકાનો પણ સારી રીતે કરાવવામાં આવશે.

રવાનગી તા. એરલાઈન્સના બુકીંગ પ્રમાણે જાણ કરવામાં આવશે.
એરલાઈન્સ તથા સરકારી ટેક્ષમાં વધારો થશે તો તે વધારો લેવામાં આવશે.

સંપર્ક
**પટેલ ઈરફાન હાજી ઈસ્માઈલ નુનીયા (નબીપુરવાલા)**
અરબ સ્ટ્રીટ, મુ. પો. **નબીપુર**, તા. જી. ભરૂચ. ફોન : ૨૮૩૨૧૬
મો. ૯૮૯૮૫૧૨૩૫૭/૯૪૨૭૪૧૩૨૧૯/૯૮૨૫૫૮૮૩૧૬



લકઝરી દ્વારા નબીપુરથી મુંબઈ એરપોર્ટ રીટર્ન નબીપુર ખાસ સેવા આપવામાં આવશે.


## સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

- **શેખ યુવાન** : ઉંમર : ૨૭ વર્ષ, ઊંચાઈ ૫'.૪'' અભ્યાસ : T.Y. વ્યવસાય : મોબાઈલની દુકાન, માસિક આવક રૂા. ૨૦,૦૦૦/- મો. 9662355078, સાઈડ જોબ : G.H.G. પોલીસમાં નોકરી, આવક રૂા. ૫,૦૦૦/- (છોટા ઉદેપુર તરફ)
- **સૈયદ પીરઝાદા** : ગુજરાતની મશહૂર ખાનકાહના સૈયદઝાદા, ઉંમર : ૨૨ વર્ષ, એજ્યુકેશન : ૧૨ પાસ, કારી તથા ઈમામતની સનદ સાથે આલિમ વર્ગની પઢાઈ ચાલુ છે. સુંદર, દેખાવડી, સૈયદા, આલિમા, ફાઝિલા પસંદગીને પાત્ર. તો ખાનકાહી સાદાત ઘરનાવાળાં સંપર્ક કરે. (અમદાવાદ તરફ) **સંપર્ક** : મો. 98251 79936

**★ ઈન્તેકાલ પુરમલાલ ! ★ દયાદરા** : (તા. જિ. ભરૂચ) ખાતે અબ્દુલશા કાસમશા દિવાન તા. ૧૩-૬-૨૦૧૮, ૨૮ રમઝાનુલ મુબારક, હિ.સ. ૧૪૩૯ બુધવારના રોજ અલ્લાહની રહ્મતમાં પહોંચી ગયાં છે. તથા ગુલામભાઈ અ. મજીદ દૂધવાલા તા. ૧૬-૦૭-૨૦૧૮, ૦૨ ઝિલ કઅદ, હિ.સ. ૧૪૩૯ સોમવારના રોજ અલ્લાહની રહ્મતમાં પહોંચી ગયાં છે.

રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર-ભરૂચ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*